
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર

# કચ્છશ્રુતિ

❖ પાના નં. ૧ ❖ કુલ પેજ : ૪૪

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૩ ❖ ૧૫, સપ્ટેમ્બર, ૨૦૧૪ ❖ પ્રસિદ્ધ કર્યા તા. : ૧૦-૯-૨૦૧૪ ❖ કિંમત : રૂ. ૩/- ❖ તંત્રી : ભરત ઓઝા ❖ સહતંત્રી : દિનેશ માંકડ




Let's Move towards Nature...
All things will be destroyed with time but time never just like...
शाश्वत Green
Plots & Farmhouse
ACTUAL SITE PHOTOGRAPHS
CLUB HOUSE
CHILDREN PLAY AREA
RESTROOM IN CLUBHOUSE
INDOOR GAMES
SWIMMING POOL
JOGGING TRACK
READY POSSESSION N.A. PLOTS
Located in just 10 minutes away from TATA NANO, FORD, P. & G., PEUGEOT, HITACHI.
20 Minutes Drive From Ahmedabad.
Developer:
Shashwat Realtors
Hasmukh Patel: 9879608051,
Vinod Patel: 9879608054,
Anupam Patel: 9879608057.
Site Address:-
Shashwat Green
Village : Makhiyav, Nr. Mankol Cross Road,
Sanand - Nalsarovar Road, Dist.: Ahmedabad.

વર્ષ-૨૮ ◆ અંક-૩
૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૪


◆

**માનદ્ સલાહકાર**

શ્રી હંસરાજ કંસારા

◆

**તંત્રી મંડળ**


**શ્રી ભરત ઓઝા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૭૧૪૮૩૩
Email : ozabvo@gmail.com
**શ્રી દિનેશ માંકડ - સહ તંત્રી**
મો. ૯૪૨૭૯૬૦૯૭૯
Email : mankaddinesh1952@gmail.com


◆

**વ્યવસ્થાપક સમિતિ**

**શ્રી મનુભાઈ કોટડીયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨૭૫૦૭૮
**ડો. મુકેશ ચૌહાણ - સહ કન્વીનર**
મો. ૯૯૨૫૪૭૮૭૯૨

**★ વિભાગીય સંપાદન ★**

**મહિલા વિશ્વ** - રેખાબેન શુક્લ
**ગાંધીનગર ગાથા** - વર્ષાબેન મહેતા
**શબ્દ શોધ** - પ્રદિપ જોષી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**


શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૬.
ફોન : (કચ્છી સમાજ) ૦૭૯-૨૬૫૭૬૧૮૪
Email : kutchshruti@yahoo.com


◆

**Kutchshruti Available on www.asanjokutch.com**

◆

**કચ્છશ્રુતિ લવાજમ**

૨ વર્ષ : રૂા. ૫૦૦/-
૫ વર્ષ : રૂા. ૧૦૦૦/-
આજીવન - રૂા. ૧૫૦૦/-
ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ - અમદાવાદ' ના નામનો મોકલવો.

◆


'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' સંપાદન મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી


## આ અંકમાં...


❖ તંત્રી સ્થાનેથી ........ ૪
❖ અલગ કચ્છ રાજ્ય : એક અભ્યાસ (સુરેશચંદ્ર મહેતા) ........ ૬
❖ આ છે 'ક' વર્ગના કચ્છ રાજ્યનું વહીવટી તંત્ર (નરેશ અંતાણી) ........ ૧૫
❖ હિપ્નોટિઝમ : મનનો એક અદ્‌ભૂત અનુભવ (ડૉ. પ્રશાંત ભીમાણી) ........ ૧૭
❖ કચ્છના સમર્પિત કેળવણીકાર : સુમનભાઈ વૈદ્ય (ભરત'કુમાર' પ્રા. ઠાકર-અંજાર) .. ૧૯
❖ હવાઈ યાત્રા - તબીબી દ્દષ્ટિકોણથી (સંકલન-ડૉ. મયંક કિશોરચંદ્ર છાયા) ........ ૨૦
❖ નાળિયેરી (દિલીપ વૈશ્નવ-અમદાવાદ) ........ ૨૨
❖ ડૉ. પી. સી. વૈદ્ય - એક ગણિતશાસ્ત્રી (ઈન્દ્રવદન હ. અંતાણી) ........ ૨૪
❖ એટેચી (બિપીન ધોળકીયા) ........ ૨૬
❖ સ્ત્રીઓની સર્વાંગી પ્રગતિ માટે સજજ બુધવારિયું મંડળ (પ્રા. સૂર્યકાન્ત ભટ્ટ) ........ ૨૭
❖ શબ્દોની કમ્પ્યૂગ્રાફી-૭ (તુલસીદાસ કંસારા) ........ ૨૮
❖ શ્રી કચ્છી સમાજ-અમદાવાદનો દૈનિક અહેવાલ ........ ૨૯
❖ સંસ્થા સમાચાર ........ ૩૧
❖ ગાંધીનગર ગાથા (વર્ષાબેન જે. મહેતા) ........ ૩૩
❖ મહિલા વિશ્વ (રેખાબેન શુક્લ-અમદાવાદ) ........ ૩૫
❖ કલરવ (દિનેશ માંકડ) ........ ૩૭
❖ વતનના વાવડ (સંકલિત) ........ ૩૯
❖ શબ્દ શોધ-૨૯ (પ્રદિપ જોષી-આદિપુર).. ........ ૪૧

## તંત્રી સ્થાનેથી...

• ભરત ઓઝા •

### ઉત્સવોની ભરમાર...

આપણા દેશનો આમ તો ઉલ્લેખ હંમેશા ખેતી પ્રધાન દેશ તરીકે જ થતો હોય છે. પણ ઘણા સમયથી સમગ્ર દેશમાં છાશવારે ઉજવાતા ધાર્મિક તહેવારો થકી અને એમાંય વિદેશીઓના આવવાથી ઉત્સવ પ્રધાન દેશ તરીકેની ઓળખ સમગ્ર વિશ્વમાં ઊભી થઈ છે. એટલું જ નહિ, આપણા મંદિરો હવે વિદેશોમાં પણ થવા માંડ્યા. તાજેતરમાં લંડન ખાતે યોજાયેલા સ્વામીનારાયણ ઉત્સવે સમગ્ર વિશ્વનું ધ્યાન ખેચ્યું હતું.

આપણા દેશની વાત કરીએ તો લગભગ દર મહિને કોઈને કોઈ ધાર્મિક તહેવાર આવતો જ હોય છે અને તહેવારો પણ એકાદ દિવસ ના ન હોય, ૭-૮ દિવસની પણ ઉજવણી હોય. આવા તહેવારો આવવાનાં હોય ત્યારે તેની પૂર્વ તૈયારી અને પુર્ણાહૂતિમાં પણ એટલા જ દિવસો જતા હોય છે. ટૂંકમાં કહી શકાય કે કોઈપણ જાતના અર્થ ઉપાર્જન કે કામ ધંધા વિનાના દિવસો.. ! આપણે ગુજરાતીઓ તો ઉત્સવો ઉજવવાની બાબતોમાં અગ્રેસર.... ! લગભગ બધા જ તહેવારો ઉજવવામાં કોઈ કચાશ નથી છોડતા હોતા. દર મહિને આવતા તહેવારોને કારણે આખું વર્ષ ક્યાં જતુ રહે છે. તેની ખબર જ નથી પડતી. વરસ ખૂબ જ ઝડપથી પસાર થઈ જાય છે.

ધર્મની બાબતમાં વધુ પડતી શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે બહુ પાતળી ભેદ રેખા હોય છે. ધાર્મિક બાબતોને જડની જેમ વળગી રહેવું એ અંધશ્રદ્ધાથી વિશેષ કંઈ નથી. ધાર્મિક કટ્ટરતાવાદ આમાંથી તો જન્મે છે. વળી, સમય અને નાણાંનો વ્યય થાય એ જુદું. આમાં ફાયદો કોને થાય છે તે વિચારવા જેવું છે. આવી ઉજવણીઓમાં ફંડ ફાળા આપતા કોર્પોરેટ હાઉસ અને નાના મોટા ધંધાર્થીઓ કોઈ પણ રીતે પોતાના પ્રોડક્ટના ભાવ વધારીને સારો એવો નફો રળી લેતા હોય છે. આપણા ઘરના ગેસ બિલ, લાઈટ બિલમાં થતા તોતિંગ વધારામાં ક્યાંક આવા કાર્નિવલ ફેસ્ટિવલ પણ જવાબદાર હોય છે. આવી ઉજવણીની આડમાં સામાજિક દુષણો પણ થતા રહે છે અને સુરક્ષાના પ્રશ્નો ઉદ્ભવતા હોય છે.

ગત સમયમાં જ્યારે એક પછી એક કૌભાંડો બહાર આવી રહ્યા હતા ત્યારે અર્થશાસ્ત્રીઓએ એવો મત વ્યક્ત કરેલો હાલ આપણા દેશનો જીડીપી (ગ્રોથ ડોમેસ્ટિક પ્રોડક્ટ) જે ૫-૬ની વચ્ચે રહે છે એ જો આ નાણાંકીય ભ્રષ્ટાચાર ન થતા હોય તો ૧૦ થી પણ વધારે હોય. આપણે એથીય આગળ જો વિચારીએ તો વધારે પડતા ધાર્મિક ઉત્સવો પાછળ જો સમય અને નાણાં ન વેડફાતા હોય તો જીડીપી કેટલો થઈ શકે ? વાત વિચારવા જેવી તો ખરીને ?

ચાલો, આ લેખ લખાય છે ત્યારે ગણેશ ઉત્સવ ચાલી રહ્યો છે અને અંક બહાર પડશે ત્યારે શ્રાદ્ધ ચાલી રહ્યા હશે અને ત્યાર બાદ નવરાત્રિ ને દિવાળી... પછી વર્ષ પુરું.... અને નવા વર્ષના તહેવારો ફરી પાછા શરૂ....

સૌને હાર્દિક શુભેચ્છાઓ સહ....

અસ્તુ..

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ ફંડ રેઈઝીંગ પ્રોગ્રામ

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ ફંડ રેઈઝીંગ કાર્યક્રમ અંતર્ગત યોજે છે..**

એક અદ્‌ભૂત અવિસ્મરણીય, એકશનથી ભરપુર અને ભાગ્યે જ જોવા મળે તેવો રસપ્રદ અને આનંદદાયક કાર્યક્રમ જેમાં આપને મળશે જોવા અને જાણવા સાથે સંપૂર્ણ મનોવૈજ્ઞાનિક ઢબ સાથેનો કાર્યક્રમ...




**હિપ્નોસીસ ડેમોનસ્ટ્રેશન ... (હિપ્નોટીઝમ)**

**ડો. પ્રશાંત ભીમાણી (જાણીતા સાયકોલોજીસ્ટ તથા હિપ્નોથેરાપીસ્ટ)**

**તા. ૧૯-૧૦-૨૦૧૪, સમય : બપોરના ૩ થી ૬**

**સ્થળ : શેઠ મંગલદાસ ટાઉન હોલ, આશ્રમ રોડ, અમદાવાદ.**

ઉપરોક્ત કાર્યક્રમનો મુખ્ય હેતુ ફંડ રેઈઝ કરવાનો હોવાથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યકરો આપની સમક્ષ પ્રવેશ પાસ લઈને ઉપસ્થિત થાય ત્યારે તેઓને સહકાર આપવા ખાસ અપીલ કરવામાં આવે છે. **રૂ. ૨૫૦૦, ૧૫૦૦, ૧૦૦૦, ૭૫૦, ૫૦૦ અને ૨૫૦ ના ડોનેશન સામે યોગ્ય પાસનું વિતરણ કરવામાં આવશે.**

અમદાવાદ-ગાંધીનગર સ્થિત દરેક કચ્છી પરિવારોને ઉત્સાહભેર ભાગ લેવા વિનંતી કરવામાં આવે છે. પ્રવેશ પાસ માટે નીચે જણાવેલ સમિતિના સભ્યોનો સંપર્ક કરવા વિનંતી.

**પ્રવેશ પાસ માટે સંપર્ક :**

| | |
|---|---|
| શ્રી અશોક મહેતા : મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ | શ્રી ભરત ઓઝા : મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩ |
| શ્રી કૈલાસદાન ગઢવી : મો. ૯૮૨૫૩ ૨૫૧૪૫ | શ્રી જગદીશભાઈ ઠક્કર : મો. ૯૮૨૫૦ ૦૫૯૦૧ |
| શ્રી હિમાંશુ ઠક્કર : મો. ૯૮૭૯૩ ૦૧૦૦૪ | શ્રી મેઘજીભાઈ ખેતાણી : મો. ૯૯૨૫૪ ૪૮૮૮૮ |
| શ્રી અમિત પટેલ (સુરાણી) : મો. ૯૮૨૪૪ ૭૯૯૨૩ | શ્રી નરેન્દ્રભાઈ શાહ : મો. ૯૮૨૫૦ ૬૧૫૯૮ |
| શ્રી દિપક ચૌહાણ : મો. ૯૮૭૯૫ ૪૯૭૬૫ | શ્રી મનુભાઈ કોટડીયા : મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮ |

# અલગ કચ્છ રાજ્ય : એક અભ્યાસ

● સુરેશચંદ્ર મહેતા (પૂર્વ મુખ્યમંત્રી) ●

*તાજેતરમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના મુખપત્ર મંગલમંદિરનો 'કચ્છ એક અલગ રાજ્ય - તેના ફાયદા અને ગેરફાયદા' પર તજજ્ઞો દ્વારા એક તુલનાત્મક અભ્યાસ સાથેનો વિશેષાંક બહાર પાડવામાં આવેલ. જેને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. આ વિશેષાંકમાં પ્રસિદ્ધ થયેલ અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા દ્વારા રજૂ કરાયેલ તુલનાત્મક અભ્યાસ સાથેનો લેખ કચ્છશ્રુતિના વાચકો સમક્ષ પ્રસ્તુત છે. — મુખ્યતંત્રી*

## ● કચ્છ એક અલગ રાજ્ય!?

સમગ્ર રાજ્યમાં સૌથી વધારે વિકાસ ક્ષમતા ધરાવતો કચ્છ જિલ્લો જ્યારે રાજ્યની રચનાના ચોપ્પન વર્ષ પછી પણ વિકાસના માર્ગે જવાના બદલે સ્થગિતતાનો ભોગ બનતો જતો હોય તો અસંતોષની લાગણીમં અલગ રાજ્યની માંગણી સ્વાભાવિક બને.

પરંતુ

અલગ રાજ્યની રચના માત્ર reactive feelingsથી વાજબી ઠરતી નથી. 'સાતત્યપૂર્ણ વિકાસ' એ રાજ્ય માટે પાયાની આવશ્યક્તા છે. જે માત્ર તર્ક અને વાસ્તવિકતાથી જ માપી શકાય. નહિંતર ઉલમાંથી ચુલનો ભોગ બનવું પડે અને જેનો પછી — પસ્તાવા સિવાય અન્ય કોઈ વિકલ્પ ન હોય.

ઉપર જણાવ્યું તેમ માત્ર વિકાસ ક્ષમતા એ રાજ્યની રચના માટેનું એકમાત્ર વાજબી કે પર્યાપ્ત કારણ બની શકે કે કેમ ? તે તપાસવું રહ્યું.

આ સંદર્ભે પણ કચ્છના અલગ રાજ્યનો મુદ્દો તપાસવો રહ્યો.

રાજ્યની રચના માટેના કેટલાક મહત્ત્વના અને જરૂરી પાસાઓ છે. જેમકે

૧. ચોક્કસ ભૌગોલિક વિસ્તાર.

૨. કાયમી વસતિ

૩. નિશ્ચિત થયેલ રાજકીય હકુમત

૪. સરકાર

૫. ક્ષમતા.

રાજ્યની માંગણી અને તેનું વાજબીપણું જેટલા વધારે યથાર્થ, તેટલું માંગણીનું વજન પણ વધારે. એટલે યથાર્થતા દર્શાવતા પરિબળોના કેટલાક જમા ઉધાર પાસાઓને જોઈએ.

રાજ્યની રચનાના કેટલાક મહત્ત્વના પરિબળો અને તેમની યથાર્થતા તપાસીએ તો ઉપર લખેલ પરિબળો વિષે વિગતે વિચારીએ.

### ૧. ચોક્કસ ભૌગોલિક વિસ્તાર :

ચોક્કસ ભૌગોલિક વિસ્તાર એ રાજ્ય માટે પાયાનું અને અતિ જરૂરી અંગ છે. વિસ્તારની ચોક્કસતા રાજ્યની કાયમી શાંતિ અને સલામતીને સ્પર્શતો મુદ્દો હોઈ તેની વાસ્તવિક અને સ્પષ્ટ સીમારેખા જરૂરી છે. જો કે કુદરતી રીતે જ કચ્છની આ મુદ્દે ચોક્કસતા લગભગ નક્કી થયેલ છે. જેની ત્રણ દિશાઓ તો કુદરતે જ નક્કી કરી આપી છે. ચોથી દિશા પણ કાયદાથી સુનિશ્ચિત થઈ ચૂકી છે (જિલ્લા સ્વરૂપે). જેથી આ મુદ્દો કોઈ ખાસ ધ્યાન કેન્દ્રિત કરતો જરૂરી મુદ્દો નથી બનતો.

**મહદ્ અંશે અક્ષાંશ-રેખાંશની પરિભાષામાં :**

ઉત્તર અક્ષાંશ : ૨૨-૪૪-૧૧થી ૨૪-૪૧-૨૫ અને પૂર્વ રેખાંશ : ૬૮-૦૯-૪૬ થી ૭૧-૫૪-૪૭ સુધીનો વિસ્તાર.

હવે જો કચ્છ જિલ્લાને રાજ્યમાં પરિવર્તિત કરવાનો થાય તો આશરે ૪૫,૬૫૨ ચો.કિ.મી.નો વિસ્તાર ધરાવતું રાજ્ય બને. જેનો નંબર દેશમાં ૨૧મો આવે.

### ૨. વસતિ :

વસતિનો મુદ્દો કચ્છ જિલ્લાના સંદર્ભે થોડો વિચાર માંગતો મુદ્દો છેલ્લા દાયકામાં બન્યો છે. છેક ૧૯૦૧થી

''આ અભ્યાસ માત્ર જાણકારી માટે છે. અલગ કચ્છ રાજ્યની માંગણી કરનારા અને તેથી જુદો મત ધરાવતા બંને પક્ષો ખુલ્લા મનથી અને વધારે ઊંડાણથી વિચારીને નિર્ણય લઈ શકે તે હેતુથી આ લેખ તૈયાર કર્યો છે.

આ લેખમાંના બેઝિક આંકડાઓ સરકારી અને અધિકૃત (જો તે સાચા હોય તો) છે. તેના ઉપરની કસરત મારી છે.

મારો અભિપ્રાય બતાવ્યો નથી. સિવાય કે ક્યાંક અછડતા ઉલ્લેખથી તે અભિપ્રેત થઈ જતો હોય.'' — **સુરેશચંદ્ર મહેતા**

કચ્છ જિલ્લાની વસતિ જે આશરે ૪ લાખ ૮૮ હજાર જેટલી હતી તે ધીમે ધીમે વસતી ૨૦૦૧માં સૈકાના અંતે વધીને આશરે ૧૫ લાખ જેટલી થઈ. પણ છેલ્લા દાયકામાં આ વસતિમાં સીધો ૫ લાખનો વધારો થઈને તે આજે ૨૦ લાખ ઉપર પહોંચી છે. ૧૯૦૧માં જેટલી વસતિ હતી તેટલો વધારો છેલ્લા એક દાયકામાં થયો તે ટકાવારીની દૃષ્ટિએ સૌથી વધારે ધ્યાન ખેંચતો મુદ્દો બન્યો છે. છેલ્લા દાયકાની કચ્છની વસતિ ૩૨.૦૩ ટકાના દરે વધી છે. છેલ્લા દાયકાનો ભારતનો વસતિનો વૃધ્ધિદર ૧૭.૬૪ ટકાનો, ગુજરાતનો ૧૯.૧૭ ટકાનો અને કચ્છનો ૩૨.૦૩ ટકાનો થયો છે. કચ્છ જો રાજ્ય બને તો તેના વિકાસની પરિભાષા વિચારતી વખતે વસતિના વૃધ્ધિદરની સ્થિરતાનો ખાસ જુદી રીતે વિચાર કરવો પડે કારણકે આ સાથેના ચાર્ટમાં બતાવ્યું છે કે ક્યારેય પણ આટલું મોટું fluctuation જાણવામાં આવ્યું નથી ત્યારે હવે પછી કયા પ્રકારનો વૃધ્ધિદર રહેશે તેની કલ્પના જુદા જુદા સંદર્ભે વિચારીને કરવી પડે.

| ક્રમ | વર્ષ | કુલ વસતિ | દશકાની વસતિનો વધારો (ટકામાં) |
|---|---|---|---|
| ૧. | ૧૯૦૧ | ૪૮૮૦૨૨ | ૦ |
| ૨. | ૧૯૧૧ | ૫૧૩૪૨૯ | ૫.૨૧ |
| ૩. | ૧૯૨૧ | ૪૮૪૫૪૭ | (–) ૫.૬૩ |
| ૪. | ૧૯૩૧ | ૫૨૦૪૯૬ | ૭.૪૨ |
| ૫. | ૧૯૪૧ | ૫૦૭૮૮૦ | (–) ૨.૪૨ |
| ૬. | ૧૯૫૧ | ૫૬૭૬૦૬ | ૧૧.૭૬ |
| ૭. | ૧૯૬૧ | ૬૯૬૪૪૦ | ૨૨.૬૯ |
| ૮. | ૧૯૭૧ | ૮૪૯૭૬૯ | ૨૨.૦૨ |
| ૯. | ૧૯૮૧ | ૧૦૫૦૧૬૧ | ૨૩.૫૮ |
| ૧૦. | ૧૯૯૧ | ૧૨૬૨૫૦૭ | ૨૦.૨૨ |
| ૧૧. | ૨૦૦૧ | ૧૫૮૩૨૨૫ | ૨૫.૪૦ |
| ૧૨. | ૨૦૧૧ | ૨૦૯૦૩૧૩ | ૩૨.૦૩ |

**3. નિશ્ચિત થયેલ રાજકીય હકુમત :**

ઉપર લખેલ મુદ્દા નં.-૧ માં આ બાબતનો સમાવેશ થઈ ગયેલ છે.

**૪. સરકાર :**

ઉપર વર્ણવેલ બે મુદ્દા કરતાં અત્યારના સંદર્ભે અગત્યનો મુદ્દો સરકાર છે.

નવી થનારી રાજ્યની સરકાર ક્ષમતાવાળી - સમસ્ત વિસ્તારનો સમ્યક વિચાર કરનારી - સાતત્યપૂર્ણ વિકાસનું આયોજન અને અમલીકરણ કરવા માટે સક્ષમ હોય તે અતિ જરૂરી છે અને ભવિષ્યમાં વિકસતું રાજ્ય અન્ય રાજ્યોની હરીફાઈમાં હરણફાળ ભરી શકે તેવું બનાવવાની કલ્પના અને શક્તિ બનાવનારી હોય તો જ નવા રાજ્યની રચના સાર્થક બને. તે સંદર્ભમાં નીતિઓનું ઘડતર અને ઓથોરીટેટીવ અમલીકરણ કરનારી હોય તે જરૂરી છે. તે માટેની ક્ષમતાવાળી માનવ શક્તિ વિના તે સંભવી શકે નહિ. આ માનવશક્તિ અત્યારે તૈયાર મળવાની સંભાવના જ્યારે નહિંવત્ છે ત્યારે નવા રાજ્યની રચના એ માત્ર અસ્તિત્વ ટકાવતું રાજ્ય જ બની રહે. ભવિષ્યના તંદુરસ્ત વિકાસના વિચારનું તો બાળમરણ રચનાના પાયાથી જ થાય.

તેથી રાજયના અસ્તિત્વથી પહેલા ઉપર કહ્યા પ્રમાણેની dedicated માનવ શક્તિ માટે યુવાધનને તૈયાર કરવો પડે.

આ માટેની સંસ્થાઓનો સદંતર અભાવ એ એક Minus Point છે.

**૫. ક્ષમતા :**

રાજયની રચનાના વિચાર વખતે સૌથી અગત્યનો મુદ્દો ક્ષમતાનો છે. તેથી તેનો અનેકવિધ રીતે જુદા જુદા પાસાઓથી વિચાર કરવો પડે. મુખ્યત્વે ક્ષમતા બે પાસાઓમાં વહેંચાયેલી છે.

**ક્ષમતા**

| **Resources** | **Political Capacity** |
|---|---|
| કુદરતી સંપદા | કાયદાઓ ઘડીને તેનો કડક |
| આર્થિક | અમલ કરવાની |
| સામાજિક | Legislative Capacity to control and supervise |
| માનવ વિકાસ | Sustainable economic |
| સાસત્યપૂર્ણ development | growth (G.D.P. etc.) |

ઉપર જણાવેલ theoritical કોઠો એ રાજયની રચનામાંનો જરૂરી પરિબળો બતાવતો ચાર્ટ છે.

હવે આ બાબતને કચ્છ જિલ્લા સાથે વાસ્તવિક રીતે ચર્ચવી રહી.

પહેલા અંગ તરીકે કુદરતી સંપદાને તપાસીએ.

- **જમીન (કૃષિ) – Land Agriculture :**

જમીનનો વિસ્તાર : જમીન વિસ્તારના મુદ્દે કચ્છ જિલ્લો જબરદસ્ત વિપુલતા ધરાવે છે. જે તેનું મોટું જમાપાસુ છે. આટલી બધી મોટી ખેત વિશેષ જમીન આખા દેશમાં

જૂજ જિલ્લા પાસે જ છે. જમીનના મુદ્દે જોઈએ તો જિલ્લાના કુલ વિસ્તારમાં કેટલી જમીન સૌથી વધારે મહત્ત્વના એવા ખેત વિસ્તાર એટલે કે ખેડવાલાયક વિસ્તાર ધરાવે છે. આ મુદ્દે નીચેની વિગતો જોઈએ.

જિલ્લાના કુલ ૪૫,૬૫૨ ચો.કિ.મી.માંથી જિલ્લાના રણ વગેરે વિસ્તારને બાદ કરતાં ભૌગોલિક વિસ્તાર ૧૯,૫૭,૬૨૯ હેક્ટર જેટલો છે. જેમાં ખેડવા લાયક વિસ્તાર ૩,૩૯,૦૦૦ હેક્ટર છે જે પડતર છે, અને ૭૫,૬૬૯ હેક્ટર ચાલુ પડતર છે. જિલ્લાનો ચોખ્ખો વાવેતર વિસ્તાર ૬,૭૯,૯૩૬ અને કુલ વાવેતર વિસ્તાર ૭,૨૭,૭૩૩ હેક્ટર જેટલો છે. આમ વાવેતર વિસ્તાર અને પડતર વિસ્તારનો સરવાળો કરીએ તો ૧૦,૯૪,૬૦૫ હેક્ટર જેટલી જમીન ખેત તળે આવે છે. જે રાજ્યની ટોટલ ખેત તળેની જમીન ૯૭,૨૨,૨૦૦ હેક્ટરના આશરે ૧૧ ટકા જેટલી થાય છે. આટલી મોટી પડતર જમીન રાજ્યના અન્ય જિલ્લાઓમાં ક્યાંય નથી અને કચ્છ જિલ્લાનો નંબર તેમાં પ્રથમ આવે છે. આનો અર્થ એ થાય કે જિલ્લો જો રાજ્યમાં પરિણમે તો રાજ્યની ખેત પેદાશ ખૂબ જ ગણનાપાત્ર બને અને રાજ્યનું ઘરગથ્થુ ઉત્પાદન (જી.ડી.પી.) Gross Domestic Production જે રાજ્યના વિકાસના માપવાનું માપદંડ છે, તેનો એક અંશ એટલે કે ખેત પેદાશ રૂા. ૩૨૮૩૮૧૫૦૦૦૦ (રૂા. ૩૨૦૦ કરોડ) જેટલું થાય. જે રાજ્યની ખેત પેદાશના જી.ડી.પી.ના ૩.૬૪ ટકા થાય. આ બાબત ત્યારે જ સંભવી શકે જ્યારે ખેડવાલાયક પડતર જમીન જે ઉપર જણાવી છે તે સિંચાઈ હેઠળ આવરી શકાય તો જ, અન્યથા નહિ. કૃષિની સાથે જ સીધું સંલગ્ન તત્ત્વ સિંચાઈ છે. માટે સિંચાઈનો પણ અલગથી આ સાથે વિચાર કરીએ.

- **સિંચાઈ :**

પાણી એ અતિ મહત્ત્વનું અને જિલ્લાના અસ્તિત્વના મૂળમાં જતું એક મહત્ત્વનું પરિબળ છે. મનુષ્ય, પ્રાણી, પશુ-પક્ષી, જીવન, બધું પાણી પર આધારિત છે. વૃક્ષો, જંગલો, ઉદ્યોગો, ધંધા-વેપાર વગેરે તમામ પાણી પર આધારિત છે. પાણી વિના સંસ્કૃતિનું અસ્તિત્વ સંભવી શકતું નથી અને કચ્છ જિલ્લો પાણીની તીવ્ર તંગી અનુભવતો જિલ્લો છે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર રિસોર્સમાં તે જબરું ઉધારપાસું એટલે કે મોટી લાયેબીલીટી છે. અત્યારે ખેતીના પાસાને જ જો પકડીએ તો સિંચાઈ જે કેનાલ, ટેન્ક, કૂવાઓ, પાતાળકૂવાઓ અને અન્ય નાના સોર્સોમાંથી ઉપલબ્ધ છે. જિલ્લામાં અત્યારે જે સિંચાઈ થાય છે તે જિલ્લાની કુલ જમીનના માત્ર ૧૨ ટકા જેટલી જ છે. જ્યારે રાજ્યની પરિસ્થિતિ ૫૨ (બાવન) ટકા જેટલી છે. જે રાજ્યની એવરેજ લેવલ કરતા ખૂબ જ ઓછી છે. તે નોંધવાપાત્ર છે કે આટલી ઓછી ટકાવારી ધરાવતો કચ્છ જિલ્લો એકમાત્ર જિલ્લો છે. અન્ય બધા જ જિલ્લાઓ કચ્છ કરતાં સિંચાઈમાં ઘણાં જ આગળ છે. હવે જો જિલ્લાને રાજ્યમાં પરિવર્તિત કરવું હોય તો પાણીની ઉપલબ્ધિનો પહેલો વિચાર કરવો પડે. રાજ્યનું અસ્તિત્વ જ્યારે પાયાની સુવિધાઓ એટલે કે નેચરલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રીસોર્સિસ ધરાવતું હોય ત્યારે જ સારી રીતે સંભવી શકે. અન્યથા પરાવલંબિત પરિસ્થિતિ રાજ્યને કાયમ બોજારૂપ થાય. અત્યારે કચ્છ જિલ્લો મહદ્ અંશે ભૂતળના પાણી આધારિત છે. ૮૭ ટકા જેટલું પાણી ભૂતળથી જ મેળવાય છે જેનું તળ ધીમેધીમે નીચે ઉતરતું જાય છે. વરસાદ આધારિત અનિશ્ચિતતાના આધાર ઉપર રાજ્યના વિકાસનો ચોક્કસ પાયો કંડારી શકાય નહિ. ભૂમિ પરનું પાણી સંગ્રહશક્તિ ન હોવાને કારણે વ્યર્થ જાય છે અને પરિણામે જિલ્લો સંપૂર્ણ પણે નર્મદા ઉપર પરાવલંબિત છે. નર્મદાના પાણી રાજ્યની રચના થઈ જાય ત્યાં સુધીમાં જો કચ્છમાં વહેતા ન થાય તો એ પાણી પરનો કચ્છનો અધિકાર પણ એક પ્રશ્નાર્થ ચિહ્ન બની જવા સંભવ છે. તેથી નર્મદાના પાણી કચ્છમાં પૂરા વહેતા થઈ જાય ત્યાં સુધી રાજ્યની રચનાનો વિચાર કરવો જોઈએ નહીં તેવું લાગે છે. સિંચાઈના અને પાણીની ઉપલબ્ધિના અન્ય પાસાઓનો વિચાર અત્યારના પ્રાથમિક અભ્યાસમાં બહુ સુસંગત જણાતો નથી. નર્મદાનું પાણી નિયમિત અને વધારાનું એ બન્ને જો આયોજન પ્રમાણે સંપૂર્ણપણે ઉપલબ્ધ થઈ જાય તો કચ્છ જિલ્લાની લગભગ સાડા ત્રણ લાખ હેક્ટર કરતાં પણ વધારે ખેતીની સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ બને. માત્ર નિયમિત પાણી તો ખૂબ જ ઓછું એટલે કે ૧ લાખ ૧૨ હજાર હેક્ટર પૂરતું આયોજિત છે. જેથી વધારાનું પાણી એ કચ્છ માટે અતિ જરૂરી છે.

તે સિવાય જળસંચયના કાર્યોનો વિકાસ જોઈએ તે પ્રમાણમાં થયેલ નથી. પાણીની કચ્છ જેવા જિલ્લામાં અત્યંત જરૂરિયાત હોવા છતાં ડી-સેલિનેશન પ્લાન્ટ અંગેની વિચારણા પણ હજુ સુધી ગંભીરતાપૂર્વક વિચારાયેલ નથી.

- **પશુપાલન (Live Stock) :**

GDP Sectorial ના ત્રણ પાસામાં Primary પાસુ એગ્રીકલ્ચર હોવાથી તે head તળે ખેત ઉત્પાદન પછીનો તબક્કો એ પશુપાલન છે. જોગાનુજોગ જિલ્લાની ઓળખ પણ પશુપાલન સાથે સંકળાયેલી છે. ત્યારે રાજ્યના કુલ પશુધન અને દૂધાળા પશુધન (ગાયો-ભેંસો) અને દૂધ

ઉત્પાદનમાં કચ્છ ક્યાં છે તે તપાસીએ.

રાજ્યના કુલ પશુધનમાં કચ્છ જિલ્લાના પશુધનનું પ્રમાણ ઘણું ઓછું છે. છતાં વ્યક્તિદીઠ દૂધનું પ્રમાણ કચ્છ જિલ્લામાં રાજ્ય કરતાં વધારે છે. એક અંદાજ પ્રમાણે અત્યારે વધેલી દૂધ ઉત્પાદન સતર્કતાને નજરમાં લેતાં કચ્છનું અત્યારનું અંદાજે દૂધ ઉત્પાદન વાર્ષિક બેથી અઢી લાખ ટનનું છે. જે રાજ્યના વાર્ષિક દૂધ ઉત્પાદનના ૨.૫ ટકા જેટલું છે.

Agri Sector ના અન્ય પાસાઓમાં ઊન - ઈંડાં ઉત્પાદનને સ્થળ સંકોચના કારણે જણાવ્યા નથી. પરંતુ મત્સ્યોદ્યોગના પાસાને અવગણી શકાય નહિ. દુનિયાના બજારમાં વર્ષે આશરે ૨૫૩૩ કરોડની મત્સ્યોદ્યોગ નિકાસ ધરાવતા રાજ્યમાં મત્સ્યોદ્યોગ ક્ષેત્રે કચ્છ જિલ્લો વર્ષે આશરે રૂા. ૪૦૦ કરોડ જેટલું નિકાસ હુડિયામણ મેળવે છે. જે રાજ્યના ૧૫.૭૯ ટકા જેટલું છે.

- **ખનીજ :**

ખનીજ એ કચ્છની મહામૂલી કુદરતી દેન છે. આ ખનીજ ઘન, પ્રવાહી અને વાયુના સ્વરૂપે કુદરતે છૂટે હાથે કચ્છને બક્ષ્યા છે. કચ્છમાં તે Off-shore અને On-shore બંને પ્રકારે ઉપલબ્ધ છે.

સૌથી અગત્યના અને કચ્છના ભાવિને ઘડનાર અને સમસ્ત ભારતને કચ્છ ઉપર આધારિત કરનાર આ કુદરતી સંપત્તિ, જો પાણી એ ઉધારપાસું છે તો આ સંપત્તિ એ મોટું જમાપાસું છે.

કચ્છની ઘન ખનીજ સંપત્તિ ત્રણ પ્રકારની : બળતણ, ધાતુ અને બિનધાતુ પ્રકારની છે. વ્યવસ્થાની દષ્ટિએ તેના મુખ્ય અને ગૌણ ખનીજ (Major and Minor Mineral) એવા પ્રકારે વિભાજિત કરવામાં આવી છે.

Major Mineral એ કેન્દ્રનું અને Minor Mineral એ રાજ્યનું આધિપત્ય ધરાવે છે. પરંતુ તે બંનેની implementing authority રાજ્ય છે.

પ્રથમ આપણે ખનીજવાર જોઈએ તો ગૌણ ખનીજોમાં લાઈમ સ્ટોન, બેન્ટોનાઈટ, જુદા જુદા પ્રકારના ક્લે, મુરમ ઈત્યાદિ છે. જેનું ઉત્પાદન સંયુક્તપણે દોઢ–પોણા બે કરોડ ટનનું છે. અને જેના દ્વારા કચ્છમાંથી ઉત્પન્ન થતી રોયલ્ટીની રકમ આશરે રૂા. ૫૦-૬૦ કરોડ જેટલી છે. જે રાજ્યના ૩ ટકા જેટલી છે.

એ પ્રમાણે મુખ્ય ખનીજ જેવી કે લાઈમસ્ટોન, બેન્ટોનાઈટ, જીપ્સમ, લીગ્નાઈટ, જુદા જુદા પ્રકારની ક્લે ઈત્યાતિ છે. જેનું ઉત્પાદન સંયુક્તપણે સવા બે થી અઢી કરોડ ટન વાર્ષિક છે. જેની રોયલ્ટીની આવક વાર્ષિક રૂા. ૧૧૨ થી ૧૧૫ કરોડ આશરેની છે. જે રાજ્યના ૯.૫થી ૧૦ ટકા જેટલી છે.

કચ્છ રાજ્યની રચનાની તરફેણનો સૌથી મોટો મુદ્દો પેટ્રોલિયમ અને કુદરતી વાયુનો છે. જેની અલગથી ચર્ચા હવે પછી કરીશું.

અત્યારના જિલ્લાના સમાજજીવન ઉપર આ ખનીજ ભલે અસરકર્તા ન હોય પરંતુ ભવિષ્યમાં અતિ મહત્ત્વનું વૈશ્વિક પરિબળ બની શકે તેમ છે.

અત્યારના ઉપલબ્ધ ખનીજ ઉપર કચ્છનું અર્થતંત્ર મોટેભાગે જળવાઈ રહ્યું છે, તેવા ખનીજોમાં લાઈમસ્ટોન, બોક્સાઈટ, લીગ્નાઈટ, ચાઈના ક્લે, બેન્ટોનાઈટ ઈત્યાદિ છે.

ખનીજ આધારિત કચ્છનું અર્થતંત્ર મોટેભાગે ખનીજના ટ્રેડિંગ ઉપર અત્યાર સુધી આધારિત રહ્યું છે. તેમાં વેલ્યુએડિશનનો અભાવ એ એક ઉધાર પાસું છે કારણકે ઈન્ડસ્ટ્રીયલ ઈન્વેસ્ટમેન્ટ ઈન મિનરલ સેક્ટર એ કચ્છમાં મહ્દઅંશે અવગણાયેલું પાસું છે. મુખ્ય ખનીજોમાં નીચે પ્રમાણેની ઉપરછલ્લી નજર આ મુદ્દાને સ્પષ્ટ કરે છે.

- ***લાઈમ સ્ટોન :*** જેનો જથ્થો ૧૨,૦૦૦ મિલિયન મેટ્રિક ટન જેટલો સિધ્ધ થયેલો સંગ્રહ ગુજરાતમાં છે. જેમાંથી કચ્છમાં ૮,૦૦૦ મિલિયન મેટ્રિક ટન જેટલો, જે આશરે ૬૭ ટકા થાય છે. તેનું ઈન્ડસ્ટ્રીયલ ઈન્વેસ્ટમેન્ટ જોઈએ તેવું થયું નથી.
- ***ચાઈના ક્લે :*** ગુજરાતના જથ્થામાં કચ્છનું પ્રમાણ ૭૩ ટકા જેટલું એટલે કે ૧૦૦.૨ મિલિયન મેટ્રિક ટન જેટલું છે. તેની પણ એ જ દશા છે.
- ***બોક્સાઈટ :*** રાજ્યમાં જેનો જથ્થો ૧૦૪.૧૮ મિલિયન મેટ્રિક ટન તેના ૪૨ ટકા જેટલો અને દેશના જથ્થાના ૧૭ ટકા જેટલો, આ જ દશાનો અત્યાર સુધી ભોગ બન્યો છે. તેજ પ્રમાણે લીગ્નાઈટ, સિલિકા સેન્ડનું પણ તેવું જ છે.
- ***સિલિકા સેન્ડ :*** રાજ્યમાં તેનો જથ્થો ૧૫૫.૫૫ મિલિયન મેટ્રિક ટન જેટલો અંદાજાયો છે. કચ્છમાં તેના ૯૮ ટકા એટલે કે ૧૫૨.૮ મિ.મે.ટન જેટલો છે.
- ***બેન્ટોનાઈટ :*** બેન્ટોનાઈટ કચ્છમાં ૬૦ મિલિયન ટન, જે રાજ્યના જથ્થામાં ૫૭ ટકા જેટલો છે.

ઉપરોક્ત ખનીજોના જથ્થા સર્વે દ્વારા વર્ષ ૨૦૦૨ના

છે. હજુ તેમાં ઘણો વધારો સંશોધનની નવી ટેકનોલોજીના કારણે શક્ય હોવાનો સંભવ છે.

આખાયે કચ્છમાં સંગ્રહાયેલ ઘન ખનીજ જથ્થાની માત્ર ઉત્પાદન કિંમત રૂા. ૫૦ એક ટનના અંદાજીએ તો પણ દોઢ લાખ કરોડ રૂપિયાની થવા જાય છે. તેના પરનું વેલ્યુએડિશન જુદું.

રોજગારીની દૃષ્ટિએ જોવા જઈએ તો કચ્છમાં ખનીજ આધારિત સીધી રોજગારી આશરે પાંચેક હજાર લોકોની છે. અને આડકતરી રોજગારી પંદર હજાર જેટલી છે. જેની ટકાવારી પ્રમાણમાં ઘણી ઓછી છે.

સમગ્રતયા આ આખું ક્ષેત્ર અત્યારની દૃષ્ટિએ મુખ્ય ખનીજનો અલ્પ ઉપયોગ ધરાવતું ક્ષેત્ર છે, જે સ્થગિતતાનો લગભગ ભોગ બન્યું છે.

- **મીઠા ઉદ્યોગ :**

લાંબો દરિયા કિનારો, ઓછો વરસાદ, સૂકી હવા, પ્રમાણમાં હાઈ ટેમ્પરેચર અને પવનની વધુ ઝડપના કારણે મીઠા ઉદ્યોગ કચ્છમાં સારી રીતે ડેવલપ થયો છે. કારણકે ઉપરના કારણો આ ઉદ્યોગને ઘણા જ મદદરૂપ થયા છે. તેથી કચ્છનું મીઠાનું ઉત્પાદન ગુજરાતમાં મીઠાના ઉત્પાદનના ૭૪ ટકા જેટલું છે. પરંતુ તેમાં પણ વેલ્યુ એડિશનની મોટી ખામી જણાઈ રહી છે. આ હોવા છતાં પણ મીઠાના ઉત્પાદનનો ગ્રોથ રેટ પ્રમાણમાં નોંધનીય છે. જે મોટી વિકાસ ક્ષમતા તર્શાવે છે.

- **ઉદ્યોગો :**

આ એક ખાસ અને મહત્ત્વનો વિષય ખૂબ લાંબી છણાવટ માંગે છે.

કચ્છનો ઔદ્યોગિક વિકાસ જેટલો, જેવો અને જે રીતે થવો જોઈએ તે થયો નથી.

વાઈબ્રન્ટો પછી પણ પરિણામ યોગ્ય મળ્યું નથી.

વિશિષ્ટ જિલ્લાનો ઔદ્યોગિક વિકાસ પણ વિશિષ્ટ અને તે જ રીતે થવો જોઈએ.

ભૂકંપ પછી આવેલું ઔદ્યોગિક મૂડીરોકાણ માત્ર ટેક્ષના મળતા લાભોને કારણે આવેલું મહ્દઅંશે છે જે કાયમી સ્વરૂપનું હોતું નથી. તેની સાથે સ્થાનિક વિશિષ્ટતા પણ જોડાવી જોઈએ, જે પણ દેખાતી નથી. એટલે કચ્છને માટે એક ખાસ ઔદ્યોગિક નીતિ જરૂરી છે, જે Cluster Based બને તે જરૂરી છે.

અત્યારના જિલ્લાના ઔદ્યોગિકીકરણથી અર્થતંત્ર થોડું ઊંચું આવ્યું છે. પરંતુ સે કાયમી પરિબળ નથી. ઉદ્યોગોનો વિકાસ એ સારું જમાપાસું બની શકે તેમ છે, પરંતુ તેનો પાયાથી વિચાર થવો જોઈએ અને જેમાં રોજગારી સર્જકે અને GDP સર્જક ઉદ્યોગની સ્થાપનાનો વિચાર જરૂરી છે. નાના અને અતિ નાના ઉદ્યોગો - ટુરિઝમ - હસ્તકલા કારીગરી આ બધા રોજગારી માટે જરૂરી પાસા છે અને કચ્છ માટે તે જમા પાસુ છે. રાજ્ય હોય તો આ સ્થિતિ સારી રીતે સંભવી શકે. રાજ્યની રચના માટેનું આ પાસું એ એક વ્યાજબી દલીલ છે.

- **બંદરીય વિકાસ :**

રાજ્યની વર્તમાન બંદર નીતિ અને તેનું અમલીકરણ મેરીટાઈમ બોર્ડ દ્વારા જે થાય છે તે કાયદો અને તેને અનુરૂપ અમલ કચ્છ જિલ્લાના દરિયા કિનારા માટે સર્વાંગી રીતે સાનુકૂળ નથી રહ્યા. કચ્છ માટે પ્રમાણમાં નુકસાનકારક રહ્યા છે, જે અસંતોષનું એક કારણ બન્યા છે.

અલગ રાજ્ય હોય તો નવી બંદર નીતિ જે જરૂરી છે તેને જાહેર કરીને અમલી બનાવી શકાય. વર્તમાન પરિસ્થિતિમાં ગુજરાત રાજ્યમાં કચ્છ જિલ્લાના દરિયા તટનો વિકાસ લાભકારકને બદલે હાનિકારક નીવડી રહ્યો છે. કચ્છનો દરિયા કિનારો માવજત માંગે છે, જે રાજ્યનું તંત્ર હોય તો જ સંભવિત બને.

- **HUMAN RESOURCE :**

આથી અગાઉ જોયું તેમ જો કૃષિ માટેની જમીનની ઉપલબ્ધિ એ જમા પાસુ છે અને જો પાણીની ઉપલબ્ધિ એ ઉધાર પાસુ છે તો ઘન ખનીજ એ બીજું જમા પાસુ છે. અને તેથી પણ અનેકગણું વિશેષ એ ભૂતળમાંનું પ્રવાહી અને ગેસ સ્વરૂપનું વાયુ ખનીજ એ અદ્વિતીય અને જબરૂ જમા પાસુ બની શકે તેમ છે.

રાજ્યને સ્થાપનાર, ચલાવનાર અને વિસર્જિત કરનાર મુખ્ય પરિબળ અંતે તો માનવી જ છે. જેટલી કુશળ આ સંપત્તિ, તેટલું વધારે સારૂં પરિણામ. નવા રાજ્યની રચનામાં વધારે કુશળતા જોઈએ. આ કુશળતા ત્યારે જ ખીલે, જો તેનો પાયો મજબૂત હોય! અને પાયો મજબૂત તો જ બને જો તેના શરૂઆતથી જ પાયાના માપદંડો સુચારુ હોય. આ માનવ સંપદાના પાયાના માપદંડોના વિચારથી પહેલા જો અત્યારની કચ્છની માનવ સંપદાની પરિસ્થિતિ જોઈએ તો પ્રશ્નો ઉઠે છે કે, અત્યારે જો કચ્છનું રાજ્ય મળી જાય તો તેનો સાચા અર્થમાં વિકાસનો પાયો નાખી શકે તેવી અને તેટલી માનવશક્તિ કચ્છ અત્યારે ધરાવે છે ખરું ? પ્રવર્તમાન અને સ્થાપિત માનવ વિકાસ સૂચકઆંકમાં આપણે ઘણા પાછળ છીએ. કુશળ વહીવટકર્તાઓ, ધારાસભ્યો, મંત્રીઓ,

ન્યાયવિદો, ટેકનોલોજિસ્ટો અને અભ્યાસુઓ કે જે સાતત્યપૂર્ણ વિકાસ સાધી શકે તેવું માનવબળ કચ્છ પૂરું પાડી શકે તેમ છે ખરું ? અને બહારનું ઉધારી માનવબળ તેવી લગની બતાવી શકે તેવું મળી શકે ખરું ? હાલ તુરત તો તેનો જવાબ 'ના' માં છે. પરંતુ સારી કોઠાસુઝ ધરાવતી આ સંપદાને જો વિકસિત કરવામાં આવે તો તેની શક્તિ કદાચ સૌને ટક્કર મારે તેવી બની શકે. તો તેવે વખતે કચ્છનું રાજ્ય ભારતમાં અવ્વલ નંબરનું બને, જે બિલકુલ અશક્ય નથી.

અત્યારે આપણી સ્થિતિ સપાટીએ તો જોવા મળે છે કે, માનવ સંપદાના વિકાસમાં દુનિયાના ૧૮૭ દેશોમાંથી ભારતનો નંબર ૧૩૬મો છે અને ભારતમાં ગુજરાતનો નંબર ૧૧મો છે. અને આખા રાજ્યમાં કચ્છ જિલ્લાનો નંબર ક્યાંય પાછળ છે.

માનવ સંપદાને માપવાના દુનિયાએ અપનાવેલા માપદંડો મુખ્યત્વે પ્રાથમિક ૩ પ્રકારના છે.

૧. શિક્ષણ

૨. આરોગ્ય – તંદુરસ્ત અને દીર્ઘ (જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય)

૩. માથાદીઠ આવક (માનવ જીવનની પાયાની જરૂરિયાતો રોટી, કપડા, મકાન ઇત્યાદિને અનુલક્ષીને)

આ ત્રણે માપદંડોને સરખા માર્કસ આપીને ઈન્ડેક્ષ નક્કી કરવામાં આવ્યા છે, જે નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| શિક્ષણ | : | ૩૩% |
| આરોગ્ય | : | ૩૩% |
| માથાદીઠ આવક | : | ૩૩% |

હવે ઉપર બતાવેલા ત્રણ સૂચકાંકોનો વિચાર કરીએ.

- **શિક્ષણ :**

આપણા બંધારણ પ્રમાણે પ્રાથમિક શિક્ષણ એ રાજ્યની ફરજ અને બાળકોનો અધિકાર છે. રાજ્ય તે માટે બંધાયેલું છે. અત્યારે કચ્છમાં પ્રાથમિક શિક્ષણ લેતા બાળકોની સંખ્યા આશરે ૨.૪૫ લાખ છે. જે જિલ્લાની વસતિના પ્રમાણમાં ૧૨.૨૫% જેટલી છે, જે પ્રવર્તમાન માપદંડો પ્રમાણે ૨૦% હોવી જોઈએ. તે દૃષ્ટિએ કચ્છ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ લેતા બાળકોની સંખ્યા ૪ લાખ જેટલી થવી જોઈએ. અલગ રાજ્યની આ જવાબદારી બને કે હજુ દોઢ લાખ બાળકો માટે શિક્ષણનું આયોજન કરવું પડે.

- **આરોગ્ય :**

જાહેર આરોગ્ય ક્ષેત્રે કચ્છ જિલ્લાની સ્થિતિ સારી નથી. ડૉક્ટરો, નર્સો, આયાઓ વગેરે સ્ટાફની ખૂબ જ અછત છે. અત્યારે કચ્છમાં આરોગ્ય ક્ષેત્રની ત્રણ સેવાઓ પ્રાથમિક, દ્વિતીય અને ટર્સરી – આ ત્રણેય પ્રકારોમાં ખૂબ જ ખર્ચ અને માનવ શક્તિની જરૂરિયાત છે. નવી પોસ્ટો ઊભી કરવી પડે અને ખાસ નાણાંકીય વ્યવસ્થા વિચારવી પડે. વિકસિત રાજ્ય કચ્છ તો જ બને જો ટર્સરી પ્રકારની દેવા સગવડો દીર્ઘ જેવી ઊભી કરવી પડે. અત્યારે કચ્છમાં વાસ્તવિક દૃષ્ટિએ કુલ જાહેર ક્ષેત્રના ૧૯ યુનિટો છે, જેની રાજ્યમાં સંખ્યા ૪૦૩ની છે. વસતિની દૃષ્ટિએ આ પાસાનો વિચાર કરવા કરતાં વિસ્તારની દૃષ્ટિએ તેનું આયોજન કરવું પડે.

- **માથાદીઠ આવક :**

માથાદીઠ આવકની બાબતમાં જિલ્લાની માથાદીઠ આવક કાઢવા માટેની કોઈ સ્વીકૃત ફોર્મ્યુલા હજી સુધી સ્થાપિત થઈ નથી. પરંતુ જુદા જુદા ક્ષેત્રોની ગણતરી કરતાં અને કચ્છનું જી.ડી.પી. વાર્ષિક ઘરગથ્થુ ઉત્પાદન જે રૂા. ૧૯,૦૦૦ કરોડનું આશરે થાય છે તેની સરખામણી જો ગુજરાતની અને ભારતની માથાદીઠ આવક અનુક્રમે રૂા. ૯૬,૯૭૬/- અને ૬૭,૮૩૯/- (૨૦૧૨-૨૦૧૩) સાથે કરીએ તો કચ્છની માથાદીઠ આવક ઘણી વધારવી પડે. આ ટેકનિકલ વિષય હોવાથી જિલ્લાની માથાદીઠ આવક હજુ કેટલાક આંકડાઓ સરકારમાંથી મળ્યા નથી તેથી ફાઈનલ ગણતરી થઈ શકી નથી. પરંતુ આ આવક જો અલગ રાજ્ય થાય તો પ્રમાણમાં ઘણી ઓછી નીકળે છે. (ભારતની અને રાજ્યોની માથાદીઠ આવક પધ્ધતિ પ્રમાણે કાઢવામાં આવે છે. પરંતુ જિલ્લાની માથાદીઠ આવક કાઢવાની સિસ્ટમ ન હોવાથી, કચ્છ જિલ્લાની માથાદીઠ આવકના આંકડા ઉપલબ્ધ થઈ શકેલ નથી. પરંતુ અન્ય રીતે ગણના કરીએ તો તે પ્રમાણમાં ખૂબ જ ઓછી હશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.)

- **નાણાંકીય :**

રાજ્યની રચના વખતે ખાસ વિચારવાનું પાસું એ નાણાંકીય સ્થિતિનો વિચાર છે.

રાજ્ય કેવુંક ચાલશે ? પ્રગતિ કરશે કે નહીં ? અત્યારે છે તેના કરતાં સારી કે વિપરીત પરિસ્થિતિમાં મૂકાશે ? આવક અને ખર્ચના પાસાનો સુમેળ સધાશે કે નહીં ? તેથી આવક અને ખર્ચને જોવા પડે.

*પ્રથમ આવક જોઈએ.*

આ આવક રાજ્યમાં મુખ્ય બે પ્રકારે આવતી હોય છે : મહેસુલના સ્વરૂપે અને મૂડીના સ્વરૂપે. રાજ્યની મહેસુલી આવકમાં કરની આવક અને કર સિવાયની આવક.

**કરની આવકમાં :**

૧. રાજ્ય સરકારના કરવેરા - કેન્દ્રીય કરવેરામાં હિસ્સો.

૨. કર સિવાયની આવક

૩. ગ્રાન્ટ અને કેન્દ્ર તરફથી ફાળો રાજ્યની કરની આવકમાં.

**રાજ્યની કરની આવક :**

**૧. વેચાણવેરો / વેટ**

(૧) કેન્દ્રીય વેચાણવેરો

(૨) રાજ્ય વેચાણવેરો

(૩) વેટ

(૪) અન્ય

૨. આવક અને ખર્ચ ઉપરનો કર

૩. જમીન મહેસૂલ

૪. સ્ટેમ્પ / નોંધણી

૫. રાજ્યની આબકારી

૬. વાહનો ઉપરનો કર

૭. માલ અને ઉતારાઓ પર કર

૮. વીજળી પર વેરો

૯. મનોરંજન કર

૧૦. અન્ય કરો અને વેરાઓ

**કેન્દ્રીય કરવેરામાં ભાગ :**

૧. નિગમ કર

૨. ઈન્કમટેક્ષ (નિગમ સિવાય)

૩. સંપત્તિવેરો

૪. સીમાકર

૫. સેન્ટ્રલ એક્સાઈઝ

૬. સેવા કર (સર્વિસ ટેક્ષ)

આ ઉપરાંત રાજ્ય પોતે વિચારીને નાખી શકે તેવા નવા ટેક્ષો અને જૂના રદ કરે તેવા ટેક્ષ.

- **કર સિવાયની આવક :**

જેમાં ડિવીડંડ - મિલ્કતોના વેચાણો - ભાગીદારીઓ અને નફો - બોન્ડ ઇત્યાદિનો સમાવેશ થાય છે.

ગ્રાન્ટ સહાયક અનુદાનો (સ્કીમ વાઈઝ)

મહેસુલી આવક પછી મૂડી આવકને જોઈએ તો તેમાં

(એ) (૧) તેવું (જાહેર આંતરિક)

(૨) કેન્દ્ર સરકાર તરફથી ખાસ લોન અને પેશગીઓ

(૩) સાધનોપાય પેશગી / ઓવરડ્રાફ્ટ

(બી) આવતી વસુલાતો લોન અને ગ્રાન્ટમાંથી

(સી) અન્ય મૂડી આવક.

આવકના મુખ્ય સ્રોત ઉપર પ્રમાણેના રહે છે.

કચ્છ રાજ્યની રચનાના વિચાર વખતે કેટલી આવક થશે તેનો આઈટમવાર વિચાર કરીએ તો ખ્યાલ આવે તે માટે આ અભ્યાસલેખ ઉપર છેલ્લો હોવાથી ટૂંકો પડે કારણકે આઈટમવાર લેખાજોખા કરવા પડે તો જ અંદાજ આવે.

મોટા મોટા અંદાજ પ્રમાણે અત્યારના સંજોગોમાં કચ્છ જો રાજ્ય બને તો તેની કુલ આવક અંદાજે રૂા. ૩૫૦૦થી ૪૦૦૦ કરોડ વાર્ષિક થાય.

સૌથી મોટી આવક વેટની બને જે આશરે ૧૩૫૦ કરોડની થાય. જેથી વર્ષનું બજેટ ૪૦૦૦ કરોડનું થાય.

હવે ખર્ચનો વિચાર કરીએ. ખર્ચામાં મૂડી ખર્ચ અને મહેસુલ ખર્ચ બંનેમાં વિકાસલક્ષી અને બિનવિકાસલક્ષી એવા બે ભાગ બને.

- **બિનવિકાસલક્ષી ખર્ચમાં :**

૧. સામાન્ય સેવાઓ (પગારો ઇત્યાદિ)

૨. દેવાઓની ચૂકવણી

૩. સરકાર દ્વારા અપાતી લોન અને ગ્રાન્ટ આવે. જ્યારે તે સિવાયનું બાકીનું તેવું જેવું કે કૃષિ, સિંચાઈ, ગ્રામવિકાસ, ઊર્જા, ઉદ્યોગો, ખનીજ, સામાન્ય આર્થિક સેવાઓ, શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી, સમાજ કલ્યાણ વગેરે લગભગ તમામ બાબતો આવરી લેવાય છે. જેમાં મહેસુલી ખર્ચ અને મૂડી ખર્ચ બંનેનો સમાવેશ થાય છે.

વિકાસલક્ષી અને બિનવિકાસલક્ષી ખર્ચનો અંદાજ ૮૦ : ૨૦નો હોય તો સારૂં ગણાય. ગુજરાતમાં આ અંદાજ ૭૦ : ૩૦નો છે એવું રાજ્ય સરકાર કહે છે, જે ચકાસણી માંગે છે.

કચ્છ નવું રાજ્ય બને તો મૂડી ખર્ચ - બિનવિકાસલક્ષી ખર્ચ ઘણું વધે, જે તેવું જો નજીકના ભવિષ્યમાં ન ભરાય તો કાયમનું દેવાદાર રાજ્ય બની જાય અને Cash Flow તેમજ મહેસુલી ખાધમાંથી ક્યારે પણ ઉગરી શકે નહીં.

૨૦૦૪-૦૫ ગુજરાત રાજ્યની આવી સ્થિતિ દેખાઈ ત્યારે CAG એ અંગે રાજ્યને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે જો ધ્યાન નહીં આપો તો રાજ્ય કાયમનું દેવાદાર રાજ્ય બનશે. તે વખતનું થોડું દેવું આજે વધીને પોણા બે લાખ કરોડે પહોંચ્યું છે અને હજુ ક્યાં જશે તે નક્કી નથી. માટે દેવાના ભારણનો સિધ્ધાંત એવો જાળવવો જોઈએ કે દેવાનું વાર્ષિક વ્યાજ રાજ્યની કુલ GDP ના ૩% કરતા વધવું ન જોઈએ – કચ્છનું નવું રાજ્ય જો બને તો આ ધોરણ જળવાઈ રહે તે બાબત કઠિન બની જાય.

મૂડી ખર્ચ - બિનવિકાસલક્ષી ખર્ચમાં નવું વહીવટ, નવી જગ્યાઓ, તેના પગારો, નવી નવી ઈમારતો, ન્યાયતંત્ર - સચિવાલય - વિધાનસભા ઇત્યાદિ અનેક (જે અંગે એક પુસ્તક જેટલું લખાણ થાય છે) વિભાગો રાજ્યના બજેટને કદાચ વ્યાજબી ન ઠેરવે અને કચ્છ ગુજરાત જેવું કાયમી દેવાદાર રાજ્ય બની જાય. જેની અસર ગુજરાતની જેમ લાંબાગાળે નહીં, પણ શરૂઆતથી દેખાવા માંડે.

કચ્છનું સંભવિત GDP ઘરગથ્થુ ઉત્પાદન રૂા. ૧૯,૦૦૦ કરોડનું થવા સંભવ છે. જેમાં ૩% એટલે કે રૂા. ૫૭૦ કરોડ જેટલું તેવું રાજ્ય કરે તો વ્યાજબી ઠરી શકે. નવા રાજ્યની રચનામાં આ રકમ ખૂબ જ ઓછી પડે.

- **કચ્છનું સંભવિત બજેટ :**

રાજ્ય બને તો કચ્છની સંભવિત કુલ આવક હાલ રૂા. ૪૦૦૦ કરોડની આસપાસ સંભવી શકે (જેમાં રૂા. ૧૩૦૦ કરોડ વેટની અને અન્ય વેચાણવેરા ઇત્યાદિની આવક રૂા. ૪૪૦ કરોડની મળી વેચાણવેરા અને વેટની કુલ આવક રૂા. ૧૭૪૦ કરોડ જેટલી થાય.)

ઉપર ઉપરથી જોતા આ પ્રકારની નાણાંકીય સ્થિતિ જો સર્જાય તો, અલગ રાજ્યની રચના વ્યાજબી ઠરી શકે નહિ. જેથી નવા નાણાંકીય સ્રોતોનો વિચાર કરવો પડે. કચ્છના રાજ્ય માટે કચ્છનો દરિયા કિનારો અને ભૂતળમાં રહેલ વાયુ અને પ્રવાહી સ્વરૂપનું ખનીજ આ બંને એટલા બધા મોટા પાસા છે, કે યોગ્ય સ્વરૂપે આયોજન અને અમલીકરણ થાય તો દેશનાં તમામ રાજ્યો કરતાં પ્રથમ પાંચમાં તે આવીને ઊભું રહે.

- **સલામતી :**

રાજ્યની રચના પછી જેમ જેમ વિકસિત થતું કચ્છ, દુનિયાને દેખાય તેમ તેમ સલામતી એ ચિંતાનો વિષય બને તેમ દેખાય છે. સરહદી સલામતી કચ્છ માટે મોટી ચેલેન્જ બની રહે. દરિયાઈ અને જમીન – આ બંને સરહદોને – કચ્છના અત્યારના વાતાવરણમાં, જે રીતે સામાજિક કે સાંસ્કૃતિક પરિસ્થિતિ છે, તે રીતે – સલામતી સ્વરૂપે સરહદી રાજ્ય તરીકે કચ્છ સ્થિતિને કઈ રીતે જાળવી શકે અને આવતી સમૃધ્ધિ ભૌગોલિક સ્થાન જોતાં ઈર્ષ્યાનું કારણ બની, વધુ ચિંતાજનક પરિસ્થિતિ પેદા ન કરે તેનો વિચાર કરીને આગળ વધવું પડે.

- **ધારાકીય :**

કચ્છનું જો રાજ્ય બને તો તે સુરાજ્ય હોવું જોઈએ. એટલું જ નહીં, પણ તે સરહદી રાજ્ય બનતું હોવાને કારણે સલામત રાજ્ય પણ બનવું જોઈએ. રાજ્ય સલામત બનાવવું હોય તો રૂલ ઑફ લૉ નું રાજ્ય હોવું જોઈએ અને તે ઈફેક્ટીવ રૂલ ઑફ લૉ નું રાજ્ય બનવું જોઈએ. એટલે કાયદાઓ વાસ્તવિક કડક, અસરકારક અને વ્યાજબી હોવા જોઈએ. આ પ્રકારનાં કાયદા ઘડવાની રાજ્યને એક તક મળે – જો કાયદા ઘડનારું અંગ અભ્યાસુ અને ડેડીકેટેડ હોય. એનો અર્થ એ થયો કે, કાયદા ઘડવા માટે વિધાનસભા અસરકારક હોવી જોઈએ. આઝાદી પછીના કેન્દ્રીય અને રાજ્યના કાયદાઓ મહ્દઅંશે વર્ગવિભાજનકારી અને વધારે પડતા ડિસ્ક્રીશનરી ઓથોરીટીઝ પેદા કરનારા રહ્યા છે. જેમકે રાજ્ય અને પ્રજા, શેઠ અને નોકર, મકાન માલિક અને ભાડુઆત, જમીનદાર અને ખેડૂત વગેરે. આ પ્રકારના કાયદાઓને કારણે માનવ સમાજ વિભાજિત થયો દેખાય છે. સરકારના હાથમાં વધારે સત્તાઓના ડિસ્ક્રિશને ભ્રષ્ટાચારને વેગ આપ્યો છે. જેથી અધિકારી વર્ગ અને પ્રજાની વચ્ચે કાયદાકીય સીસ્ટમનો પડતો જરૂરી છે. પ્રજાનો અધિકાર અને રાજ્યની ફરજ બતાવતા કાયદાઓ પણ જરૂરી છે. આદર્શ રાજ્યની વિધાનસભા આ બધાથી ઉપર ઉઠવાની શક્તિ અને સામર્થ્ય ધરાવતી અને તે પ્રકારનાં કાયદા ઘડતી બને, તો કચ્છ રાજ્યની રચના સાર્થક થાય. અન્યથા તો અત્યારના જ્ઞાતિવાદી હરીફાઈના રાજકારણથી ચુંટાયેલા પ્રતિનિધિઓ કચ્છ રાજ્યની વિધાનસભાને ગુજરાતની વિધાનસભા કરતાં વધારે નિમ્ન કક્ષાની બનાવે તેવી સંભાવના દેખાય છે. આ પરિસ્થિતિમાંથી ઉગરવા પોલીટીકલ સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ (જે પક્ષીય ઢાંચાઓથી અને ચૂંટણીની રાજનીતિથી પર હોય તેવી)ની જરૂરત છે. જો અલગ રાજ્યની ઈચ્છાશક્તિ દ્રઢ

હોય તો જરૂર સંભવી શકે. અને તે માટે યુનિવર્સિટીમાં પણ તે પ્રકારનાં શિક્ષણ અને અભ્યાસો જરૂરી બને જેનો આજે સાર્વત્રિક અભાવ દેખાય છે. જો આ શક્ય બને તો દેશને દિશા ચીંધતું રાજ્ય કચ્છ જરૂર બની શકે.

ઉપર મુજબની સમગ્ર પરિસ્થિતિના સંદર્ભે જો અલગ રાજ્યની રચના થવી જોઈએ તેવો વિચાર દ્રઢ બને અને ગુણવત્તાની દૃષ્ટિએ વ્યાજબી જ ગણાય તો તેની રચનાની વાસ્તવિક પરિસ્થિતિ બંધારણીય રીતે કઈ પ્રક્રિયાથી સંભવી શકે એમ છે તે પણ જોઈ લઈએ.

બંધારણના આર્ટીકલ-૩ માં નવા રાજ્યની રચનાની જોગવાઈ છે. જે માટેની સત્તા પાર્લામેન્ટને છે, જે કાયદા દ્વારા તે કરી શકે છે. પરંતુ તેથી પહેલાનાં બે તબક્કા વ્યવહારૂ દૃષ્ટિએ ખૂબ અઘરા છે.

એક તો પાર્લામેન્ટમાં આ અંગેનું બીલ તો જ દાખલ થઈ શકે, જો રાષ્ટ્રપતિએ આ અંગે તેની ખાસ ભલામણ કરી હોય અને રાષ્ટ્રપતિ ત્યારે જ ભલામણ કરી શકે જ્યારે તેમણે ગુજરાત વિધાનસભાનું મંતવ્ય તે ખરડો મોકલીને જાણ્યું હોય. ગુજરાત વિધાનસભાનું આવા ખરડા પ્રત્યે મંતવ્ય કેવું રહેવા સંભવ છે તે જાણવું અઘરું નથી. જેથી આ બંને તબક્કાઓ એટલા બધા મુશ્કેલ છે કે અતિશય દબાણ અને વાતાવરણ વિના તે સંભવી શકે એવું જણાતું નથી.

**સમગ્રતયા જોઈએ તો નીચે પ્રમાણેનું ચિત્ર ઉપસે છે :**

**ફાયદા :**

★ કૃષિની જમીનનો ઉપયોગ.

★ ઘરગથ્થુ ઉત્પાદનમાં વધારો.

★ ખનીજ સંપત્તિમાં પેટ્રોલિયમ અને ગેસનું ઉત્પાદન (જે કદાચ કચ્છની કાયાપલટ કરી શકે.)

★ રોજગારીની તકોમાં વધારો.

★ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી લેન્ડ યુઝ મેપ પ્રમાણેનું આયોજન અને અમલીકરણ.

★ ભાવિ પેઢીઓનું કાયમ માટે સુખદ નિર્માણ.

★ બંદરોનો વિકાસ.

★ પાયાની સુવિધાઓમાં જબરો વધારો.

**ગેરફાયદા :**

★ પાણીની ઉપલબ્ધિમાં પરાવલંબિત. (અધિકારના બદલે મહેરબાનીથી)

★ શરૂઆતથી જ અણઘડ આવડતવાળો વહીવટ (જે કદાચ કાયમી બાળમાંદગી કરફ લઈ જાય.)

★ મોટા પ્રમાણમાં તેવું, જે રાજ્યને કાયમનું દેવાદાર બનાવે.

★ માંગ માટેનો યોગ્ય સમય અત્યારે નથી.

★ સરહદી રાજ્ય તરીકેની કાયમી જવાબદારી.

★ વર્તમાન પેઢીનું સમર્પણ.

- **ઉપસંહાર :**

સમગ્રતયા જોઈએ તો ઉપરના લખાણમાં ઘણાં મુદ્દાઓ અને પાસાઓ રહી ગયા હશે. હજુ પણ ઊંડા વિચારને અવકાશ છે. પરંતુ વિચાર માટે ઉપરનું લખાણ દિશાસૂચક બની રહેવા સંભવ દેખાય છે. લખાણ જૂના ડેટા આધારિત છે. નવો ડેટા મેળવવો અઘરો પડે છે. આમ છતાં જે કાંઈ મળ્યું તે પરથી આ તૈયાર કર્યું છે. મેં જે તે સમયે જ્યારે જ્યારે મોકો મળ્યો ત્યારે કચ્છના વિકાસને માટે કરેલા પ્રયાસો આત્મશ્લાઘા તરફ લઈ જતાં જણાય, તેથી વર્ણવ્યા નથી. અનેક ભૂલો રહી ગઈ હોવા સંભવ છે, જે બદલ ક્ષમાપ્રાર્થી છું. એક પ્રયાસ નિષ્ઠાથી ફરજ સમજીને કરેલ છે.

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ નવા બનેલા સભ્યોની યાદી

### આજીવન સભ્યો

- શ્રી કનૈયાલાલ મણીલાલ મજીઠિયા
- શ્રી દિલિપકુમાર હીરજીભાઈ વીરા
- શ્રી અમિતભાઈ હીરજીભાઈ વીરા
- શ્રી રફીક સમસુદ્દીનભાઈ ભીમાણી
- શ્રી મુલજીભાઈ જીવરામભાઈ ઠક્કર
- શ્રી સ્નેહલ મુળજીભાઈ ઠક્કર
- શ્રી રમેશભાઈ મણીલાલ પુંજ

### કચ્છશ્રુતિના નવા બનેલા આજીવન સભ્યો

**૨ વર્ષ માટે**

- શ્રી દિલીપભાઈ હિરજીભાઈ વીરા
- શ્રી રફીકભાઈ સમસુદ્દીનભાઈ ભીમાણી
- શ્રી મુલજીભાઈ જીવરામભાઈ ઠક્કર

**૫ વર્ષ માટે**

- શ્રી રમેશભાઈ મણીલાલ પુંજ

**આજીવન**

- શ્રી મયુર શંકરદાન બારોટ
- શ્રી સ્નેહલ મુળજીભાઈ ઠક્કર

**સર્વે સભ્યોને શ્રી કચ્છી સમાજ-અમદાવાદ તથા કચ્છશ્રુતિ પરિવાર આવકારે છે.**

# આ છે 'ક' વર્ગના કચ્છ રાજ્યનું વહીવટી તંત્ર

• નરેશ અંતાણી •

'ક' વર્ગના કચ્છ રાજ્યના સમય દરમ્યાન પ્રજાનો અવાજ બુલંદ બનાવવા મુખ્ય સલાહકાર સમિતિ ઉપરાંત જુદા જુદા વિભાગો માટે પણ સલાહકાર સમિતિની રચના કરાઈ હતી, બે હજાર થી વધારે વસતીવાળા ગામોને સ્વતંત્ર ગ્રામ પંચાયત આપવામાં આવી હતી તો ૩૦ બેઠકોવાળા જિલ્લા લોકલ બોર્ડની પણ રચના કરવામાં આવી હતી, જિલ્લાના મુખ્ય ચાર શહેરો ભુજ, અંજાર, માંડવી અને મુંદરામાં નગરપાલિકાની રચના કરાઈ હતી.

૧લી જુન, ૨૦૧૪ના તેલંગાણા રાજ્યનું ૨૯મું રાજ્ય બન્યું. અને તેનું સ્વતંત્ર પ્રધાનમંડળ પણ અસ્તિત્વમાં આવી ગયું. તેજ દિવસથી બરાબર ૫૬ વર્ષ અગાઉ કચ્છ રાજાશાહીથી મુક્ત બની ભારત સંઘમાં જોડાયું હતું ને 'ક' વર્ગના ધારાસભા વિનાના કેન્દ્રની સીધી દેખરેખ ધરાવતા રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું હતું. 'ક' વર્ગના કચ્છ રાજ્યના વહીવટી તંત્ર વિશે વિગતો જાણવી પ્રાસંગિક બની રહેશે. આ અગાઉ આઝાદી પછીના કચ્છના રાજકીય ઈતિહાસ પર ટૂંકી નજર પણ કરી લઈએ.

**'ક' વર્ગનું કચ્છ રાજ્ય :** ૧૯૪૮ના માર્ચ મહિનામાં કચ્છના જાડેજા વંશના છેલ્લા રાજવી મહારાવશ્રી મદનસિંહજી કચ્છની ગાદી પર આવ્યા ત્યારે કચ્છ સહિતના સમગ્ર ભારતમાં ભારે ઉથલપાથલ ચાલુ હતી. અંગ્રેજોની ગુલામીમાંથી દેશ આઝાદ થઈ ગયો હતો અને ભારત-પાકિસ્તાનના ભાગલા પણ પડી ગયા હતા. કચ્છને સૌરાષ્ટ્ર સાથે જોડવાની વાતો ચાલતી હતી ત્યારે મદનસિંહની રજૂઆતને ધ્યાને લઈ કચ્છને સૌરાષ્ટ્ર સાથે જોડવાના બદલે કેન્દ્ર સાથે સંલગ્ન રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો, જ્યારે સૌરાષ્ટ્રને ધારાસભાવાળા સ્વતંત્ર રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો.

કચ્છનું ભારત સંઘના એક ભાગ તરીકે વિલીનીકરણ ૧લી જૂન ૧૯૪૮ના દિવસે કરવામાં આવ્યું અને ધારાસભા વિનાના 'ક' વર્ગના રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો.

**બૃહદ મુંબઈ રાજ્ય :** આ પછી તા. ૧-૧૧-૧૯૫૬ના બૃહદ મુંબઈ રાજ્યની રચના કરતાં કચ્છને 'ક' વર્ગના રાજ્યનો દરજ્જો મિટાવીને તેનો બૃહદ મુંબઈ રાજ્યમાં ગુજરાત અને સૌરાષ્ટ્રની સાથે જ સમાવેશ કરાયો. કચ્છને મુંબઈ વિધાનસભામાં આઠ અને વિધાન પરિષદ માટે એક બેઠક ફાળવવામાં આવી. રાજ્યનું મુખ્ય મથક હોવાથી ભૌગોલિક રીતે કચ્છ એકલું પડી જતું હતું તેના પ્રશ્નો ઉકેલવામાં અનેક અડચણો પડતી હતી. પરંતુ આ દરમ્યાન મહાગુજરાતના આંદોલનનો આરંભ થયો અને તેને સફળતા મળતા મુંબઈથી ગુજરાત વિખુટું પડ્યું અને ગુજરાત રાજ્યની રચના કરવામાં આવી અને કચ્છનો પણ તેમાં સમાવેશ કરાવામાં આવ્યો.

**ગુજરાત રાજ્યનો કચ્છ જિલ્લો :** તા. ૧-૫-૧૯૪૮ના દિવસે 'ક' વર્ગના કચ્છ રાજ્યનો વહીવટ કેન્દ્ર સરકાર સંભાળ્યો ત્યાર સૌ પ્રથમ તેના વહીવટી વડા અર્થાત્ ચીફ કમિશ્નર તરીકે બાહોશ અને કુશળ અધિકારી સી. કે. દેસાઈની વરણી કરવામાં આવી. ધારાસભા વિનાનું કચ્છ રાજ્ય કોઈ કચ્છી પ્રજાનો અવાજ અસરકારક રીતે રજૂ થાય એ માટે ચીફ કમિશ્નરની સહાય માટે સ્થાનિક આગેવાનોની એક સલાહકાર સમિતિની રચના કરવામાં આવી આ સલાહકારોમાં ગુલાબશંકર ધોળકિયા, રણછોડભાઈ નાથાભાઈ, કૃષ્ણદાસ પંજવાણી, પ્રેમજીભાઈ ભગાવનજીભાઈ ઠક્કર, ભવાનજી અરજણ ખીમજી, કાંતિપ્રસાદ અંતાણી તથા ખીમજી માંડણ ભુજપુરીયાનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

કેન્દ્ર સરકારે પોતાના ગૃહ વિભાગના એક અધિકારી એલ. એન. નાગરને રાજાશાહીના વખતની જુની દિવાન કચેરીની પુનઃરચના કરવાનું કામ સોંપ્યુ. એમણે એ સમયની દિવાન કચેરીનો વહીવટ તથા તેમાં ચાલતી કાર્ય પદ્ધતિનો સંપૂર્ણ અભ્યાસ કર્યા પછી કચ્છ રાજ્યના ચીફ કમિશ્નરની કચેરી તથા સંપૂર્ણ વહીવટી માળખાની રચના માટેનો અહેવાલ તૈયાર કર્યો.

અગાઉની પદ્ધતિમાં ધરમૂળથી તેમણે ફેરફારો સૂચવ્યા જેની વિગતવાર ચર્ચા સ્થળ સંકોચને કારણે ટાળી છે માત્ર 'ક' વર્ગના કચ્છ રાજ્યની રચના પછીના તરતના વહીવટી માળખાની જ વિગતો જોઈશું.

કચ્છના રાજ્યના રજીસ્ટ્રાર તરીકે કોલ્હાપુર રેસિડન્સી અને રિજિયોનલ કમિશનરનો સેક્રેટરી બી. જી. ખાબડેને આ સ્થાન પર મુકવામાં આવ્યા હતા. શ્રી ખાબડેનો કોલ્હાપુરનો વિશાળ વહીવટી અનુભવ કચ્છ રાજ્યને મળ્યો. જો કે પાછળથી શ્રી ખાબડેને ચીફ કમિશ્નરના સેક્રેટરી તરીકે મુકવામાં આવ્યા હતા.

કે. વી. ભટ્ટ પ્રથમથી જ કચ્છ રાજ્યના સેક્રેટરી હતા. તેમને તે સ્થાને ચાલુ રખાયા અને વધારામાં સલાહકાર સમિતિના સેક્રેટરીની પણ કામગીરી તેમને સોંપવામાં આવી. તેમની મદદમાં એસ.સી. જેઠીને આસીસ્ટન્ટ સેક્રેટરી તરીકે નિમવામાં આવ્યા હતા. શ્રી ખાબડેને ચીફ કમિશ્નરના સેક્રેટરી તરીકે મૂકવામાં આવતા રજીસ્ટ્રાર તરીકે એસ. બી. પાટીલની નિમણુંક કરાઈ.

આ પછી કચ્છ સરકારમાં નોકરી કરવા ઈચ્છતા લોકો માટે ખાસ લાયકાતના ધોરણો પણ તૈયાર કરવામાં આવ્યા અને આ માટેની નિયમાવલી, કામગીરીની વિગતો વગેરે લગતી માર્ગદર્શિકા પણ તૈયાર કરાઈ અને કર્મચારીઓની નિમણુંક માટે પરીક્ષાનું ધોરણ પણ દાખલ કરવામાં આવ્યું. શ્રીનાગરના અહેવાલના આધારે વહીવટી કર્મચારીઓના પગાર ધોરણ પણ મુકરર કરાયાં અને સૌરાષ્ટ્ર રાજ્યના કર્મચારીઓને આપવામાં આવતા પગાર ધોરણ મુજબ જ કચ્છ રાજ્યના કર્મચારીઓના પણ પગાર ૧લી એપ્રિલ ૧૯૫૦થી અમલમાં મૂકવામાં આવ્યા.

જુના કચ્છ રાજ્યની હજુર કચેરીમાં દિવાન, નાયબ દિવાન, સેક્રેટરી અને ડેપ્યુટી સેક્રટરી ઉપરાંત ૫૧ જણાનો વહીવટી સ્ટાફ હતો અને તેમનું વાર્ષિક રૂ. ૯૬,૪૦૦નું ખર્ચ હતું પરંતુ નવા કમિશ્નરની મધ્યસ્થ કચેરીમાં ૬૭ વ્યક્તિઓનું સંખ્યાબળ હતું અને તેનો વાર્ષિક ખર્ચ રૂ. ૨,૦૭,૬૦૦ હતું. આમ કચ્છ રાજ્યના તે સમયના કર્મચારીઓને રાજાશાહીના પગાર કરતાં વધારે આર્થિક લાભ થતો હતો.

રાજાશાહીના સમયમાં પાસપોર્ટનું કામ રાજકોટમાં થતું હતું પરિણામે કચ્છ બહાર વસતા કચ્છીઓને રાજકોટના ધક્કા વારંવાર કરવા પડતા હતા પરંતુ 'ક' વર્ગના કચ્છ રાજ્યના અમલની સાથે જ ભુજમાં જ કમિશ્નરની કચેરીમાં પાસપોર્ટ કચેરીનો આરંભ કરવામાં આવ્યો જે કચ્છી જનતાને ખૂબ જ લાભદાયક પુરવાર થયો હતો. આ સમયે કચ્છમાંથી એક વર્ષમાં સરેરાશ ૮૦૦ પાસપોર્ટ તૈયાર કરવામાં આવતા. આ કામગીરી ભુજમાં કરાતા કચ્છીઓનો આર્થિક ખર્ચમાં મોટો બચાવ થયો હતો.

**પ્રજાના અસરકારક અવાજ માટે તંત્રની પહેલ :** કચ્છમાં ધારાસભા વિનાનું રાજ્ય હોવાથી પ્રજાનો અવાજ અસરકારક રજૂ થઈ શકે એ માટે ચીફ કમિશ્નરને વહીવટમાં મદદરૂપ બનવા એક સલાહકાર સમિતિની રચના કરાઈ હતી. જેની વિગતો પણ આપણે અહીંથી નોંધી જ છે આ સિવાય પણ એ સમયે પ્રજાનો અવાજ બુલંદ બનાવવા 'ક' વર્ગના કચ્છ રાજ્યના સત્તાધિશો દ્વારા અનેક પગલાઓ લેવાયા હતા.

એ સમયે કચ્છના સાત શહેરોમાં નગરપાલિકાની રચના કરવામાં આવી હતી. આ નગર પાલિકાઓમાં પણ મર્યાદિત મત્તાધિકાર હતો અને એ મત્તાધિકારથી ૨/૩ સભ્યોને ચૂંટવામાં આવતા હતા અને ૧/૩ સભ્યો નિયુક્ત કરવામાં આવતા હતા.

આ સિવાય કચ્છ રાજ્યના જુદા જુદા વિભાગોમાં પણ પ્રજાનું દ્રષ્ટિબિંદુ યોગ્ય રીતે રજુ થાય અને તેનો અવાજ પણ અસરકારક રીતે રજુ થાય તે માટે કેળવણી, આરોગ્ય, વાહન વ્યવહાર, સિંચાઈ, પછાત વર્ગ કલ્યાણ તથા અન્ન અને નાગરિક પુરવઠા જેવા પ્રજાને સીધી રીતે અસરકર્તા વિભાગોમાં ખાતાવાર સલાહકાર સમિતિઓની પણ રચના કરવામાં આવી હતી. જેમાં આગેવાન નાગરિકોને નિમવામાં આવ્યા હતા. આ સમિતિ પ્રજા અને રાષ્ટ્ર હિત તથા તેના વિકાસને ધ્યાનમાં રાખી દરેક પ્રશ્નો પરત્વે જે તે વિભાગને ઉપયોગી સલાહ આપતી હતી. આ જ રીતે ગૃહ ઉદ્યોગ, પનચરી, વેઠપસા, વન, અતિવૃષ્ટિ, વિઘોટી તથા દારૂબંધી જેવા વિષય પર પણ ભલામણ કરવા સમિતિઓની રચના કરવામાં આવતી હતી.

કચ્છ રાજ્યમાં એ સમયે જુદા જુદા ખાતાઓની રચના કરવામાં આવી હતી. આ ખાતાઓની નામાવલી આ મુજબ છે. ન્યાય, મહેસુલી વહીવટ અને મુલ્કી ખાતુ, ખેતીવાડી ખાતુ, અન્ન અને નાગરિક પુરવઠા, મહેસુલી સર્વે મોજણી, સેટલમેન્ટ સર્વે અને મોજણી, તોલમાપ, પછાત વર્ગ કલ્યાણ, વન વિભાગ, મત્સ્ય ઉદ્યોગ, પશુપાલન, શિક્ષણ, આરોગ્ય, સિંચાઈ, જાહેર બાંધકામ, હિસાબ, ડેરી, છાપકામ, કાયદો અને વ્યવસ્થા, જેલ, કચ્છનો સમુદ્ર કાંઠા અને બંદરો તથા વાહનવ્યવહાર. આ પ્રકારના જુદા જુદા વિભાગોથી કચ્છનું સચિવાલય એ સમયે ધમધમતું રહેતું હતું.

મુંબઈ નગરપાલિકા ધારા ૧૯૨૫નો અમલ ૧૯૫૦માં કરવામાં આવતા કચ્છના મુખ્ય ચાર શહેરો ભુજ, અંજાર, માંડવી તથા મુંદરામાં પુખ્તમતાધિકાર ધરાવતી સ્વંતત્ર ચૂંટણી પણ કરવામાં આવી હતી.

ગ્રામ્ય પ્રજા પણ પોતાના ગામના પ્રશ્નનો નિકાલ પોતે જ કરી શકે એ માટે મુંબઈ પંચાયત ધારાનો પણ અમલ કચ્છ રાજ્ય દ્વારા કરવામાં આવતાં એ મુજબ પ્રાથમિક તબક્કે ૨૦૦૦ કે તેથી વધારે વસતીવાળાં ગામોમાં ગ્રામ પંચાયતની રચના કરવાનું કાર્ય આરંભાયું અને આવા ગામોમાં પુખ્ત મતાધિકારવાળી ગ્રામ પંચાયતોની રચના કરવામાં આવી પાછળથી તમામ ગામોમાં પણ તેનો અમલ કરવાનું આરંભાયું હતું.

મુંબઈ જિલ્લા લોકલ બોર્ડ ધારાનો પણ કચ્છમાં અમલ કરાયો અને તેના આધારે જિલ્લા લોકલ બોર્ડની રચના ૧૯૫૨માં કરવામાં આવી હતી અને તેના પ્રથમ પ્રમુખ તરીકે હિરજીભાઈ કોટકની વરણી કરવામાં આવી હતી. લોકલ બોર્ડની ૩૦ બેઠકોની ચુંટણી પણ કરવામાં આવતી હતી. લોકલ બોર્ડ દ્વારા પ્રજા સાથે સીધો સંપર્ક રહી શકે તે માટે ગ્રામ વિકાસ નામનું માસિક મુખપત્ર પણ શરૂ કરવામાં આવ્યું હતું તો રાજ્યના વહીવટી તંત્ર દ્વારા પણ મહેસુલ પત્રિકા નામનું પાક્ષિક મુખપત્ર પ્રકાશિત કરવામાં આવતું હતું.

ભારત સંઘની રચના પછી લોકસભામાં બે તથા રાજ્યસભામાં એક એમ મળીને કચ્છના કુલ ત્રણ સંસદ સભ્યો દેશની સંસદમાં બેસતા હતા. આમ, કચ્છ 'ક' વર્ગના રાજ્યામલના પ્રથમ ત્રણ વર્ષમાં જ પ્રજાનો સંપૂર્ણ અવાજ ધરાવતા જવાબદાર રાજ્યતંત્રની રચના કરાઈ હતી.

# હિપ્નોટિઝમ : મનનો એક અદ્ભૂત અનુભવ

● ડૉ. પ્રશાંત ભીમાણી ●



ડૉ. પ્રશાંત ભીમાણી ગુજરાતના સુપ્રસિદ્ધ કન્સલ્ટિંગ સાયકોલોજીસ્ટ અને હિપ્નોથેરાપીસ્ટ છે. હિપ્નોસીસના ક્ષેત્રમાં તેઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત છે. છેલ્લા એકવીસથી પણ વધુ વર્ષોથી મનોચિકિત્સા અને શૈક્ષણિક ક્ષેત્રે કાર્યરત એવા ડૉ. ભીમાણી ઉમદા વ્યક્તિત્વ ધરાવતા હોવા ઉપરાંત એક અસરકારક વક્તા અને સફળ સલાહકાર છે.

ડૉ. પ્રશાંત ભીમાણી દિવ્ય ભાસ્કર દૈનિકની 'કળશ' પૂર્તિમાં '**મનદુરસ્તી**' નામે અતિ લોકપ્રિય કોલમ લખે છે. તેઓના ત્રણ પુસ્તકો '**ધ વ્હાઈટ ટાઈગર**', '**મનદુરસ્તી**' અને '**હું અને તું**' અપાર લોકચાહના પામ્યા છે.

● સ્ટ્રેસ મેનેજમેન્ટ ● સેલ્ફ મોટીવેશન ● કોર્પોરેટ ટ્રેનિંગ ● સેલ્ફ હિપ્નોસીસ ● સ્ટુડન્ટ્સ કાઉન્સેલિંગ ● મેરાઈટલ રીલેશનશીપ ● ધ આર્ટ ઑફ હેલ્ધી પેરન્ટિંગ વગેરે... વિષયોમાં નિષ્ણાત એવા ડૉ. પ્રશાંત ભીમાણીએ દેશ-વિદેશમાં અસંખ્ય વર્કશોપ, સેમિનાર અને વક્તવ્યો આપે છે. હાલમાં તેઓએ '**રેડિયો સીટી ૯૧.૧ એફ.એમ.**' પરથી રેગ્યુલર લાઈવ રેડિયો-કાઉન્સેલર તરીકે અભૂતપૂર્વ લોકપ્રિયતા મેળવી છે. 'પોઝિટિવ સાયકોલોજી'ના પુરસ્કર્તા ડૉ. પ્રશાંત ભીમાણી હાલમાં અમદાવાદમાં નવતર પ્રકારના '**હેલ્ધી માઈન્ડ્સ**' નામના હેપ્પીનેસ ક્લિનિકમાં પ્રેક્ટીસ કરી રહ્યા છે. **– મુખ્યતંત્રી**

હિપ્નોટિઝમ કે હિપ્નોસીસની પ્રક્રિયાનો ચિકિત્સાના ક્ષેત્રમાં જે ઉપયોગ થાય છે તેને હિપ્નોથેરપી કહેવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયા સંપૂર્ણપણે મનોવૈજ્ઞાનિક છે.

આપણા મનના ત્રણ સ્તર ડૉ. સિગ્મન્ડ ફ્રોઈડે જણાવ્યા છે. કોન્સિયસ માઈન્ડ, સબ-કોન્સિયસ માઈન્ડ અનકોન્સિયસ માઈન્ડ. ફ્રોઈડે એવું ભારપૂર્વક જણાવ્યું છે કે વ્યક્તિના વર્તનની સમસ્યાઓના મૂળ અનકોન્સિસયસ માઈન્ડમાં રહેલાં હોય છે અને તેને જાણવા માટેનું પ્લેટફોર્મ એ સબકોન્સિયસ માઈન્ડ છે. તે માટેની અસરકારક પદ્ધતિ તે 'હિપ્નોસીસ' અથવા 'સંમોહન'ની ચિકિત્સા પદ્ધતિ છે.

### *કયા રોગો અને સમસ્યાઓમાં હિપ્નોથેરપીનો ઉપયોગ થાય?*

ગભરામણ, ચિંતા, એકઝાઈટી, ડિપ્રેશન, ફોબિયા, હિસ્ટિરિયા, મનોજાતીય તકલીફો, અનિદ્રા, સ્ટ્રેસ, માઈગ્રેઈન અને એસીડીટી જેવી મનોશારીરિક તકલીફો, બાળકોના વર્તનની સમસ્યાઓ, એડજસ્ટમેન્ટની સમસ્યાઓ, વ્યસનો વગેરેમાં આ થેરપી વપરાય છે. ટૂંકમાં માનસિક રોગો અને વર્તનની સમસ્યાઓમાં હિપ્નોથેરેપી વપરાય છે.

'હિપ્નોસીસ'નો હાલમાં એક અસરકારક ઉપયોગ કિડની ટ્રાન્સપ્લાન્ટના દર્દીઓ ઉપર કરવામાં આવે છે. તેમને ઓપરેશન માટે માનસિક રીતે સજ્જ બનાવવા માટે તેમજ ઓપરેશન પહેલાની ચિંતાઓને દૂર કરવામાં હિપ્નોથેરપીનો ઉપયોગ કરવામાં આવે છે. અમદાવાદની કિડની ઈન્સ્ટિટયૂટમાં આનો સફળતાપૂર્વક ઉપયોગ સૌ પ્રથમવાર આ ક્ષેત્રમાં શરૂ થયો છે. હિપ્નોસીસથી એનેસ્થેસિયા કે એનાલ્જેશિયા ઉત્પન્ન કરી શકાય છે. પીડારહિત પ્રસૂતિ માટે 'સંમોહન'નો ઉપયોગ ઘણા સમયથી થાય છે.

આમ, એક સફળ અને અસરકારક પ્રિવેન્ટિવ સાઈકાથેરાપી તરીકે માનસિક રોગોના નિવારણ માટે, વર્તનની સમસ્યાઓ દૂર કરવામાં તેમજ વ્યકિતત્વના વિકાસ માટે હાલમાં દેશ-વિદેશમાં હિપ્નોથેરપીનો ઉપયોગ ખૂબ જ વધતો જાય છે. જો ક્વોલિફાઈડ સાઈકોલોજીસ્ટ દ્વારા ઉપયોગમાં લેવામાં આવે તો હિપ્નોથેરપીના ચોક્કસ સફળ અને હકારાત્મક પરિણામો મળે છે.

### *શું દરેક સ્વસ્થ વ્યક્તિ હિપ્નોસીસનો લાભ લઈ શકે ?*

જી હા ! દરેક વ્યક્તિ હિપ્નોસીસનો લાભ લઇ શકે.

સ્વસ્થ અને નોર્મલ વ્યક્તિઓ માટે તો 'હિપ્નોથેરપી' એક અસરકારક સાઈકોલોજિકલ ટેક્નીક છે. આજકાલ સ્વસ્થ મનને વધારે મજબૂત અને અસરકારક બનાવવા વખતે વૈજ્ઞાનિકો ધ્યાન આપી રહ્યા છે. વ્યક્તિત્વ વિકાસ માટે 'પોઝિટિવ સજેશન્સ' આપવામાં આવે છે. જેનાથી આત્મવિશ્વાસ અને મનોબળ વધે છે. રોજિંદા કોઈપણ કાર્યમાં વધુ સારા પરિણામ માટે 'કોન્સન્ટ્રેશન' વધારી શકાય છે. લઘુતાગ્રંથિ દૂર કરી શકાય છે. 'હિપ્નોસીસ' નો ખૂબ અસરકારક રીતે યાદશક્તિ વધારવામાં ઉપયોગ થાય છે.

'પોઝિટિવ એટિટ્યૂડ' અને 'બેટર એડજસ્ટમેન્ટ' માટે વિશિષ્ટ સૂચનો અપાય છે. સંગીત, એક્ટિંગ, સ્પોર્ટસ જેવી બાબતોમાં સુષુપ્ત શક્તિઓનો વિકાસ કરી શકાય છે. 'પોઝિટિવ થીકિંગ અને સારા મૂડને સ્વસૂચનો દ્વારા જાળવી શકાય છે.

## *હિપ્નોથેરપી કેવી રીતે આપવામાં આવે છે ?*

'હિપ્નોથેરપી' માટે સિટિંગ્સ આપવામાં આવે છે. આ માટે શાંત વાતાવરણમાં વ્યક્તિને સૌ પ્રથમ રિલેક્સેશન કરાવવામાં આવે છે અને તે પૂર્વે મેળવેલી કેસ હિસ્ટ્રીને ધ્યાનમાં રાખીને સૂચનો તૈયાર કરાય છે. વર્તન સુધારણા કઈ દિશામાં કરવાની છે તેની ચર્ચા 'કાઉન્સેલિંગ સેશન' દરમિયાન થાય છે. પછી રિલેક્સ અવસ્થામાં 'હિપ્નોસીસ'ના ટેકનીકલ સજેશન આપવામાં આવે છે. વ્યક્તિનું અચેતન મન આવા સૂચનોનો પોતાની માનસિક કક્ષા અને વ્યક્તિત્વ અનુસાર સ્વીકાર કરે છે. 'પોઝિટિવ સજેશન્સ' આપ્યા પછી ધીરે ધીરે દર્દીની 'ટ્રાન્સ' અવસ્થામાંથી તેને સજાગ કરવામાં આવે છે. એવું જરૂરી નથી કે દરમિયાન વ્યક્તિ ઉંઘી જ જાય. આવા સીટિંગ્સ વ્યક્તિને ફરીથી થોડા દિવસોના અંતરે આપવામાં આવે છે.

## *ડેમોનસ્ટ્રેશન માટે કોણ હિપ્નોટાઈઝ થઈ શકે ?*

હિપ્નોટાઇઝ થવું એ આપણા મનનો એક અદ્‌ભૂત અનુભવ છે. સંશોધનો દર્શાવે છે કે સામાન્ય રીતે મોટા ભાગના આશરે ૮૦ થી ૯૦ ટકા લોકો આનો અનુભવ કરવાની ક્ષમતા ધરાવે છે. હા, એટલું જરૂર છે કે વ્યક્તિગત તફાવતોને કારણે 'ટ્રાન્સ' માં જવાની ઝડપ અને કક્ષા દરેકની અલગ-અલગ હોય પણ વધારે પ્રયત્નો કરવાથી તેમાં ઝડપ મેળવી શકાય છે. જે વ્યક્તિઓ ઝડપથી રિલેક્સ થઈ શકે અને ધ્યાન કેન્દ્રિત કરી શકે તેમને 'ડીપ ટ્રાન્સ'નો અનુભવ થાય છે. મૂળભૂત રીતે આ થેરપી 'સજેસ્ટિબિલીટી' ના સિદ્ધાંત ઉપર આધારિત છે. એટલે જેટલી વધુ સારી સૂચનવશતા તેમજ કલ્પના શક્તિ તેમ વ્યક્તિ સંમોહિત અવસ્થાનો વધુ સારો અનુભવ કરી શકે.

સૂચનોને જે વ્યક્તિ સાંભળી અને સમજી શકે તેમજ નોર્મલ કે સારો આઈક્યૂ ધરાવતા લોકો વધુ સારા 'સબ્જેકટ' હોય છે. યાદ રાખીએ કે મંદબુદ્ધિવાળા તેમજ ભાષા ન સમજી શકતા લોકો હિપ્નોટાઈઝ ન થઈ શકે.

**હિપ્નોટિઝમ વિશેની કેટલીક ગેરસમજૂતીઓ ફેલાવવામાં આવે છે જેમ કે ....**

★ હિપ્નોટીઝમ એ કોઇ મેલી વિદ્યા કે જાદુ છે.

★ સંમોહન નબળા મનના લોકોને જ થાય.

★ વ્યક્તિની બધી જ ખાનગી વાતો જાણી શકાય.

★ સંમોહનની અવસ્થામાં કોઈપણ કાર્ય વ્યક્તિ પાસે કરાવી શકાય.

★ બુદ્ધિશાળી વ્યક્તિઓ હિપ્નોટાઈઝ ન જ થાય.

આ બધી જ સમાજને ગેરમાર્ગે દોરનારી, વાહિયાત અને અવૈજ્ઞાનિક માન્યતાઓ છે. વૈજ્ઞાનિકોએ સાબિત કર્યું છે કે જો પોતાની ઈચ્છા હોય, 'પોઝિટિવ એટિટ્યૂડ' હોય અને આઈક્યૂ લેવલ સારું હોય તો વ્યક્તિ ખૂબ સારી રીતે તેના સબકોન્સિયસ માઈન્ડનો અનુભવ કરી શકે છે એટલે કે હિપ્નોસીસનો લાભ લઈ શકે છે.

**હિપ્નોથેરાપીના લાભ :** જે લોકો પોતાની ઈચ્છાથી હિપ્નોસીસના ડેમોનસ્ટ્રેશનમાં ભાગ લે છે તે લોકોને કાર્યક્રમના અંતે અવશ્ય ફાયદાઓ થાય છે. આ બાબત અનુભવ કર્યા પછી વધુ સારી રીતે સમજાય છે. અને હા, હિપ્નોટાઇઝ થવું એ એક સુખદ, આનંદદાયક અને સંપૂર્ણ રિલેક્સ થયાનો અભૂતપૂર્વ અનુભવ છે.

★ આત્મવિશ્વાસ વધે છે. ★ નિરર્થક ચિંતાઓ અને ભય દૂર થાય છે. ★ હતાશા અને ડિપ્રેશન જેવા માનસિક રોગોમાં અત્યંત ઉપયોગી ચિકિત્સા પદ્ધતિ છે. ★ પરસ્પરના વ્યક્તિગત સંબંધો મજબૂત બને છે. ★ માઇગ્રેન, એસિડીટી, હાઈપર ટેન્શન જેવી સાયકોસોમેટિક વિકૃતિઓ દૂર થાય છે. ★ તણાવ, સ્ટ્રેસમાં ખૂબ અસરકારક ચિકિત્સા પદ્ધતિ છે. ★ વિકૃત ભય એટલે કે ફોબિયા દૂર કરી શકાય છે. ★ અનિંદ્રામાં અત્યંત લાભકારી સારવાર છે. ★ ગર્ભાવસ્થા દરમિયાન પોઝીટીવ સૂચનોના સિટિંગ્સ માતા અને આવનાર બાળક બંને માટે અત્યંત લાભદાયી છે. ★ પેઇન કન્ટ્રોલમાં ખૂબ જ ઉપયોગી સારવાર પદ્ધતિ છે. ★ વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનો ભય દૂર કરીને અભ્યાસમાં કોન્સ્ટ્રેશન અને મેમરીને મજબૂત બનાવતી અત્યંત લાભદાયી મનોવૈજ્ઞાનિક ટેકનિક છે. ★ અનેક માનસિક રોગો કે સમસ્યાઓ માટે અત્યંત ઉપયોગી સાયકોથેરાપી છે. ★ રિલેક્સેશન માટે શ્રેષ્ઠ અને અક્સીર ચિકિત્સા પદ્ધતિ છે.

ખરેખર તો હિપ્નોસીસ એ એક હાથવગી, સલામત અને ખૂબ અસરકારક ટેકનીક છે. જેનો ઉપયોગ મનની શક્તિઓને વિકસાવવામાં થાય છે. હિપ્નોથેરપીને બીજા શબ્દોમાં કહેવું હોય તો તે મનરૂપી સોફ્ટવેરનું રિપ્રોગ્રામિંગ છે. જે માનવ મગજ રૂપી કમ્પ્યૂટરને વધારે સક્ષમ બનાવે છે.

આ હિપ્નોટિઝમનો અનુભવ તમારા જીવનનો એક યાદગાર અનુભવ બની રહેશે.

*ડૉ. પ્રશાંત ભીમાણી, Ph.D., BAMS, DCCP (Psy.)*
*૪૫૦, અભિશ્રી, સ્ટાર બજારની સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ.*
*ફોન : ૦૭૯-૨૬૯૨૫૦૦૪*
*ઈ-મેઈલ: drprashantbhimani@yahoo.co.in* **Website:** *www.healthyminds.in*

# કચ્છના સમર્પિત કેળવણીકાર : સુમનભાઈ વૈદ્ય

● ભરત'કુમાર' પ્રા. ઠાકર-અંજાર ●

મુન્દ્રા (કચ્છ)ની શેઠિયા બી. એડ્. કોલેજ, અલિયાબાડા (જિ. જામનગર)ની ગંગાજળા વિદ્યાપીઠ અને મુંબઈની ન્યૂ એરા હાઈસ્કુલ જેવી જાણીતી શિક્ષણ સંસ્થાઓમાં પ્રલંબ કારકિર્દી ઘડનાર, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષક અને આજીવન કેળવણીકાર એવા સુમનલાલ અંબાશંકર વૈદ્યની આવતા મહિને (૧૪-૧૦)ના ૧૦૦મી જન્મજયંતિનો અવસર આવે છે. ભુજ જેમની વતનભૂમિ તથા વાગડ જેમની જન્મ અને ઉછેરભૂમિ રહી છે. એવા પ્રખર શિક્ષણવિદ્ શ્રી વૈદ્યને શતાબ્દી પ્રસંગે અહીં સ્મરણાવામાં આવ્યા છે.

**જીવંત શિક્ષણપદ્ધતિના વાહક :** મૂળે ભુજના વતની એવા સૌમ્ય વિદ્યાપુરુષ સુમનભાઈ વૈદ્યનો જન્મ આજથી બરાબર સદી પહેલા ૧૪મી ઓક્ટોબર, ૧૯૧૪ના કચ્છ વાગડના ભચાઉ નગર ખાતે થયો હતો. પિતા અંબાશંકરભાઈ વિચારે આર્યસમાજી અને વ્યવસાયે દાક્તર હતા. બાળ સુમને પ્રાથમિક ભણતર, રાપર, લાકડિયા (તા. ભચાઉ), ગુંદિયાળી (તા. માંડવી), માધ્યમિક અભ્યાસ જી. ટી. હાઈસ્કૂલ (માંડવી), ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ (ભુજ), સૌરાષ્ટ્ર હાઈસ્કુલ (રાજકોટ) અને કોલેજ કેળવણી શામળદાસ કોલેજ (ભાવનગર) માં લીધેલ.

૧૯૩૬માં ઈતિહાસ - ભૂગોળ સાથે બી.એ. થઈ. સુમનભાઈએ શિક્ષણની દિશા પકડી. પ્રારંભે મુંદ્રાની શેઠ આર. ડી. હાઈસ્કૂલ (૧૯૩૬-૩૭) અને ભૂજની ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ (૧૯૩૭-૪૦)માં કામ કરી. ૧૯૪૧માં સેકન્ડરી ટ્રેનિંગ કોલેજ (મુંબઈ)માંથી શિક્ષણ સ્નાતક (બેચલર ઓફ ટીચીંગ) થયા. તે પછી ન્યૂ હાઈસ્કૂલ (અમદાવાદ) થઈ મુંબઈની ન્યૂ એરા હાઈસ્કુલ (૧૯૪૧-૫૪)માં જોડાયા. દરમ્યાન ૧૯૫૦માં એમ.એડ્.ની પદવી પણ મેળવી.

ગણિત-અંગ્રેજી પણ શીખવી શકતા સુમનભાઈ અહીં ઈતિહાસ-ભૂગોળના શિક્ષક તરીકે સોળે કળાએ ખીલ્યા હતા. વર્ગમાં શીખવતી વખતે એવા તલ્લીન બનતા કે અર્જુનની જેમ પક્ષીની આંખ વિષયાંગને જ જુએ ! ઈતિહાસના કોઈપણ પ્રસંગને તેઓ સરસ નાટયરૂપ આપી શકતા. નકશાના અભાવે કાળા પાટિયા પર જાતે આબેહૂબ નકશા પણ દોરી લેતા. સમાજવિદ્યાને સ્વાયત્ત વિષય તરીકે એમણે મહત્વનું સ્થાન અપાવ્યું હતું.

વર્ગમાં માત્ર ચોક એન્ડ ટોક રીતે નહીં, પણ ચાર્ટ, મોડેલ, સ્લાઈડ, મૂવી, નિદર્શન જેવા માધ્યમોથી એમનું શિક્ષણ સચોટ અને જીવંત બનતું ! વૈદ્યજી વિદ્યાર્થી પ્રતિભાપરખના કુશળ તેમજ સ્કાઉટ અને ક્રિકેટ ટેનિસના સફળ રમતવીર હતા. એમની વાતચીતમાં અરે, ભલા ભાઈ... ભલા માણસ.. એવા પુનરાવર્તી ભલકારા સાંભળવા મળતા.

**અલિયાબાડાનો સોનેરી સમય :** તે વખતે મુંબઈમાં સર્વોદય પ્રવૃત્તિ સક્રિય થવા પામી હતી. તેના અનુસંધાને રવિશંકર મહારાજે (૧૮૮૪-૧૯૮૪), દાદા ધર્માધિકારી (૧૮૯૯-૧૯૮૫), બબલભાઈ મહેતા (૧૯૧૦-૮૧), વિમલાતાઈ ઠાકર (૧૯૨૩-૨૦૦૯), નારાયણ દેસાઈ (જન્મ ૧૯૨૪), જેવા રચનાત્મક કાર્યકરોના પ્રવચનો ન્યૂ એરા હાઈસ્કૂલમાં યોજાતા. સુમનભાઈએ તેમાંથી આગળના ધ્યેયની ઝાંખી સાંપડી અને ૧૯૫૪માં મહાનગર ત્યજી ગામડાની વાટ પકડી ! ત્યારે વિકાસશીલ વલ્લભવિદ્યાનગરની શારદા મંદિર હાઈસ્કૂલમાં થોડો સમય કામ કર્યું.

દરમ્યાન, સૌરાષ્ટ્રના પ્રખર કેળવણીકાર ડોલરરાય માંકડ (૧૯૦૨-૭૦) દ્વારા ૧૯૫૩માં જામનગર જિલ્લાના અલિયાબાડા ખાતે સ્થાપિત ગંગાજળા વિદ્યાપીઠના ખબર મળ્યા. સુમનભાઈ તે સંસ્થામાં જોડાય અને એક નવો અધ્યાય આરંભાયો. ત્રણ વર્ષ અહીંના પ્રાથમિક અધ્યાપન મંદિરના પ્રથમ આચાર્ય (૧૯૫૫-૫૮) અને પછી સત્તર વર્ષ વિવિધલક્ષી વિનયમંદિર હાઈસ્કૂલના આચાર્ય (૧૯૫૮-૭૫) પદે રહ્યા. આમ, અલિયાબાડામાં બે દાયકા લાંબો એમનો સેવાકાળ અરસપરસનો સુવર્ણકાળ બની રહ્યો !

વિનયમંદિરને એમણે નમૂનેદાર સંસ્થા બનાવી. વૈદ્યસાહેબના માર્ગદર્શન તળે શ્રમસેવા શિબિરો, પ્રથમોચાર વર્ગો, હસ્તલિખિત અંકો, વિજ્ઞાનમેળા, આનંદબજાર, રંગોળી પ્રદર્શનો, પ્રવાસ-પર્યટનો, વનભોજન, શાળા નિરીક્ષણ જેવી અનેક સહઅભ્યાસ પ્રવૃત્તિઓ સતત ચલાવી. વિનયમંદિર ઉપરાંત દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય (બી.એડ્ કોલેજ)માં ઈતિહાસ-ભૂગોળના મેથડ-માસ્ટર તરીકે પણ સેવા આપતા.

**અનુસંધાન પાના નં. ૨૩ ઉપર**

# હવાઈ યાત્રા - તબીબી દૃષ્ટિકોણથી

• સંકલન : ડૉ. મયંક કિશોરચંદ્ર છાયા •

આજના ઝડપી યુગમાં વિમાન-યાત્રા બહુ જ સામાન્ય થઈ ગઈ છે. સ્વસ્થ વ્યક્તિ આરામથી એક સ્થળેથી બીજા સ્થળે વિમાન માર્ગે પહોંચી શકે છે, પણ રોગિષ્ઠ વ્યક્તિએ 'ફીટ ટુ ફલાય' નું તબીબી પ્રમાણપત્ર રજુ કરવું પડતું હોય છે. જે પ્રમાણપત્ર જે તે રોગના નિષ્ણાંત આપી શકતા હોય છે. કેટલીક ઉડ્ડયન કંપનીઓ પોતાના કંપનીના નિષ્ણાંતનું પ્રમાણપત્ર મેળવવા આગ્રહ રાખતી હોય છે. ખાસ તો એ ધ્યાન રાખવાનું હોય છે કે દર્દીની વર્તમાન શારિરીક કે માનસિક પરિસ્થિતિને લીધે અન્ય સહયાત્રીઓની સુરક્ષા જોખમાય નહીં, તેમને ખલેલ ન પહોંચે અને વિમાનના કર્મચારીઓને કોઈપણ વિઘ્ન ન પડે.

ઊંચાઈ ઉપર વિમાન ઊડતું હોય ત્યારે વિમાનમાં હવાનું દબાણ ઓછું હોય છે. લગભગ ૧૫૨૪ થી ૨૪૩૮ મીટરની ઊંચાઈએ વિમાન ઊડી શકે છે. આ સમયે ઓક્સિજનનું માનવ શરીરમાં પ્રમાણ ૯૦ પ્રતિશત પર પહોંચી જાય છે. સ્વસ્થ વ્યક્તિને આથી કોઈ તકલીફ ઊભી થતી નથી. પરંતુ હૃદયરોગી કે શ્વાસના રોગીને ખતરો ઊભો થઈ શકે છે. વળી હવાઈયાત્રા દરમ્યાન ઓક્સિજન પૂરો ન મળવાં ઉપરાંત અંગોનું હલનચલન પણ મર્યાદિત થઈ જાય છે. નિયમિત લેવાતી દવાઓના સમયમાં પણ ફેરફાર થાય છે. ઈમરજન્સી લેડીંગ (આકસ્મિક ઉતરાણ) વખતે પણ દર્દીને તકલીફ પડી શકે છે. આ બધી બાબતોને ધ્યાનમાં લઈને તબીબ દ્વારા પ્રમાણપત્ર અપાય છે. જેમને હૃદયરોગનો હુમલો આવ્યો હોય તેમણે હુમલાના સાત દિવસમાં હવાઈ યાત્રા ન કરવી જોઈએ વધુ પડતો ગંભીર હુમલો હોય તો ૪ થી ૬ અઠવાડિયાં સુધી હવાઈયાત્રા નહીં કરવી જોઈએ. જેમના હૃદયની ગતિ અનિયમિત હોય, હૃદયના વાલ્વ સંબંધી રોગ હોય, બ્લડપ્રેશર કાબૂમાં ન રહેતું હોય, હૃદયમાં (છાતીમાં) દુઃખાવો 'અનસ્ટેબલ એન્જાઈના' રહેતો હોય જન્મજાત હૃદયરોગ હોય, પૂરતા પ્રમાણમાં ઓક્સિજન ન લઈ શકતા હોય વિગેરે પરિસ્થિતિઓમાં તબીબની સલાહ લીધા સિવાય વિમાનમાં ન બેસવું જોઈએ.

૪ કલાકથી વધુ લાંબા સમયથી યાત્રાને કારણે વિનસ થ્રોમ્બો એમ્બોલિઝમ VTE થવાની શક્યતા રહે છે. જે જીવલેણ નિવડી શકે છે. સ્થૂળ વ્યક્તિમાં, વધુ પડતી ઊંચાઈએ, મોઢેથી લેવાતા ગર્ભ નિરોધકો અને જે વ્યક્તિમાં લોહી ગંઠાવવાની પ્રક્રિયામાં કોઈપણ વિકૃતિ હોય - તેઓમાં મુસાફરી દરમ્યાન ઉપરોકત પરિસ્થિતિ ઊભી થઈ શકે છે. આવું ન થાય તે માટે આટલું જરૂરી કરવું જોઈએ.

યાત્રા દરમ્યાન પુષ્કળ પ્રવાહી પીવું.

પગની પીંડીના સ્નાયુઓની કસરત કરવી.

વધુ પડતું આલ્કોહોલનું સેવન ન કરવું.

અતિશય ટાઈટ મોજા ન પહેરવાં.

ચાલીસ વર્ષથી વધુ ઊંમરની વ્યક્તિમાં ઉપર દર્શાવેલ વીટીઈ. નું જોખમ ઊભું થઈ શકે છે. જેમને વેરીકોમ વેઈન્સ હોય, જેમને હૃદય રોગનો હુમલો આવેલ હોય, નાની કે મોટી સર્જરી કરાવેલી હોય, પક્ષાઘાત થયો હોય, કેન્સર હોય ત્યારે તેવી પરિસ્થિતિ ડી.વી.ટી. અર્થાત્ ડીપ વેઈન થ્રોમ્બોસિસ થઈ જવાની સંભાવના વધુ હોય છે.

જેમને શ્વસનતંત્રના રોગો હોય તેમને માટે પણ વિમાનયાત્રા સરળ હોતી નથી. આરામની સ્થિતિમાં પણ જે વ્યક્તિને શ્વાસ ચડતો હોય, તેમણે ઓક્સિજનની સવલત સાથે રાખીને જ યાત્રા કરવી. જેમને ન્યૂમોનિયા કે વાઈરલ ઈન્ફેકશન થયું હોય તેમણે જે તે બિમારીથી સંપૂર્ણ મુક્ત થયા બાદ જ મુસાફરી કરવી જોઈએ. જરૂર પડે તો પલ્મોનોલોજિસ્ટની સલાહ લીધા પછી જ યાત્રા કરવી જોઈએ. અસ્થમા (દમ)ના રોગીએ પોતાની જરૂરી દવાઓ સાથે જ રાખવી જોઈએ.

જે વ્યક્તિમાં હિમોગ્લોબીનનું પ્રમાણ $< 7.5$ g/l હોય તેમને પુરતો ઓક્સિજન ન મળતા તકલીફ ઊભી થઈ શકે છે. જરૂર પડે તો યાત્રા દરમ્યાન તેમને ઓક્સિજન આપવો પડે છે. જેમને ક્રોનિક એનેમીયા અર્થાત્ ઘણા લાંબા સમયથી એનેમીયા હોય તેમને બહુ તકલીફ પડતી હોય છે.

પેટની સર્જરી કરાવ્યા પછી ૧૦ દિવસ, કોલનોસ્કોપી કરાવ્યા પછી ૨૪ કલાક, લેપ્રોસ્કોપી કરાવ્યા પછી ૨૪ કલાક, ન્યૂરોસર્જરી કરાવ્યા પછી ૭ દિવસ, આઈ સર્જરી કરાવ્યા પછી ૧ સપ્તાહ સુધી વિમાનયાત્રા મોકૂફ રાખવી જોઈએ.

પ્લાસ્ટર કરાવ્યા પછી ૨ કલાકની હવાઈયાત્રા ૨૪ કલાક સુધી મોકૂફ રાખવી અને ૨ કલાકથી વધુની હવાઈયાત્રા ૪૮ કલાક સુધી મોકૂફ રાખવી જરૂરી છે.

નાક, કાન, ગળાના રોગોમાં જો મધ્યકર્ણનું ઈન્ફેકશન હોય, અથવા કાનની સર્જરી કરાવેલ હોય તો નિષ્ણાંતની સલાહ સિવાય હવાઈ મુસાફરી ન કરવી. એક્યુટ સાઈનાઈટીસ નાકના મસા વિગેરે રોગમાં તથા નાકની કોઈપણ પ્રકારની સર્જરી કરાવેલ હોય તો પણ તબીબી સલાહ લીધા પછી જ ઉડ્ડયન કરવું હિતાવહ છે.

માનસિક રોગી માટે પણ ઉડ્ડયન પૂર્વે તબીબી સલાહ જરૂરી છે. વધુ પડતા અસ્વસ્થ રોગી માટે ઉડ્ડયન ન કરવું જરૂરી છે. ટી.બી.ના રોગીએ સારવાર પૂરી કર્યા પછી જ યાત્રા કરવાની હોય છે. ડાયબાટીસીના દર્દી લોહીમાં શર્કરાનું પ્રમાણ નિયંત્રિત રાખીને મુસાફરી કરી શકે છે. જે દર્દી ઈન્સ્યુલીન લેતા હોય તેમણે ઈન્જેકશનની નીડલ સાથે રાખવા માટે તબીબનું પ્રમાણપત્ર સાથે રાખવું જરૂરી હોય છે. ઈન્સ્યૂલીનને વેક્યુમ ફલાસ્કમાં મૂકવું જોઈએ અને તે ફ્રીઝ ન થઈ જાય તે જોવું જોઈએ. વધુ પડતી લાંબી મુસાફરી કે જેમાં ટાઈમઝોન બદલાતો હોય ત્યારે ઈન્સ્યુલીનનો પ્રકાર અને ડોઝ બદલવો પડે છે. એ માટે ડાયાબિટોલોજીસ્ટ સાથે મસલત કરીને પછી જ મુસાફરી કરવી જોઈએ. લોહીમાં અચાનક શર્કરાનું (ગ્લુકોઝ)નું પ્રમાણ ઘટી જાય તો તે વખતે લેવા માટે ખાંડ, સાકર, પીપરમીન્ટ કે સ્નેકસ સાથે જ રાખવા જોઈએ.

સગર્ભાવસ્થામાં ૩૨ અથવા ૩૬ અઠવાડિયાની સગર્ભાવસ્થા પછી હવાઈયાત્રા રાખવી જોઈએ. ૨૮ સપ્તાહની સગર્ભાવસ્થા સાથે મુસાફરી કરવા સંભવિત પ્રસુતિની તારીખ અને ગર્ભનો વિકાસ સામાન્ય પણે જ થઈ રહ્યો છે. તેવી વિગતો સાથેનું ૨૮ સપ્તાહની ખાત્રી આપતું પ્રમાણપત્ર જરૂરી હોય છે. નવજાત શિશુ માટે જન્મનાં ૧ સપ્તાહ પછી ઊડ્ડયન કરવું હિતાવહ ગણાયું છે. જે બાળકનો જન્મ અધૂરા માસે થયો હોય ત્યારે બાળકના જન્મની જે સંભવિત તારીખ આપેલ હોય, તેના છ માસ સુધી હવાઈયાત્રા ન કરાવવી જો નવજાત શિશુને શ્વાસ સંબંધિત રોગ હોય, અથવા જે બાળકને જૂના ફેફસાનાં રોગો હોય, તેનું યોગ્ય તબીબી પરીક્ષણ કરાવીને જ પ્લેનમાં બેસાડવું જોઈએ.

અંતમાં ઉપસંહારમાં કોઈપણ વ્યક્તિને જો ઉપર જણાવેલ રોગો હોય, ઓપરેશન થયું હોય, લાંબી મુસાફરી પ્લેનમાં કરવાની હોય તો ત્યારે તબીબી સલાહ લેવી જ જોઈએ.

## ગરવી ગુજરાતનો ગરબો

નવલી નવરાતમાં ગરવી ગુજરાતનો ગરબો ગાયો,
રૂમઝુમતો ઝળહળતો ગરવી ગુજરાતનો ગરબો આયો.
છિદ્રો પાડેલા ઘડાની અંદર દિવડો મુકાય તે ગરબો
ઝબકતા દીપક સાથ નારીઓ રાસે રમે તે ગરબો
વર્તુળાકારે ઘૂમતો નાચતો રૂમઝુમતો ગરબો આયો..૧
નવલા નોરતામાં ચાચર ચોકમાં ગરબાની રમઝટ રેલાય.
સૂરલય તાલના સંગીતનો ત્રિવેણી સંગમ સધાય.
ઢોલના ધબકારે ઘૂમતી નારીઓના હાથમાં ગરબો આયો...૨
દેવેશી ! જગદંબા ! સૌને દરશન આપતી લાડ લડાવતી
કુમકુમ વરસાવતી બ્રહ્માંડની જનની આશિષ આપતી.
તું હી તું જ છે.. તું જ છે નમન કરતાં જનનીનો ગરબો ગવાયો..૩
સમસ્ત બ્રહ્માંડની જનનીના ચરણમાં ઝૂક્યો ગગનનો ગરબો
નરનારી રાસે રમતા તે રાસડા ત્રણ તાડીથી ગવાતો ગરાબો
મહાદેવી દુર્ગાના ગુણગાન ગાતો ગગન ગોખથી ગરબો આવો..૪

**— મહાભાઈ વોરા**

## ભંગારીયો ભાઈબંધ પાંજો !

ટોપી મિણી કે પેરાયતો, ભંગારીયો ભાઈબંધ પાંજો !
લો કે સોન મેં ખપાયતો, ભંગારીયો ભાઈબંધ પાંજો !

નાટક નકલી સંપજા, પધરા ઈનજા થ્યા હિતે,
તાંય મિણી ક નચાયતો, ભંગારીયો ભાઈબંધ પાંજો !

માળા-મણકા હાથી દંધજા, સાવ સચ્ચા ચિઈ,
નકલી દંધ વતાયતો, ભંગારીયો ભાઈબંધ પાંજો !

કરે પ્યો ચારા રિઈ પાડોસ મેં, સરહધ મથે,
સંસ્કાર ઈ ઓરખાયતો, ભંગારીયો ભાઈબંધ પાંજો !

બ્યેંજે એસારે પિંઢ નચેતો, કેર સમજાય ?
કજિયા ઉધારા વેરાયતો, ભંગારીયો ભાઈબંધ પાંજો !

સરહધ પારનું જુકો મિલે, લાલચ ગિનેજી,
પિંઢજે ખુંચે સેરાયતો, ભંગારીયો ભાઈબંધ પાંજો !

જિજા ઉધામાં આડા અધીંચા, 'શરમાળ'યે તો,
નગરા જુધજા વજાય તો, ભંગારીયો ભાઈબંધ પાંજો !

**- જગદીશ ગોર 'શરમાળ'**

# નાળિયેરી

● દિલીપ મ. વૈશ્નવ ●

શ્રીફળ એક માત્ર એવું ફળ છે કે જેની આગળ શ્રી મૂકવામાં આવે છે. ઠળિયાવાળું આ નક્કર ફળ છે. એશિયા - સ્પેસિફિક વિસ્તારના આ ફળનો ઉલ્લેખ હજારો વર્ષથી જોવા મળે છે. સંસ્કૃતમાં રચાયેલા રામાયણ, મહાભારતમાં પણ તેનો ઉલ્લેખ છે. આ ઈશ્વરી ફળનું હજારો વર્ષથી ધાર્મિક પૂજા, કથા તેમજ અન્ય વિધિમાં તેનું ઘણું જ મહત્વ છે. મંદિરોમાં શ્રીફળ મૂકી, દેવદેવીને નમન કરી, શ્રીફળનો પ્રસાદ પણ લઈએ છીએ, કેટલાક લોકો બાધા, આખડી પ્રસંગે ૫, ૭ કે ૧૧ શ્રીફળનું તોરણ બનાવીને દેવદેવીને સમર્પણ કરે છે. પૂજા કથા પ્રસંગે ત્રાંબાના જળ ભરેલા કુંભમાં પાંદડા મૂકી તેના પર શ્રીફળનું દેવતા તરીકે સ્થાપના કરે છે. શ્રીફળ માનવના ચહેરાની આકૃતિ ધરાવે છે. જેના પર શ્રીશિવના ત્રિનેત્રની જેમ ૩ આંખો છે જાણે એટલે જ શિવસ્વરૂપ છે.

શ્રીફળ દરિયાકાઠા વિસ્તારમાં થાય છે. આ વૃક્ષો તાડ પ્રકારના છે. દરિયા કિનારાનું આ વૃક્ષ પોતે ખારું પાણી લે છે, પણ શ્રીફળ મીઠું મધુર પાણી આપે છે. છેને, કુદરતની કામલ. આ પાણી, મલાઈ અને કોપરું માંદા માણસને સાજો કરી દે છે. આખે આખું નાળિયેર વૃક્ષ આપણને ખૂબ ઉપયોગી છે. જે વિશે આગળ આપણે વાંચીશું.

આ વૃક્ષ Arecaceae ના કુટુંબનું છે. અને તેની પ્રજાતિ Cocus Nucifera છે. Coconut એ અંગ્રેજી શબ્દ છે. જે ૧૬મી સદીમાં પોર્ટુગીઝ અને સ્પેનીશ ભાષાના Coco પરથી છે. Coco એટલે માથું, અથવા ખોપડી, એવો અર્થ થાય. આગળ કહ્યું તેમ માનવના મસ્તક જેવો આકાર છે. નાળિયેર ત્રણ પ્રકારના પડ ધરાવે છે. તેનો રંગ લીલો તેમજ ક્યારેક બદામી રંગનો હોય છે. નાના નાના નાળિયેરમાં પાણી ખૂબ હોય, મલાઈ થોડી હોય. શ્રાવણી પૂનમને નાળિયેરી પૂનમ તરીકે ઓળખીએ છીએ. કેટલાક લોકો તે દિવસે વરસાદ લાવતા દરિયાલાલની પૂજા કરીને તેની શ્રીફળ અર્પણ કરે છે. તેમજ નાવિક લોકો રક્ષા કાજે પ્રાર્થના પણ કરે છે. આ ભારતીય સંસ્કૃતિ છે.

નાળિયેરીની ઊંચાઈ આશરે ૯૦ થી ૯૫ ફૂટ જેટલી છે. નાના કે કદમાં ટૂંકા વૃક્ષો પણ છે. ઊંચા વૃક્ષો માવજત અને હવામાન અનુકૂળ હોય તો દર વર્ષે આશરે ૭૫ જેટલો ફળો આપે, જ્યારે નાના કદના વૃક્ષો ૩૦ ફળો આપે. આ ફળોમાં પાણી ભરાતા આશરે ૮ થી ૯ માસ થાય. આયુષ્ય લગભગ એક સદી કે તેથી થોડુંક વધારે. આ સંખ્યામાં વધઘટ થાય.

આંતરરાષ્ટ્રીય ખાદ્ય અને કૃષિ સંસ્થા (૨૦૧૦)ના જણાવ્યા મુજબ નાળિયેરી ધરાવતા દેશોમાં ટોપ ૧૦માં ભારતનો ત્રીજો નંબર છે. આ દસ દેશો છે. ફિલીપીન્સ, ઈન્ડોનેશિયા, ભારત, બ્રાઝીલ, શ્રીલંકા, થાઈલેન્ડ, મેક્સીકો, વિએટનામ, ન્યુગિની, મલેશીયા અને ટાઝાનીઆ છે. અન્ય દેશમાં પણ છે. ભારતમાં કેરાલા, તામિલનાડુ, પોંડીચેરી, આંધ્રપ્રદેશ, કર્ણાટક, ગોવા અને આપણા ગુજરાતમાં કાંઠાળ વિસ્તારમાં નાળિયેરીના વૃક્ષો આવેલા છે. આ વિસ્તારો તમે જાણો છો, ભારતના સાગરમાં આવેલા ટાપુઓ, આંદાબાર-નિકોબાર, અને લક્ષદ્વિપમાં ઘણી સંખ્યામાં નાળિયેરીના ઝાડો છે.

પુરાણા સમયમાં પણ ભારત સહિત દેશોના લોકો આ કલ્પવૃક્ષને બરાબર જાણતા હતા કે આ વૃક્ષ સંજીવની છે, જે માંદા માનવને ફરી સાજા કરી દે છે. શરીર માટે ખૂબ ગુણકારી છે. વિજ્ઞાને સાબિત કર્યું કે નાળિયેર પાણી અને તેના ખાદ્ય પદાર્થોના સેવનથી લોહીનું દબાણ, લોહીમાં સાકરનું પ્રમાણ, લોહીમાં ચરબીનું પ્રમાણ સમતોલ રાખીને હૃદયને સ્વસ્થ રાખે છે. શરીર માટે ખૂબ ફાયદાકારક છે.

બીજા વિશ્વયુદ્ધ સમયે રક્તવાહીની એટલે કે બ્લડ પ્લાઝમાની અછત રહેતી, તેથી ઈજાગ્રસ્ત કે ઘવાયેલા સૈનિકોને તાજાતાજા પાણી ભરેલા નાળિયેર કે સ્ટારાઈલ (જંતુરહિત) હોય તે પાણી સૈનિકોના શરીરમાં દાખલ કરવામાં આવતું હતું. બ્લડ ટ્રાંસફ્યુજેશન કામ નાળિયેર પાણી કરતું હતું. કોઈપણ બ્લડગ્રુપમાં કામ આપતું હતું.

નાળિયેર પાણીના આરોગ્યમય ગુણો જોઈએ. એન્ટીઓક્સીડન્ટ છે, શરીરમાં દુષિત પદાર્થો દૂર કરે, રોગપ્રતિકારક શક્તિ વધારે, બધા જ પ્રકારના વિષાણુઓ, પરોપજીવીઓ, બેકટેરીયા વિગેરેનો નાશ કરે, ડાયાબીટીસ, બીપી, કોલેસ્ટ્રોલનું

પ્રમાણ જાળવે છે. ચેપનાશક છે, પેશાબ છૂટથી થાય, કબજીયાત દૂર કરે, મળને નરમ કરે અને નિકાલ સરળતાથી થાય, મૂત્રને આલ્કલાઈન રાખે, લોહિમાં એસીડીટી ના થાય, કૃમિ દૂર કરે, કિડની સ્ટોન દૂર કરે, હોર્મોન્સનું પ્રમાણ જાળવે, થાઈરોઈડનું નિર્માણ કરે, ઝાડા-ઉલ્ટીમાં રાહત થાય, નાળિયેર પાણી ગુમાવેલા ક્ષારો પરત કરે એટલે શરીરને શક્તિ મળે. કિડની સિવાયની બિમારીમાં આ પાણી ખૂબ ફાયદાકારક છે. લોહીનું પરિભ્રમણ સારું થાય. કોષના નિર્માણ કાર્યમાં મદદ કરે છે. ચયાપચયની ક્રિયા બરાબર થાય, પ્રજનનતંત્ર, પાચનતંત્ર, અન્ય તંત્રો પર બરાબર કાર્ય કરે, અળાઈ, ગુડગુમડમાં રાહત આપે, શરીરની અંદર બહારની ત્વચાની સંભાળ લે છે. નાળિયેર પાણી શરીરમાં ભેજ જાળવી રાખે, મગજ, ચેતાતંત્ર વિગેરે સરસ કામ કરે. સ્મૃતિ જળવાય, આમ અનેક સ્વાસ્થ્યપ્રદ ગુણો છે. આમ નાળિયેર પાણી શરીર માટે ગુણકારી છે. સગર્ભા મહિલા માટે પણ ખૂબ સારું છે. ઉપરોક્ત ફાયદા મળે, હાર્ટબર્ન, કબજીયાત દૂર કરે અને પાચનતંત્રને મદદ કરે. સાજા-નરવા માણસે પણ અઠવાડિયે ત્રણ કે ચાર નાળિયેર પાણી લેવું જોઈએ.

નાળિયેર પાણીમાં એનર્જી, સુગર્સ, રેસા, પ્રોટિન, ચરબી, વિટામીન્સ અને ખનીજ તત્વો (મિનરલ્સ) પણ છે. આ બધા પોશાક તત્વો શરીર માટે ખૂબ જરૂરી છે. વિટામીનો A, C ને K તેમજ B કોમ્પલેક્ષમાં B7 અને B12 સિવાયના અન્ય છ B કોમ્પલેક્ષ વિટામીનો છે, મિનરલ્સમાં કેલ્શીયમ, આયર્ન, મેંગેનીઝ, ફોસ્ફરસ, ઝિંક, સોડિયમ, પોટેશીયમ વિગેરે છે. કોલેસ્ટરોલ નથી. આ બધા તત્વો આપણા શરીર માટે ખૂબ જરૂરી છે. તેમજ ફાયદાકારક છે. યાદ રહે કે કિડનીના દર્દીએ નાળિયેર પાણી પીવાનું નથી, આ બાબત ડોક્ટરને પૂછવું.

નાળિયેરની મલાઈ, તાજું કોપરું અને સૂકું કોપરા પણ ગુણકારી છે. કોલેસ્ટરોલ નથી. રેસા ખૂબ, તેથી પેટ સાફ રાખે, પોષક તત્વો પણ સારા છે, એકાદ બે મિનરલ કે વિટામીન વધારે છે. મલાઈ અને તાજા કોપરામાં પાણી ખૂબ, આશરે ૯૫% કે થોડું વધારે, સુકામાં ઘટીને ૨ થી ૩% જેટલું. મલાઈ અને તાજું કોપરુંમાં મીઠાશ હોય. આ બંને કોપરાનો ઉપયોગ વિવિધ વાનગીમાં કરીએ છીએ. સુકુ કોપરું ખોરું ના થાય તે માટે બરાબર ઢાંકીને ફ્રીજમાં રાખવું, તમે તે જાણો છો. ભીના અને તાજા કોપરાને ૧૬૦ ડીગ્રી સેન્ટીગ્રેડ જેટલું ગરમ કરે, એટલે સૂકું કોપરું બને. સૂકા કોપરામાં ખૂબ તેલ હોય છે. ચરબી સેચ્યુરેટેડ છે. લાભકર્તા છે, જ્યારે પ્રાણીજન્ય સેચ્યુરેટેડ તેલ ખાવાથી શરીરને નુકશાન થાય. કોપરેલમાં લૌરીક એસિડ છે જે લાભપ્રદ છે. કોપરેલ તેલ બાબતે આવતા અંકે વાત કરીશું. સૂકા કોપરામાંથી તેલ, સાબુ, શેમ્પૂ. લોશન અને ઘરેલુ પ્રાણીઓ માટે ખોરાક તૈયાર થાય છે. નાળિયેરીમાંથી અનેક ઉપયોગી વસ્તુઓ બને છે તે બાબત આગળ વાત કરીશું.

---

**અનુસંધાન પાના નં. ૧૯નું ચાલુ....**

**સુદીર્ઘ અધ્યાપન કારકિર્દી :** માતૃસંસ્થા અને ગ્રામ પ્રદેશના સ્વજન સમા બની રહ્યા. સર્વોદય પદયાત્રાઓ પણ ખૂબ કરી. શિક્ષણ ક્ષેત્રે એમની સઘન અને ઉજ્જવળ કામગીરીની રાષ્ટ્રીય કક્ષાએ નોંધ લેવાતાં ૧૯૭૧માં સુમનભાઈને રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો રાષ્ટ્રપતિ એવોર્ડ એનાયત થયો ! અલિયાબાડામાંથી નિવૃત્તિ પછી વતન કચ્છમાં મુન્દ્રાની એસ.ડી. શેઠિયા કોલેજ ઓફ એજ્યુકેશનમાં અધ્યાપકીય સેવાઓ (૧૯૭૫-૭૮) આપી. તે પછી પાંચ વર્ષ ત્યાંના શેઠ ધનજી પ્રાગજી (ધનપરાગ) શૈક્ષણિક ટ્રષ્ટમાં સંચાલક (૧૯૭૮-૮૩) તરીકે સેવાઓ આપી.

કારકિર્દી દરમ્યાન છ શહેરોની દસ જેટલી શિક્ષણ સંસ્થાઓમાં ૪૭ વર્ષ સુધી સુદીર્ઘ અધ્યાપન કાર્ય (૧૯૩૬-૮૩) બજાવ્યું ! દ્વારકાના જાણીતા બાળસાહિત્ય ડૉ. ઈશ્વર પરમારે (જન્મ ૧૯૪૧) શિક્ષણના સિતારા પુસ્તક (૧૯૯૭)માં યોગ્ય નોંધ્યું છે કે તેઓ એક ભલા શિક્ષક હતા. જ્યાં શિક્ષક તરીકે ગયા ત્યાં છાત્રોમાં છવાઈ જતા ! વિદ્યાગુરુ તરીકે તેઓ ઋજુ-સૌમ્ય વ્યક્તિત્વ ધરાવતા હતા.

થોડો સાંસારિક પરિચય કરીએ તો અલિયાબાડામાં ભેગા થયેલા બે વિદ્યાપુરુષો ડોલરરાય માંકડ અને સુમનભાઈ વૈધ પરસ્પરે વેવાઈના સામાજિક સંબંધે પણ બંધાયા હતા ! (અર્થાત્ સુમનભાઈનાં પુત્રી જ્યોત્સનાબહેનના વિવાહ ડોલરભાઈના પુત્ર શિરીષભાઈ સાથે થયેલા.) ઉપરાંત, કચ્છના જાણીતા ઈતિહાસ લેખક કંચન પ્રસાદ છાયા (૧૯૦૮-૯૮)ના તેઓ સાળા થયા. શિક્ષણ જગતના આવા એક ઉદાત્ત, નિખાલસ, વિદ્યાવ્યાસંગી અને સત્ત્વશીલ સાસ્વત સુમનભાઈ વૈદ્યનું ૧૨મી નવેમ્બરે, ૧૯૯૩ (ધનતેરસ)ના દિવસે મહુવા (જિ. ભાવનગર) મુકામે અવસાન થયું. તેમની જન્મ શતાબ્દી અવસરે સુમનાંજલિ...

# ડૉ. પી. સી. વૈદ્ય - એક ગણિતશાસ્ત્રી

● ઈન્દ્રવદન હ. અંતાણી ●

શ્રી પ્રહલાદ ચુનીલાલ વૈદ્ય (ડૉ. પી. સી. વૈદ્ય) એક ભારતીય વૈજ્ઞાનિક અને ગણિતશાસ્ત્રી હતા. સાપેક્ષતાની થીયરી પરના કામથી તેઓ જાણીતા થયા. વૈજ્ઞાનિક હોવા ઉપરાંત શિક્ષકશાસ્ત્રી અને સ્વાતંત્ર્ય પહેલાં ગાંધીયન તત્ત્વજ્ઞાનના અનુયાયી હતા.

જૂનાગઢ જિલ્લાના શાહપુર ગામમાં ૨૩ મે ૧૯૧૮માં તેમનો જન્મ થયો હતો. તેઓએ ઘણો ખરો અભ્યાસ ભાવનગરમાં કર્યો. શ્રી વૈદ્ય ઉચ્ચ અભ્યાસ માટે મુંબઈ ગયા. શાળા શિક્ષણબાદ વિજ્ઞાનની કોલેજમાં જોડાયા અને ગણિત તથા ભૌતિક વિજ્ઞાન સાથેની બીએસસીની ડિગ્રી મેળવી. બાદમાં એપ્લાઈડ મેથ્સમાં તેઓએ એમએસસીની ડિગ્રી પ્રાપ્ત કરી. ત્યાર પછી ૧૯૪૦માં તેઓએ રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કોલેજમાં અધ્યાપક તરીકેની કારકિર્દીની શરૂઆત કરી. વિદ્યાર્થીઓને ત્રિકોણમિતી તથા અંક ગણિત શીખવતા. બાદમાં અર્ધસત્ર સુધી મુંબઈમાં સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં રહ્યા. પછી રાજકોટમાં રોયલ ફેમિલીના શ્રી ઠાકોર સાહેબની કોલેજનું સંચાલન કર્યું. નવા મેનેજમેન્ટ સાથે મતભેદો થતા ૧૯૪૧માં રાજીનામું આપ્યું. તેઓ સ્વાતંત્ર્ય સેનાની તરીકે અહિંસક સંઘમાં જોડાયા હતા. સાથે સાથે વિદ્યાર્થીઓને ગણિત ભણાવતા હતા.

૧૯૪૨ના વર્ષમાં પ્રો. વી. વી. નારલીકરને સાપેક્ષતાનો અભ્યાસ કરવાની ઈચ્છા ધરાવતો પત્ર લખ્યો. શ્રી નારલીકરે મંજૂરી આપી અને ડો. પી. સી. વૈદ્ય બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસીમાં જોડાયા. સંસ્થામાં સંશોધન દરમ્યાન ગણિત શીખવતા. તેઓ સુરત, રાજકોટ અને મુંબઈ ગયા. શ્રી વૈદ્ય લગભગ ૧૦ માસ સુધી વારાણસીમાં રહ્યા અને સાપેક્ષવાદનો અભ્યાસ કર્યો. તે સમયે હિંદ છોડોની મહાત્મા ગાંધીની ભારતની સ્વાતંત્ર્યતાની ચળવળ પૂરજોશમાં હતી. બીજા વિશ્વયુદ્ધને કારણે રાજકીય સ્થિરતા પણ ડામાડોળ હતી. શ્રી પી.સી. વૈદ્ય તેમની પત્ની તથા ૬ માસની પુત્રી સાથે રહેતા હતા. આવા સંજોગોમાં તેઓ પ્રો. વી. વી. નારલીકરે શરૂ કરેલા સાપેક્ષતાના વર્ગમાં જોડાયા. આ દરમ્યાન સ્પેસ ટાઈમ જ્યોમિટ્રીની શોધ કરી, અને એક અઠવાડિયામાં વૈદ્ય મેટ્રિકની શોધ કરી. આઈન્સ્ટાઈનના ગુરુત્વાકર્ષણ બળને સમજવા માટે અનેક જટિલ ગાણિતીય સમીકરણો સમજવા પડે. જે દરેક માટે સરળ નથી હોતા. તેમાં દર્શાવેલ ગાણિતક સૂત્રો જોતાં તે વ્યવહારમાં કઈ રીતે ઉપયોગી રહે છે, તે સમજવું મુશ્કેલ જણાય છે. બસ, આ જ મુદ્દાને ધ્યાનમાં લઈ વૈદ્ય સાહેબે પરિશ્રમ આદર્યો અને તેના ફળસ્વરૂપે વૈદ્ય મેટ્રિક શોધાયું. સ્પેસ ટાઈમ જ્યોમિટ્રીના આધારે કિરણોત્સર્ગી તારાના ગુરૂત્વાકર્ષણનું માપ કાઢી શકાય. ધારણા એવી હતી કે તારાની આજુબાજુ પ્રકાશના કિરણો હોય છે. શ્રી વૈદ્ય સાહેબે આવું વાસ્તવિક વર્ણન કરતો ઉકેલ શોધી કાઢ્યો જે વૈદ્ય મેટ્રિક છે.

વૈદ્ય મેટ્રિક નો વિચાર પ્રથમ વખત તેઓને મહાત્મા ગાંધીજીના ઉપવાસના અઢારમાં દિવસે ગાંધીજીના સમાચાર જાણવા વર્તમાનપત્રની રાહ જોતા હતા ત્યારે આવ્યો. આ વૈદ્ય મેટ્રિક પછી તો આખી દુનિયામાં એટ્રોફીઝીક્ય અને હાઈડ્રોનિક્સના ક્ષેત્રે આજે પણ પાયાના સિદ્ધાંત તરીકે વપરાય છે.

ઈન્ટરનેટના સર્ચ એન્જિનમાં વૈદ્ય મેટ્રિક લખતા જ દેશ વિદેશમાં તેના આધારે થયેલા સંશોધનોના હજારો પરિણામો પ્રાપ્ત થાય છે.

૧૯૭૧માં ગુજરાત જાહેર સેવા આયોગના અધ્યક્ષ તરીકે નિમણુંક પામ્યા. બાદમાં ૧૯૭૭-૭૮ દરમ્યાન કેન્દ્રીય જાહેર સેવા આયોગમાં સભ્યપદ મેળવ્યું અને કેન્દ્ર સરકારમાં કામ કર્યું. ૧૯૭૯ - ૮૧ લગભગ દોઢ વર્ષ સુધી ગુજરાત યુનિવર્સિટીમાં ઉપકુલપતિ તરીકે રહ્યા. પ્રો. વૈદ્ય, ગાંધી વિદ્યાપીઠ, સુરતના પણ ઉપકુલપતિ હતા.

ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિની જગ્યા પર હોવા છતાં કામ વચ્ચે પણ ગણિત વિભાગના વિદ્યાર્થીઓને તથા અધ્યાપકોને મળતા. વળી તેમની કચેરીમાં પણ બ્લેક બોર્ડ રાખતા. વિદ્યાર્થીઓ ગણિતના કોઈ પ્રશ્ન માટે માર્ગદર્શન લેવા આવે ત્યારે કચેરીમાં જ બ્લેકબોર્ડ દ્વારા શિક્ષણ આપવા ડૉ. વૈદ્ય ગુજરાત યુનિવર્સીટીના પ્રથમ એવા ઉપકુલપતિ હતા કે જેમણે પોતાની કચેરીમાં વર્ગખંડ બનાવી દીધો હતો.

ગુજરાત યુનિવર્સીટીના ગણિત વિભાગના વડા થયા ત્યારથી માંડીને જીવનના અંતિમ વર્ષો સુધી તેઓ નિયમિત ગાંધી ટોપી પહેરી, ઊંચી કાળા રંગની સાઈકલ લઈને યુનિવર્સીટીના વિદ્યાર્થીઓને ગણિત શીખવવા આવતા હતા. શ્રી વૈદ્ય સાહેબે જગદીશચંદ્ર બોઝે કહેલી એક વાત જીવનમાં

ઉતારી હતી કે શિક્ષકે એવી રીતે વર્તવું જોઈએ કે તે વિદ્યાર્થીઓ માટે આદર્શ બને, વળી શિક્ષક એવો હોવો જોઈએ કે જ્યારે નોટબુક કે પાઠ્યપુસ્તક ન હોય, ત્યારે પણ શિક્ષણ કાર્ય કરી શકે.

વલ્લભ વિદ્યાનગરમાં બિરલા વિશ્વકર્મા કોલેજનું ઉદ્‌ઘાટન પંડિત જવાહરલાલ નહેરૂએ કોલેજની છત બની નહોતી ત્યારે કર્યું હતું. આ છત વિનાની કોલેજમાં પ્રો. વૈદ્ય એવું રસપૂર્વક ભણાવતાં કે વૈદ્ય સાહેબની ગાંધી ટોપી જ અમારી છત છે એમ વિદ્યાર્થીઓ કહેતા. નિવૃત્તિ બાદ પણ ઘણા વર્ષો સુધી સ્વેચ્છાએ એમ.એસ.સી. ના વિદ્યાર્થીઓને ગણિત શીખવતા.

૧૯૪૭-૪૮ના ટૂંકા ગાળા દરમ્યાન તેઓ ટાટા ઈન્સ્ટિટ્યુટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચમાં સંશોધક સહાયક તરીકે કામ કર્યું. ત્યાં ભારતના અણુ કાર્યક્રમના પિતા ગણાતા શ્રી હોમી ભાભા સાથે કામ કર્યું. શ્રી વી. વી. નારલીકરના ૬૦ વર્ષ પુરા થતાં ઉજવાતા હીરક મહોત્સવ નિમિત્તે યોજાયેલા સન્માન સમારંભ વખતે શ્રી પી. સી. વૈદ્યે ભારતીય સાપેક્ષવાદીઓની સોસાયટી રચવાની રજુઆત કરી. પરિણામ સ્વરૂપ ઈન્ડિયન એસોસીએશન ફોર જનરલ રિલેટીવીટી એન્ડ ગ્રેવિટેશનનો ઉદય થયો અને પ્રો. વી. વી. નારલીકરને પ્રમુખપદે સ્થાપવામાં આવ્યા. તેમના સૂચનથી શ્રી વિક્રમ સારાભાઈએ અમદાવાદ ખાતે વિક્રમ સારાભાઈ કોમ્યુનિટી સેન્ટરની સ્થાપના કરી. જેમાં દેશની પહેલી ગણિતની પ્રયોગશાળા સ્થપાઈ. જે હાલ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર તરીકે ઓળખાય છે. શ્રી વૈદ્ય સાહેબે ગુજરાત મેથેમેટ્રીક્સ સોસાયટીની પણ સ્થાપના કરી હતી.

રહેવાની અસુવિધાને કારણે તેઓએ મુંબઈ છોડ્યું અને પોતાની કારકિર્દી માટે ગુજરાતમાં આવ્યા ૧૯૪૮ થી ૧૯૭૧ દરમ્યાન વી. પી. કોલેજ, વલ્લભ વિદ્યાનગર, ગુજરાત કોલેજ, અમદાવાદ તથા એમ. એન. કોલેજ, વિસનગર ઉપરાંત ગુજરાત યુનિવર્સીટીમાં સ્કૂલ ઓફ સાયન્સમાં અધ્યાપન કર્યું હતું. આ વર્ષો દરમ્યાન આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી જેવી કે વોશીંગ્ટન સ્ટેટ યુનિવર્સીટી, લંડન યુનિવર્સીટી, યોર્ક યુનિવર્સીટી, યુનાઈટેડ કિંગ્ડમ ન્યૂ કેસ્ટલ યુનિવર્સીટી, વીઝીટીંગ પ્રોફેસર તરીકે સેવા આપી. ઉપરાંત શ્રી વૈદ્ય સાહેબે સંશોધન પેપર તૈયાર કર્યું અને મુંબઈ યુનિવર્સીટી તરફથી સ્કોલરશીપ પણ મેળવી. સંશોધન પેપર અમેરિકન ફીઝીકલ સોસાયટી જર્નલને મોકલવામાં આવ્યું. જે પ્રસિદ્ધ પણ થયું. ૧૯૪૯માં ગણિત વિષયમાં પી. એચ. ડી. કર્યું. આ વિષયમાં ગુજરાતમાં તેઓ પહેલા હતા.

પ્રખર ગાંધીયન ગણિતશાસ્ત્રી ડૉ. વૈદ્ય પ્રમાણિકતા તેમજ નૈતિકતાના પર્યાય ગણાતા. વળી ગણિતમાં તેમની પ્રવિણતા એવી હતી કે તેઓ ગણિતના પણ પર્યાય ગણાતા હતા. તેઓ ઘણા જ સાદા હતા. તેમનો દૃઢ વિશ્વાસ હતો કે એક ગણિતજ્ઞ માટે તેનું મગજ જ સારું ઉપકરણ છે. તેમના જીવનના સુવર્ણ કાળ દરમ્યાન પણ તેઓએ ક્યારેય પોતાના સ્વાર્થ માટે પોતાના હોદ્દાનો દુરોપયોગ કર્યો નથી. તેઓ કહેતા 'હું ગુજરાતનો સૌથી વધુ પગાર મેળવતાં ગણિતનો શિક્ષક છું. આટલું વળતર ફક્ત એમ.એસ.સી. ભણાવવા માટે મર્યાદિત હોઈ શકે નહિ.'

લગભગ ૧૯૭૪-૭૫થી નવું ગણિત આવ્યું. આ ગણિત વધારે તર્કબદ્ધ હતું. અગાઉ ગણિતમાં (ભૂમિતિ)માં આકૃતિઓનું મહત્વ હતું, જ્યારે નવા ગણિતમાં આકૃતિ ગૌણ બની ગઈ. ગણિત તાર્કિક વધારે બન્યું. શ્રી વૈદ્ય સાહેબ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને વધારે સમય આપતા હતા. તેઓમાં ગણિતમાં જિજ્ઞાસાને જાગૃત કરતા.

દેશમાં ગણિત લોકપ્રિય બને તે હેતુથી ૧૯૬૩ના માર્ચ મહિનાથી, દ્વિમાસિક સુગણિતમ્ મેગેઝીન શરૂ કર્યું હતું. જે આજે ૫૦ વર્ષ પછી પણ નિયમિત પ્રગટ થાય છે.

શ્રી વૈદ્ય સાહેબના ગુજરાતી પુસ્તકો પણ પ્રસિદ્ધ થયા છે — અખિલ બ્રહ્માંડમાં, દશાંશ પદ્ધતિ - શા માટે ?, દાદાજીની વાતો (બાળકો માટે વિજ્ઞાન વિષયક વાર્તા સંગ્રહ), મોડર્ન મેથેમેટિક્સ શું છે ?, ગણિત દર્શન (રાજ્ય સરકાર તરફથી એવોર્ડ પ્રાપ્ત પુસ્તક.

આ ઉપરાંત શિક્ષણ જગતના અનુભવો પરથી સ્મૃતિઓ, ચોક અને ડસ્ટર, અમેરિકા અને આપણે પુસ્તકોની રચના કરી હતી. ગુજરાતના સાંસ્કૃતિક મેગેઝીન કુમાર માસિકમાં ગણિત અને વિજ્ઞાન વિષયક લેખો પણ લખ્યા.

શ્રી વૈદ્ય સાહેબના સંપર્કમાં આવ્યા છે તે વિદ્યાર્થીઓ, અધ્યાપકો, શિક્ષણવિદો આજે પણ તેમને સાચા, કર્તવ્ય નિષ્ઠ, પ્રમાણિક, ઉત્સાહી શિક્ષક તરીકે યાદ કરે છે. તેમની આત્મકથાત્મક દસ્તાવેજી ફિલ્મ પણ બહાર પડી છે.

જાન્યુઆરી ૨૦૧૦માં તેઓને કીડનીની તકલીફ થઈ. સ્થિતિ બગડતી ગઈ તા. ૧૨મી માર્ચ ૨૦૧૦માં ૯૨ વર્ષની વયે ગણિતના જાદુગરનું અવસાન થયું.

જેઓ તેમની પાસે ભણ્યા છે, સેમિનારોમાં તેમને માણ્યા છે એ ગણિતજ્ઞ કદી પણ ભૂલાશે નહિં.

વાર્તા

# એટેચી

● બિપીન ધોળકીયા-ભુજ ●

બસ ઉપડવાની તૈયારીમાં હતી. હેમંત એની સીટ પર બેઠો, બાજુની સીટ ખાલી હતી. હવે કોઈ આવે તેમ લાગતું ન હોતું. રાજકોટ જતી રાત્રી બસ હતી એટલે જો કોઈ નહિ આવે તો આડા પડી શકાશે તેવું એ વિચારતો હતો ત્યાંજ એના કાન પર અવાજ સંભળાયો, કોઈ આવનાર છે ?

ના, બેસો, કહીને હેમંતે પોતે સરખા બેસી જગ્યા કરી આપી. સામાનમાં એટેચી સિવાય કાંઈ નહોતું. એણે એટેચી ઉપરની છાજલીમાં રાખી અને એની બાજુમાં જ એની એટેચી જેવી જ એટેચી, આવનાર પેલા પેસેન્જરે મૂકી. હેમંતને વિચાર આવી ગયો. બંને એક સરખી જ એટેચી છે અદલા બદલી ન થઈ જાય તો સારું.

બસ શરૂ થઈ. હેમંતે પેલા પેસેન્જરને પૂછયું તમારે ક્યાં જવું. ?

મારે મોરબી, તમારે ?

મારે રાજકોટ.

પછી બંને થોડીવાર વાતે વળગ્યા. એને છાજલી પર રાખેલી એટેચીના જ વિચાર આવતા હતા.

એ ઓફિસમાં હતો ત્યાંજ બોસે એને બોલાવ્યો અને કહ્યું કે હેમંત, તમને ખબર જ છે કે આવતીકાલે રાજકોટમાં મીટીંગ છે. આમ તો મારે જ જવાનું છે પણ મારૂં ફેમીલી આજે જ રાજકોટથી આવનાર છે એટલે પત્ની અને છોકરાઓ અહિં આવે અને હું રાજકોટ મીટીંગમાં જાઉં તે યોગ્ય નથી થતું. તો મારે બદલે તમે જ જઈ આવો. મેં ફાઈલ તૈયાર રાખી છે. ત્યાં જે ચર્ચા થાય તે લખી લેજો અને મેં જે કાંઈ દરખાસ્ત મૂકી છે તે આ ફાઈલમાં જ છે તો તે ફાઈલ ત્યાંના એચ. સી. શાહ ને આપી દેજો ઓ.કે !

'યસ સર,' હેમંતે તે જવાબ આપ્યો, મીટીંગમાં જવું તો એને પણ ગમતું ન હોતું. પણ બોસે ઓર્ડર કરી દીધો એટલે ગયા વિના છૂટકોજ નહોતો. બસ એની ઝડપથી ચાલી રહી હતી. એકજ સીટ પર બેઠેલા બંને મૌન હતા. હેમંતને વિચાર આવ્યો કાંઈક વાત કરવી જોઈએ. એણે પૂછયું મોરબીમાં તમારો શું વ્યવસાય છે ? કોન્ટ્રાક્ટર છું. મકાનો બાંધવાનો કોન્ટ્રાક્ટ લઉં છું. એટલે ફરતા રહેવું પડે. તમે શું કરો છો ?

સરકારી ઓફિસમાં નોકરી છે. રાજકોટમાં મિટીંગ છે એટલે જાઉં છું.

વાતો થતી રહી.. બારીમાંથી મંદ મંદ પવન આવી રહ્યો હતો. ધીમે ધીમે કરતા બધા પેસેન્જર ઝોલે ચડતા ગયા. કોન્ટ્રાક્ટર તો જરાવારમાં વાતો કરતા ઊંઘી ગયો. હેમંતને પણ ઝોલાં આવવાં મંડ્યા.

બસ ઝડપથી દોડી રહી હતી. પસાર થતી ટ્રકો-બસોના અવાજ ઊંઘમાં ખલેલ પાડી જતા હતા પણ તોય લગભગ પેસેન્જરો ઝોલે ચડી ગયા હતા... રસ્તામાં ઝાઝો ટ્રાફિક ન હોવાથી બસ તેજ ગતિએ દોડી રહી હતી... દૂરથી મોરબીની લાઈટ દેખાઈ રહી હતી...

થોડીવાર પછી બસ ધીમી પડી કંડક્ટરે બૂમ પાડી, મોરબી ઉતરનારા પેસેન્જર આગળ આવી જજો....

મોરબી ઉતરનારા સામાન સાથે બારણાં તરફ આગળ વધતા ગયા. પેલો કોન્ટ્રાક્ટર પણ સફાળો જાગી ગયો ને છાજલી પરથી એટેચી ઉતારી ઉતરી ગયો. બસ ઊભી રહી.

ભાઈ તમારે તો રાજકોટ જવાનું છે ને ? આતો મોરબી હતું. હેમંત જવાબ આપ્યા વગર બસમાંથી ઉતરી ગયો આજુબાજુ નજર ફેરવી થોડીક દૂર પેલા કોન્ટ્રાક્ટરને રિક્ષાની રાહ જોતો ઊભેલો જોયો. હેમંત દોડ્યો અને બૂમ પાડી. એ કોન્ટ્રાક્ટર ભાઈ ઊભા રહો...

બીજી જ ક્ષણે એણે એનો બોસને કહેતાં સાંભળ્યા. 'મિસ્ટર હેમંત તમે આટલી હદે બેદરકાર હશો તેની તો મને કલ્પના જ નહોતી. તમારી વાત પ્રમાણે પેલો કોન્ટ્રાક્ટર તમને ભેળો થઈ ગયો નહિંતર શું થાત જાણો છો ? તમે મિટીંગમાં ન જઈ શક્યા હોત એટલે મારૂં ખરાબ લાગત. આપણી ઓફિસનો પ્રોગ્રેસ રિપોર્ટ જી.એમ.ને ખબર ન પડત. બધી નવી પ્રોપોઝલ હવામાં ઊડી જાત...'

હેમંત હાંફતો હતો... એ કોન્ટ્રાક્ટરની નજીક પહોંચ્યો કે એણે પૂછયું 'કેમ શું થયું ? તમે કેમ ઉતરી ગયા ?'

'મારી... મારી એટેચી તમારી સાથે આવી ગઈ. એ હાંફતા હાંફતા બોલ્યો.. 'એમાં ઈમ્પોર્ટન્ટ ફાઈલ હતી. સાથે બીજા પણ પેપર્સ હતાં. કપડાં... દાઢીનો સામાન...'

કોન્ટ્રાક્ટરે એટેચી પાછી આપતાં કહ્યું અને ભાઈ મારી એટેચીમાં શું હતું એજ વાત હું ભૂલી ગયો... હેવ જૂઓ એમાં શું છે ?

કોન્ટ્રાકટરે એટેચી ખોલી.....

હેમંતે એમાં જે જોયું તેનાથી એ હેબતાઈ ગયો... એટેચીમાં રૂપિયા હજાર હજારની થોકડીઓ ગોઠવેલી હતી...

મહિલા વિશેષ

# સ્ત્રીઓની સર્વાંગી પ્રગતિ માટે સજ્જ બુધવારિયું મંડળ

● પ્રા. સૂર્યકાન્ત ભટ્ટ - ભુજ ●

સ્ત્રીઓના સશક્તિકરણ, સામાજીક આર્થિક ક્ષેત્રે વિકાસ અને રક્ષણ અર્થે આજે આપણા ભારત દેશમાં અનેક સામાજીક સંસ્થાઓ કટીબધ્ધ છે. અમુક સંસ્થાઓ, સાયલન્ટ અન સચોટ કાર્યવાહી કરતી મહિલા સંસ્થા છે. જેના વિષે માહિતી આપનારા અમારા કોલેજ કાળના ભુજની લાલન કોલેજના, સંસ્કૃતના પ્રાધ્યાપિકા ડો. તિલોતમાબેન મહેન્દ્રભાઈ જાની જેઓ આજે ૮૪ વર્ષે જૈફ વયે યુવાનોને શરમાવે તેટલી કક્ષાએ સતત કાર્યરત રહે છે. તેઓએ બનારસ હિંદુ યુનિ. માંથી શામવેદ પર પી.એચ.ડી. કર્યું છે. આજે છેલ્લા ૪૧ વર્ષથી મુંબઈમાં ચાલતા તેમના અર્થાત બહેનોના બુધવારિયા મંડળ વિષે અત્યંત રસપ્રદ માહિતી આપી છે. જેમાંથી અનેક અન્ય મંડળોને કંઈક નવીન જાણકારી મળશે. ઊડીને આંખે વળગે તેવી બાબતતો એ છે કે આ બુધવારિયા મંડળમાં કોઈ જ પ્રકારના પ્રમુખ, મંત્રી, સહમંત્રી, ખજાનચી, સલાહકાર જેવા કોઈ પદાધિકારીઓ છે જ નહિં. આજે લોકો એમ માને છે કે આમ કોઈ પણ જાતના પદ, હોદ્દા વિના કાર્યની ફળવણી કેમ થઈ શકે ? કાર્ય બોજ કોણ ઉઠાવે ? વાસ્તવમાં તો એક અતૂટ સહકારની ભાવનાથી આ મંડળ આજે ચાર દાયકાથી વધુ સમય અર્થાત ઈ.સ.૧૯૭૮થી સહુ બધાને માટે અને બધા સહુને માટે Each for all and all for eachની સહકારની મહામૂલી ભાવનાથી કાર્યરત છે. જે વિના સહકાર નહિં ઉધ્ધારની ભાવના મૂર્તિમંત કરે છે. Help us to help you આ સંદેશો વહેતો કરે છે. પ્રતિ પખવાડીએ બુધવારે બહેનોને મળવાનો સમય બપોરે ૩ થી ૫ હોય છે. અલબત કયારેક ૬ પણ વાગી જાય. આ એક એવું સ્નેહ-મિલન છે કે જયાં ખુશી-ગમનો સાથ સંગાથ અને મૈત્રીનું મધુર ગીત ગૂંજે છે.

બુધ્ધનો અર્થ થાય છે. ડાહ્યા, હોંશિયાર કે બુધ્ધિશાળી. બુધ્ધ એટલે ઈશ્વર અને તેમનો દિવસ એટલે આ મંડળની સભાની શરૂઆત પ્રભુપ્રાર્થનાથી જ કરવામાં આવે છે. આ સંસ્થામાં કોઈ ફી નથી. પરંતુ દિવાળીમાં ભેટ તરીકે બહેનો જે ભેટ સ્વરૂપે નાણા આપે તેમાંથી કોઈ ભેટ ખરીદી આ મંડળના સભ્યોમાં વિતરણ કરાય છે. કોઈને ત્યાં લગ્ન હોય તો સમૂહમાં પૈસા એકત્રિત કરી તેમને ભેટ અપાય છે.

ઈ.સ. ૧૯૯૮થી સબસે ઊંચી પ્રેમ સગાઈ નામનું એક વાર્ષિક સામાયિક કે મણિકા પ્રગટ થાય છે, જેમાં સભ્યોનો પરિચય, વિવિધ વિષયો પર લેખો, કાવ્યો, વાર્તા, નિબંધો અને અન્ય ઊપયોગી માહિતી આવરી લેવામાં આવે છે. દર પખવાડિયે બુધવારની સભા કક્કાવારી મુજબ કોઈ સભ્યને ત્યાં યોજાય છે. જેમાં બહેનોના શીલના રક્ષણ વિશે, સશક્તિકરણ વિષે, આધુનિક શિક્ષણ અને રોજગાર પ્રાપ્તિ બાબતે ચર્ચા વિચારણા થાય છે. કેટલાક નિર્ણયો પણ લેવાય છે.

આ મંડળમાં અથાણાં, વડી-પાપડ બનાવ્યા કે ચોકલેટ અને અવનવી વાનગીઓ બનાવવાની રીત શીખવાડવામાં આવે છે. સુશોભન કરવાની રીત, સાબુ, તેલ આદિ બનાવવાનું પણ શીખવાડાય છે. અમુક સમયે ખેલકૂદ સ્પર્ધા તથા બુધ્ધિ કૌશલ્ય, અંતાક્ષરી, ફેન્સીડ્રેસ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

નૂતનવર્ષ, વસંતોત્સવ, વર્ષાઉત્સવ, લગ્નોત્સવ, શ્રાવણોત્સવ, જન્માષ્ટમી, ગણેશચતુર્થી, રામનવમી, શિવરાત્રિ તથા રાષ્ટ્રિય તહેવાર ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરી ઊજવવામાં આવે છે. નવરાત્રિમાં ભેટ રૂપે આવેલી રકમમાંથી ભાગ લેનાર સૌ બહેનોને એક સરખી ભેટ અપાય છે. સ્પર્ધા હોય તો ત્રણ ઈનામો કોઈ દાતા તરફથી અપાય છે. ક્યારેક પ્રવાસ, વૃધ્ધાશ્રમ, બાલ્યાશ્રમ, મહિલા આશ્રમ અને દેવદર્શનના કાર્યક્રમો યોજવામાં આળે છે. અમુક સમયે હોમિયોપેથિક, આયુર્વેદિક, એલોપેથિક અને એક્યુપ્રેસરના નિષ્ણાતોને વક્તવ્ય આપવા બોલાવાય છે. પ્રશ્નોતરી પણ કરવામાં આવે છે.

આ કાર્યક્રમમાં ડૉ. સરલા દેસાઈ, ડૉ. હંસા ભેંસવણી, ડૉ. રમાબહેન વૈધ, ડૉ.મીરાં અગ્રવાલ, ડૉ. અમીન, ડૉ. હર્ષા હાથી, પ્રિન્સીપાલ કાન્તાબહેન આશર, સ્વ. સોના બહેન સોનાવાલાએ માર્ગદર્શન આપ્યું છે.

અવારનવાર યોજાતી સાહિત્ય સભામાં અમૃતલાલ યાજ્ઞિક, રામપ્રસાદ બક્ષી, મહાશ્વેતાબેન પંડ્યા, પ્રા. ડૉ. તિલોતમાબેન જાની, મેઘા સોમૈયા, તુષાર ગાંધી, કુરંમીબેન દેસાઈ, વંદના મહેતા, વંદના દેસાઈ, રૂપા શાહ, દુર્ગા ભટ્ટ, રેખાબેન ગોસલિયા, સોનલ શુક્લ, વિભૂતિ પટેલ, અશોક પંડિત - વિશ્વ હિન્દુ પરિષદ, દેવલેકર, ઈન્સપેક્ટર ઝેડે, અશ્વિન શાહ આદિએ વકતવ્યો આપ્યા છે. આ બુધવારિયા મંડળે બે હસ્તલિખિત અંકો બહાર પાડ્યા છે. જેમાં પ્રત્યેક સભ્યોના નામ, સરનામા, ફોટોગ્રાફ, પરિવારની જાણકારી, ફોન નંબર, મોબાઈલ નંબરો તથા વાર્તા, કાવ્યો, નિબંધો વગેરેનું સમાવિષ્ટ છે.

ખાસ તો આકાશવાણીના મુંબઈ કેન્દ્ર ઉપરથી કાર્યક્રમો પ્રસારિત થાય છે. આજે તો આ મંડળના અનેક બહેનો ૭૦ થી ૮૫ વર્ષની જૈફ વયના થયા છે. વાસ્તવમાં આ બુધવારિયા મંડળના બહેનોની મનોદશા પ્રવૃતિમય રહેવાથી સ્ફૂર્તિભરી રહે છે. ફુરસદનો ઉપયોગ તેઓ સર્જનાત્મક પ્રવૃતિમાં રહે છે. પરિવારમાં નાના અભ્યાસુ બાળકોને જ્ઞાન વાર્તા દ્વારા સ્વચ્છતા, ચારિત્ર્યતાના પદાર્થ પાઠ શીખવે છે. આ બહેનો તો નદી જેવું ખળખળ વહેતું જીવન જીવી રહ્યા છે.

સમાજના આપણા બહેનો પણ આવા અનન્ય સંસ્કાર અને સહકાર યુક્ત બુધવારિયા મંડળો રચી, જીવનને ધન્ય બનાવી શકે.

કોમ્પ્યુટરની દુનિયા



# શબ્દોની કમ્પ્યૂગ્રાફી-૭

● તુલસીદાસ કંસારા ●



**હાર્ડવેર : બાયો મેટ્રીક્સ ડિવાઈસ :** તમે જોયું હશે કે આજકાલ મિલકતોને લગતા દરેક દસ્તાવેજોમાં ફોટાઓ સાથે ભણેલા લોકોના અંગૂઠાની છાપ પણ લેવામાં આવે છે આજ પદ્ધતિ હવે કમ્પ્યૂટર સાથે જોડેલ એક સ્કેનર જેવા મશીન દ્વારા અમલમાં મૂકવામાં આવેલ છે. તમે વિદેશની સફરે જાઓ ત્યારે દાખલ થતી વખતે તમને આવા મશીનનો અનુભવ થશે. તેમા તમારા હાથના આંગળાઓ કે આંખની છાપ લેવામાં આવે છે. આવી બાયોમેટ્રીક્સ ડિવાઈસ એટલે માનવ શરીરના અંગો અને તેના હલન-ચલનની પેટર્નને લગતી વિગતોનો સંગ્રહ કરતું મશીન. હવે વ્યક્તિ તેના અંગૂઠા કે આંગળીઓના છાપ, હાથના આકાર, હથેળીની રેખાઓ, ચહેરાના આકાર, ડીએનએ, આંખની રેટીના, ઈત્યાદિ બાબતોમાં એકબીજાથી અલગ પડતી હોય છે. આ બધી બાબતો શરીર વિજ્ઞાનને લગતી હોવાથી તેને ફીઝીયોલોજીકલ લક્ષણો પણ કહેવામાં આવે છે. જ્યારે બાયોલોજી એટલે જીવવિજ્ઞાન જેના પરથી આ બાયોમેટ્રીક્સ નામ આવેલ છે. કેટલાક રીસર્ચ કરનારાઓએ આની સાથે માનવીની વર્તણૂંક જેવી કે ટાઈપીંગની રીધમ, ચાલવા કે બોલવાની ઢબ, અવાજની પેટર્ન, ઈત્યાદિ વિશે વિચારીને બિહેવિયરોમેટ્રીક્સ શબ્દ પણ બનાવેલ છે. જે બાયોમેટ્રીક્સ ટેકનોલોજીનું અદ્યતન વૃત્તાંત કહી શકાય.




**સોફટવેર : એવરનોટ :** એવરનોટ મતલબ હંમેશા માટેની નોંધ, લખાણ કે રેકોર્ડ તમે ડિક્ટેશન આપો કે સૂચન કરો અને તમારા સેક્રેટરી તે નોંધી લે. આ કાર્ય કરવા માટે સેક્રેટરીની જગ્યાએ એક અલગ સોફટવેર જ હોય તો કેટલી સરળતા રહે. બસ આવા જ વિચાર સાથે એવરનોટ સોફટવેર ડેવલપ કરવામાં આવેલ. તે એવી રીતે ડિઝાઈન કરવામાં આવેલ છે કે તમે તેમાં ટેક્ષ્ટ. આખુ વેબપેજ, કે તેનો ભાગ, ફોટોગ્રાફ, તમારો ડિકટેટ કરેલ વોઈસ મેમો, તમારા હાથની લખેલ ઈન્ક કે પેન્સીલ નોટ ઈત્યાદિ સંગ્રહી જ્યારે જોઈએ ત્યારે રીફર કરી શકો છો. આવી નોંધની સાથે કોઈ ફાઈલ જોડવાની હોય તો તે પણ એટેચ કરી શકાય છે. તમે તમારા ફોલ્ડર બનાવી તેમા તમારી ફાઈલો રાખી શકો છો. તેને ટેગ લગાડી શકો છો કે તે નોંધમાં ફરીથી કંઈક ઉમેરવાનું હોય કે અપડેટ કરવાનું હોય તે પણ કરી શકો છો. તેને એડીટ કરી શકો છો. તમારી ટીકા, ટિપ્પણી કે અભિપ્રાય લખી શકો છો તમને જોઈએ ત્યારે તમે તેમાંની કોઈ પણ ફાઈલ કે નોંધ શોધીને જ્યાં પણ મોકલવાની હોય ત્યાં નોટબુકના ભાગ તરીકે કે એક પેજ તરીકે એક્ષપોર્ટ કરી સકો છો. સરકારી દફતરોમાં કે કોર્પોરેટ કાર્યાલયોમાં થતા આવા બધા કામો કે પેપરવર્ક નો રેકોર્ડ રાખવા આ સોફટવેર પેકેજ બનાવવામાં આવેલ છે જે ક્રોમ ઓએસ, એનરોઈડ, ઓએસ એક્ષ, માઈક્રોસોફટ વિન્ડોસ, વિન્ડોસ ફોન, બ્લેકબેરી, વેબ ઓએસ જેવા અનેક પ્લેટફોર્મસ પર ચલાવી શકાય છે તેમજ તે ઓનલાઈન ચાલી શકે અને તે બેકઅપ રાખવાની સેવાનો પણ તેમાં સમાવેશ થાય છે. આ સર્વીસ આમ તો ૨૦૦૮માં સ્ટીફન પચીકોવે શરૂ કરેલ અને તેના ૧ કરોડ ૧૦ લાખ જેટલા વપરાશ કર્તાઓ જુલાઈ ૨૦૧૧ સુધીમાં થયેલ. અત્યારે આ સેવાઓમાંથી અમુક સેવાઓ નિઃશુલ્ક મળે છે. જ્યારે આખું પેકેજ પેઈડ સર્વિસ તરીકે મળે છે. તે કલાઉડ પર હોવાથી તેનું ભાડુ દર મહિને કે ચોક્કસ સમયને અંતરે તમે ઉપયોગમાં લો તેટલી સેવાઓ પ્રમાણે આપવાનું રહે છે. તેનું નામ જ દર્શાવે છે તેમ આ સોફટવેરથી તમે હંમેશ માટે તમારી નોંધોનો વિષયવાર અને દિવસવાર સંગ્રહ કરી શકો છો.



**ઈન્ટરનેટ : ટ્વિટર** - ઓનલાઈન સોસીયલ નેટવર્કીંગ અને માઈક્રોબ્લોગીંગ એટલે ટ્વિટર. તેના સ્થાપક જેક ડોરસી આ નામ પાછળનું કારણ આપતા સમજાવે છે કે એકાએક નાનો ધડાકો થાય અને લોકોનું ધ્યાન ખેંચાય તેવું કરવા માટે અમે મહત્તમ ૧૪૦ શબ્દોના એસએમએસથી લોકો પોતાના વિચારોની આપલે કરી શકે તેવી વ્યવસ્થા ઈન્ટરનેટમાં કરવા માંગતા હતા જે માટેનું નામ શોધતા અને શબ્દ મળ્યો - ટ્વિટર. જેનો અર્થ થાય છે ચકલીની જેમ ચીં.. ચીં.. જેટલું થોડું બોલવું. ટ્વિટરનો લોગો પણ આ ચકલી જેવા માઉન્ટન બ્લુ બર્ડ પરથી બનાવવામાં આવેલ છે. અત્યારે ૨૫ કરોડથી વધારે લોકો ટ્વિટરનો રોજેરોજ ઉપયોગ કરી રહેલ છે. અને તેમના દ્વારા સરેરાશ રોજની બે ટ્વિટ એટલે કે પચાસ કરોડ ટ્વિટ થતી હોય છે. જેમાંથી આશરે પોણા ભાગથી પણ વધારે લોકો મોબાઈલ ફોનનો ઉપયોગ કરી ટ્વિટ કરતા હોય છે

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

**જુલાઈ-ઓગષ્ટ-૨૦૧૪**

- **બુધવાર તા. ૬-૮-૨૦૧૪ :**

  આજે સાંજના શ્રી કચ્છી સમાજ-અમદાવાદના ટ્રસ્ટ મંડળ તતા કારોબારી સમિતિની સંયુક્ત મિટીંગ મળેલ હતી. ૧૮ વ્યક્તિઓ ઉપસ્થિત રહેલ હતી. તા. ૧૪-૧૦-૨૦૧૪ના રોજ ડૉ. પ્રશાંત ભીમાણીનો હિપ્નોટીઝમનો અને ફંડ રાઈઝીંગ કાર્યક્રમ તરીકે રાખવાનું નક્કી કર્યું. તેના અનુસંધાને કાર્યક્રમ સમિતિ, વોલંટીયર સમિતિ તથા પાસ વિતરણ સમિતિનું ગઠબંધન કરવામાં આવ્યું. એજ્યુકેશનલ હેલ્પ લાઈન, મેડિકલ હેલ્પ લાઈન, જોબ હેલ્પ લાઈન તથા લીગલ હેલ્પ લાઈન વિષે ચર્ચા વિચારણા કરવામાં આવી. વિદ્યાર્થીની હોસ્ટેલ અંગે પણ ચર્ચા કરવામાં આવી. સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિના કન્વીનર પદે શ્રી અતુલ સોનીનું આવેલ રાજીનામુ નામંજુર કરવામાં આવ્યું. તા. ૭-૮-૨૦૧૪ના રોજ કચ્છ બ્રાન્ચ કેનાલના નિરીક્ષણ કરવા જવાની ચર્ચા કરવામાં આવી.

- **ગુરુવાર તા. ૭-૮-૨૦૧૪ :**

  આજે સવારમાં ૬-૦૦ કલાકે અમદાવાદથી ઉપડી રાધનપુર અને ત્યાર બાદ નર્મદાની કચ્છ બ્રાન્ચ કેનાલનું ૦.૦ કિમિ થી ૧૦૦.૦ કિમિ. સુધી નિરીક્ષણ કરવામાં આવ્યું. અમદાવાદથી ટોટલ ૧૫ વ્યક્તિએ આ પ્રવાસમાં આવેલ હતી. રાત્રે ૭-૦૦ કલાકે ૧૦૦ કિમિ. પરનો પમ્પીંગ સ્ટેશન નિહાળી અમદાવાદ પરત આવવા રવાના થયા. સરદાર સરોવર નર્મદા નિગમના ડાયરેક્ટર શ્રી મુકેશભાઈ ઝવેરી સમગ્ર કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત રહી બધી વિગતો સમજાવેલ હી.

- **ગુરુવાર તા. ૧૪-૮-૨૦૧૪ :**

  શ્રી કૈલાસદાન ગઢવીએ ગર્લ્સ હોસ્ટેલ માટે પાલડી ખાતે એક મકાન જોઈ તેની ચર્ચા આગળ ચલાવેલ હતી.

- **શુક્રવાર તા. ૧૫-૮-૨૦૧૪ :**

  શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા, શ્રી મનુભાઈ કોટડીયા સમાજની ઓફીસ પર સ્પાન ટ્રેડ સેન્ટરમાં એકત્રિત થયેલ હતા અને તેઓએ તા. ૧૯-૧૦-૨૦૧૪ના ફંડ રાઈઝીંગ કાર્યક્રમના પાસ, તેની પાછળના લોગો વગેરે અંગે ચર્ચા કરેલ હતી. પાસમાં આમંત્રણ લખવાની વિગતોનો ડ્રાફ્ટ પણ બનાવી તેને પ્રિન્ટીંગમાં મોકલી આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

  ઓગષ્ટ-૧૪ના કચ્છશ્રુતિ અંકો પ્રિન્ટીંગ થઈને ઓફીસ પર આવી ગયેલ હતા. તેના આવતી કાલના પોસ્ટ કરવાની તૈયારી ચાલુ રાખવામાં આવેલ હતી.

- **શનિવાર તા. ૨૩-૮-૨૦૧૪ :**

  શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા, શ્રી હિમાંશુ ઠક્કર સમાજની ઓફિસે એકત્રિત થયેલ હતા અને તા. ૧૯-૧૦-૨૦૧૪ના ફંડ રાઈઝીંગ કાર્યક્રમ, તેના પાસ વગેરે અંગે ચર્ચા કરેલ હતી.

- **શુક્રવાર તા. ૨૯-૮-૨૦૧૪ :**

  શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા તથા શ્રી કૈલાસદાન ગઢવી પાલડીના જે સોસાયટીમાં હોસ્ટેલને અનુકૂળ મકાન છે તે સોસાયટીના ચેરમેન સાથે રૂબરૂ મિટીંગ કરી. ચેરમેનશ્રીનો સાનુકુળ પ્રત્યાઘાત આવવાથી, તેના અનુસંધાને તા. ૬-૯-૨૦૧૪ના રોજ ટ્રસ્ટ મંડળની મિટીંગ બોલાવવાનું નક્કી કર્યું.

- **ગુરુવાર તા. ૪-૯-૨૦૧૪ :**

  શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા તથા શ્રી મનુભાઈ કોટડીયાના સમાજની ઓફીસ પર એકત્રિત થયેલ હતા. તા. ૧૯-૧૦-૨૦૧૪ના ફંડ રાઈઝીંગ કાર્યક્રમના ટાઉનહોલના પાસ પ્રિન્ટ થઈને આવી ગયેલ હતા તેના પર રો-નંબર અને સીટ નંબર ઈન્કથી લખવાનું ચાલુ કરાવ્યું. એક નોટબુકમાં પાસના નંબર સહિત રેકોર્ડ તૈયાર કરવાનું શરૂ કર્યું.

  તા. ૬-૯-૨૦૧૪ની મિટીંગ માટે કેટલાક ટ્રસ્ટીશ્રીઓને ફોન કરી, આ મિટીંગમાં ઉપસ્થિત રહેવા આમંત્રિત કર્યા.

  ફંડ રેઈઝીંગ કાર્યક્રમના પાસની પાછળના લોગોના બીલ મોકલવા કવરીંગ લેટર તૈયાર કર્યો.

  શ્રી અશોક મહેતા, શ્રી કૈલાસદાન ગઢવી તથા શ્રી હસમુખ ખાંડવાલા હોસ્ટેલને અનુરૂપ પ્રેરણાતીર્થ દેરાસર પાસેનું બિલ્ડીંગ જોવા ગયેલ હતા. તે મકાન યોગ્ય ન લાગતા તેની આગળની ચર્ચા બંધ કરવાનું નક્કી કર્યું.

- **શનિવાર તા. ૬-૯-૨૦૧૪ :**

  આજ રોજ સાંજના ૬-૦૦ કલાકે ટ્રસ્ટ મંડળ તથા આમંત્રિતોની એક સભા સમાજની ઓફિસ પર મળેલ હતી. આ મિટીંગમાં શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા, શ્રી કૈલાસદાન ગઢવી, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ ખેતાણી, શ્રી મહેન્દ્રભાઈ ભાનુશાલી, શ્રી મહેશભાઈ ભાનુશાલી, શ્રી બી.કે. પટેલ, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી લખુબાપા ઠક્કર, શ્રી દિનેશ મહેતા, શ્રી મનુભાઈ કોટડીયા, શ્રી દિપક ચૌહાણ વગેરે ૧૫ જેટલી વ્યક્તિઓ ઉપસ્થિત રહેલ હતી. પાલડી ખાતેના મકાનના હોસ્ટેલ પ્રોજેક્ટ માટે આગળ વધવાનું નક્કી કરવામાં આવ્યું. તે માટે રૂ. ૧૫ કરોડ જેટલા ટોટલ પ્રોજેક્ટનો એસ્ટીમેટ પણ મંજુર કરવામાં આવ્યો. આજ મિટીંગમાં તા. ૧૯-૧૦-૨૦૧૪ના રોજ ટાઉનહોલ ખાતે યોજવામાં આવેલ. ફંડ રેઈઝીંગ કાર્યક્રમ અંગેની ચર્ચા પણ વિગતવાર કરવામાં આવી. તેના પાસ વિતરણની જવાબદારી ઉપસ્થિત સહુએ આનંદભેર સ્વીકારેલ હતી. રૂ. ૨૫૦૦, રૂ. ૧૫૦૦, રૂ. ૧૦૦૦, રૂ. ૫૦૦ તથા રૂ. ૨૫૦ ના પાસની સિસ્ટમ મંજૂર રાખી તે પ્રમાણે આવક વધારવાનું નક્કી કરવામાં આવ્યું.

- **સોમવાર તા. ૮-૯-૨૦૧૪ :**

  આજે અલગ અલગ પાસ દ્વારા ૧૬ જેટલી વ્યક્તિઓને લગભગ ૩૨૦ જેટલા પાસો મોકલી આપવાની તૈયારી કરવામાં આવી. ટાઉનહોલની કેપેસીટી લગભગ ૧૧૦૦ વ્યક્તિઓની રહેલ છે.

## શ્રદ્ધાંજલિ

- શ્રી કચ્છી સમાજ-અમદાવાદના પૂર્વ ઉપપ્રમુખ શ્રી કરશનભાઈ પટેલના પિતાશ્રી શ્રી નારાણભાઈ કાનજીભાઈ પટેલ (ધોળુ)નું ૮૦ વર્ષની જૈફ વયે લાંબી માંદગી બાદ ધોળકા મુકામે તા. ૨-૯-૨૦૧૪ના રોજ દુઃખદ નિધન થયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી નારાણભાઈ કાનજીભાઈ પટેલના નામથી કચ્છી સમાજમાં સરસ્વતી સન્માન માટે દર વર્ષે તેજસ્વી વિદ્યાર્થીઓને પારિતોષિક આપવામાં આવે છે. શ્રી કચ્છી સમાજ - અમદાવાદ પરિવાર તેમજ કચ્છશ્રુતિ પરિવાર એમના પરિવાર પ્રતિ સાંત્વના પાઠવે છે અને સ્વર્ગસ્થના આત્માની શાંતિ કાજે પ્રભુ પ્રાર્થના કરે છે.
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના ટ્રસ્ટી તથા ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે સંકળાયેલા શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા (બાંઢિયા-કચ્છ)નું તા. ૫-૯-૨૦૧૪ના રોજ દુઃખદ નિધન થયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે સ્વ. વિરેન્દ્રભાઈ, શ્રી કચ્છી સમાજ-અમદાવાદ આયોજીત 'કચ્છી મેળા' ના આયોજનમાં સક્રીય હતા. ઉપરાંત ૨૦૦૧માં આવેલ ભૂકંપ બાદ કચ્છમાં સહાય-સામગ્રી મોકલવા માટે તેમણે ખૂબ મોટું યોગદાન આપેલ હતું. શ્રી કચ્છી સમાજ-અમદાવાદ તેમજ કચ્છશ્રુતિ પરિવાર સ્વ. વિરેન્દ્રભાઈના આત્માની શાંતિ કાજે પ્રભુ પ્રાર્થના કરે છે તથા તેમના પરિવાર પ્રતિ દિલસોજી પાઠવે છે.

## અમદાવાદમાં વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ સુવિધા

અમદાવાદમાં આપણી જ્ઞાતિના ઘણા વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે. હાલમાં આપણા સમાજની કોઈ હોસ્ટેલ નથી. અમદાવાદમાં અન્ય કચ્છી જ્ઞાતિઓની હોસ્ટેલ / વિદ્યાર્થી ભવનો આવેલા છે. હાલમાં કચ્છ કડવા પાટીદાર સમાજના અગ્રણીઓ સાથે થયેલ ચર્ચા વિચારણા બાદ તેમના સમાજ દ્વારા સંચાલિત વિદ્યાર્થી ભવનમાં આપણા સમાજના, કચ્છથી આવતા વિદ્યાર્થીઓને પ્રવેશ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. આથી અમદાવાદમાં રહી અભ્યાસ કરતાં આપણા સમાજના વિદ્યાર્થી ભાઈઓ આ સુવિધાનો લાભ લઈ શકશે. તે માટે નીચે દર્શાવેલ સ્થળે આવેલ વિદ્યાર્થી ભવનનો ફોન / ઈ-મેઈલ દ્વારા સંપર્ક કરવા વિનંતી. આ અંગે વિશેષ જરૂરિયાત જણાય તો શ્રી મનુભાઈ કોટડિયા (મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮)નો સંપર્ક કરી શકાશે.

***સરનામું :* સમસ્ત કચ્છ કડવા પાટીદાર સમાજ *સંચાલિત* શ્રી દામુભાઈ વિદ્યાર્થી ભવન**

૧૦, વિઠ્ઠલભાઈ પટેલ કોલોની, સ્ટેડિયમ પેટ્રોલ પંપ પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૪. ફોન : (૦૭૯) ૨૬૪૨૫૧૫૨

**E-mail : samastkkpf@gmil.com • Website : www.samstkkpfoundation.org**

***અતુલ સોની - અમદાવાદ***

# સંસ્થા સમાચાર

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ ૬૮માં સ્વાતંત્ર્ય પર્વની ઉલ્લાસ-ઉમંગપૂર્ણ ઉજવણી

૧૫ી ઓગષ્ટના દિને સમગ્ર ભારતમાં ૬૮માં સ્વાતંત્ર્ય પર્વની ઉલ્લાસભેર ઉજવણી સાથે હંમેશની જેમ શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ દ્વારા પાલડી ખાતેના ભવનના પટાંગણમાં રાષ્ટ્રીય પર્વની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. સમાજ સંચાલિત મેડિકલ સેન્ટરના સિનિયર ડોક્ટરો પૈકીના ફિઝીશીયન ડૉ. દેવાંગ શાહ, એમ.ડી. ના વરદ્ હસ્તે સવારે ૯-૦૦ કલાકે, શૌર્ય, શાંતિ અને સમૃદ્ધિના પ્રતિક રાષ્ટ્રધ્વજ ત્રિરંગાને લહેરાવીને સન્માનપૂર્વક સલામી આપવામાં આવી હતી. ધ્વજવંદન બાદ એકત્રિત જનસમુદાયને સંબોધતા ડૉ. દેવાંગ શાહે પોતાના ટૂંકા પ્રવચનમાં જણાવ્યું હતું કે રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં સૌએ સહભાગી થવું જોઈએ તથા રાષ્ટ્ર દ્વારા સ્થાપિત થયેલ વિકાસની પ્રગતિ, વૈશ્વિક પરિણામોને વધુ ઊંચાઈએ પહોંચાડવા દરેક નાગરિકોએ પ્રામાણિકપણે પોતાનું યોગદાન આપવું જોઈએ. તેને હંમેશા બલિદાનની જરૂર રહેતી નથી. તેની વિકાસયાત્રાને ગતિશીલ અને સાતત્યપૂર્ણ બનાવવામાં સૌનો સહયોગ અનિવાર્ય હોવા પર તેમણે ખાસ ભાર મૂક્યો હતો. જેને ઉપસ્થિત જનસમુદાયે તાળીઓના ગડગડાટથી વધાવીને તેને પ્રત્યે પોતાની વફાદારી અને જવાબદારી વ્યક્ત કરી હતી. ત્યારબાદ સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખશ્રી પ્રતાપ નારાણજી દંડે ૬૮માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સૌને આવકારીને અભિનંદન આપ્યા હતા. તેમણે સમાજ અને રાષ્ટ્રની પ્રગતિની ધરોહરને બરકરાર રાખવા સમાજના સૌ પરિવારજનોને આગ્રહભરી અપીલ કરી હતી. આ પ્રસંગે અમદાવાદના શ્રી કચ્છી જૈન સેવા સમાજ તથા શ્રી કચ્છી સમાજ-અમદાવાદના હોદ્દેદાદો, ડોક્ટર્સ, અગ્રણીઓ, મહાનુભાવો, સ્ટાફ વર્ગ સહિત સમાજના પરિવારજનો સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના મંત્રીશ્રી કે. આર. શાહે દરેક મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું.

આ અવસરે 'સંકલ્પ' દ્વાર ફેન્સી ડ્રેસનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આઝાદી માટે શહીદ થયેલ તેમજ તે માટે જેને દોરવણી આપનાર નેતાઓની વેશભૂષા ધારણ કરીને સમાજના ભૂલકાઓએ પોતાની આગવી શૈલીથી રજૂઆતો કરીને ભક્તિની અનોખી ભાવના પ્રદર્શિત કરી હતી.

***યહાં ડાલ ડાલ પે સોને કી, ચિડીયાં કરતી બસેરા..***

***વો ભારત દેશ હૈ મેરા.. વો ભારત દેશ હૈ મેરા..***

***વંદે માતરમ્***

## કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

નીચે જણાવેલ સ્થળે મ્યુઝિયમ નિહાળવા માટે જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છી દર્શનની એક ઝલ જોઈ શકાશે. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો. મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.

સ્થળ : શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.

ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭ સમય : સવારે ૧૦ થી ૨ અને સાંજે ૫ થી ૭

## શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ : પ્રવાસ

શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ દ્વારા તા. ૧૬-૮-૨૦૧૪ થી ૧૯-૮-૨૦૧૪ના રોજ જયપુર-પુષ્કર-અજમેર-ખાટુશ્યામનો યાત્રા પ્રવાસ યોજાયો.

તા. ૧૬-૮-૨૦૧૪ને શનિવારના રોજ અંદાજીત ૧૫૦ સભ્યો આગ્રા એક્સપ્રેસ દ્વારા અમદાવાદથી સાંજે ૫.૦૦ કલાકે જયપુર જવા રવાના થયા. બીજા દિવસે સવારે ૪.૦૦ કલાકે જયપુર આગમન થયું. અગાઉથી નક્કી કર્યા પ્રમાણે લકઝરી બસો દ્વારા હોટલ આર્કો પેલેસ, સિંધિ કેમ્પ, ખાતે પહોંચી. સાઈડ સીન માટે રવાના થયા. જન્માષ્ટમીનો દિવસ

હોવાથી કૃષ્ણ જન્મોત્સવ ઉજવવા સૌ ઉત્સુક હતા.

અગાઉ આયોજન કર્યા પ્રમાણે કૃષ્ણ જન્મ માટે પારણાં, ધૂપ, દીપ, પ્રસાદથી હોલ સજ્જ કર્યા બાદ લગભગ રાત્રે ૧૦.૩૦ કલાકે સમાજની બહેનોએ કૃષ્ણ ભગવાનનાં સુંદર ભજન-ધૂન દ્વારા વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું.

તા.૧૮-૮-૨૦૧૪ના રોજ જયપુરના સૌથી પ્રખ્યાત આંબેર કિલ્લાની મુલાકાત લીધી. જે પણ ખૂબ યાદગાર બની રહી. આ કિલ્લાએ ભારતના રાજાઓની ભવ્યતાની સૌને ઝાંખી કરાવી દીધી.

લગભગ ૧૨.૩૦ કલાકે આંબેર કોર્ટથી પાછા ફર્યા બાદ જયપુરથી લગભગ ૮૦ કિ.મી. દૂર આવેલા ખાટુ શ્યામજીના મંદિરે જવા સૌ રવાના થયા.

આ ઐતિહાસિક મંદિરના દર્શન કરી સૌ એ ધન્યતા અનુભવી ખરીદી માટેની મનમોહક બજાર એ મહિલાઓને વિશેષ આકર્ષિત કર્યા હતા. ખાટુ શ્યામજીથી લગભગ રાત્રે ૮.૪૫ કલાકે હોટલ પર પરત ફર્યા બાદ સૌ એ આરામ કર્યો અને ઘણા બધા મિત્રો પ્રખ્યાત રાજમંદિર ટોકિઝ ખાતે પિક્ચર પણ માણ્યું હતું. ત્રીજા દિવસે, એટલે કે તા. ૧૯-૮-૨૦૧૪ના રોજ સવારે સૌ અજમેર જવા રવાના થયા. બપોરે ૨.૦૦ કલાકે ભોજન લઈ વિશ્વપ્રસિધ્ધ દરગાહ અજમેર શરીફની મુલાકાત લીધી જે પણ યાદગાર બની રહી. સમ્રાટ પૃથ્વીરાજ ચૌહાણ દ્વારા સ્થાપિત અજમેર નગરીનું ભૌગોલિક લોકેશન ખૂબ આકર્ષક છે. અજમેર નગરી ચારે બાજુ અરવલ્લીની ગિરીમાળાઓથી આચ્છાદિત છે.

સૌ પુષ્કર જવા રવાના થયા. વેદોમાં પણ અંકિત અને ભારતીય ભક્તિમાં જેની વિશેષ નોંધ લેવાઈ છે. તેવી પુષ્કર લેકના દર્શન કરી ધન્યતા અનુભવી. આ સમગ્ર આયોજનમાં કન્વીનર શ્રી દિનેશભાઈ મોહનલાલ સાયતા, સહ કન્વીનર શ્રી હિતેશભાઈ ઝવેરભાઈ રાજદે, શ્રી મહેશભાઈ લખીરામભાઈ પૂજારા, શ્રી હર્ષદભાઈ લખીરામભાઈ શરદ વિગેરેએ વિશેષ સેવાઓ આપી હતી. **– હિમાંશુ ઠક્કર**

## ભાવનગર કચ્છ સમાજ

## મુળ નલીયા (કચ્છ) ના વતની શ્રી મહેન્દ્રભાઈ એચ. શાહની ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રીઝની સ્ટીયરીંગ કમિટીના ચેરમેનપદે પુનઃ નિયુક્તિ

શ્રી મહેન્દ્રભાઈ એસ. શાહ કે જેઓ મુળ નલીયા (કચ્છ)ના વતની અને છેલ્લા ઘણા વર્ષોથી ભાવનગરને કર્મભૂમિ બનાવી સ્થાયી થયેલા છે શ્રી મહેન્દ્રભાઈ છેલ્લા ઘણા વર્ષોથી ભાવનગર શહેર અને જિલ્લાના વ્યાપાર ઉદ્યોગ સાથે સંકળાયેલા રહ્યા છે અને આ સંસ્થા ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રીઝ સાથે પણ છેલ્લા ૨૮ વર્ષોથી સતત જોડાયેલા રહ્યા છે અને સંસ્થાના પ્રમુખપદે કાર્યભાર સંભાળેલ છે અને આ સંસ્થાની સ્ટીયરીંગ કમીટીમાં છેલ્લા ૮ વર્ષથી કમીટીના ચેરમેનપદે નિયુક્ત થતાં આવ્યા છે.

તા. ૨૦-૬-૨૦૧૪ના યોજાયેલી સંસ્થાની ૮૭મી વાર્ષિક સામાન્ય સભામાં પણ સ્ટીયરીંગ કમીટીના સભ્યોની નિયુક્તી થતાં કમીટીના સભ્યશ્રીઓ દ્વારા આગામી ટર્મ (૨ વર્ષ) માટે સંસ્થાની સ્ટીયરીંગ કમીટીના ચેરમેન પદે શ્રી મહેન્દ્રભાઈ એસ. શાહની પુનઃ નિયુક્તી કરવામાં આવી છે.

શ્રી મહેન્દ્રભાઈ શાહ ભાવનગર ખાતે કચ્છ સમાજના સ્થાપક પ્રમુખ છે અને સતત છેલ્લા ૨૮ વર્ષથી પ્રમુખ તરીકેની જવાબદારી વહન કરી રહ્યા છે તેમજ અન્ય સામાજીક સંસ્થાઓ જેવી કે સર તખ્તસિંહજી ધર્મશાળામાં ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે, બહેરા મુંગા સ્કૂલની મેનેજીંગ કમીટીમાં સભ્ય છે.

આ ઉપરાંત સરકારી-અર્ધ સરકારી કચેરીઓની વિવિધ સમિતિઓ જેવી કે ઈલેક્ટ્રીકસીટી સપ્લાય કોડ રીવ્યુ પેનલ, પોસ્ટ ખાતાની પરિવર્તન સમિતિ, ભાવનગર રેલ્વે સ્ટેશન કન્સલ્ટેટીવ કમિટી, આઈ.ટી.આઈ.ની આઈ.એમ.સી. કમિટી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની કાર્યવાહક સમિતિ, સ્વીફ્ટ સમિતિ, મીઠા ઉદ્યોગ સમિતિ, કામદાર રાજ્ય વિમા યોજનાના દવાખાનાની સલાહકાર સમિતિ તેમજ જિલ્લા રોજગાર સલાહકાર સમિતિ વગેરે સમિતિઓમાં તેઓ સતત હાજર રહી ઉદ્યોગના પ્રશ્નોના નિરાકરણ માટે સતત પ્રયત્નશીલ રહે છે. તેમજ ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રીઝનું પ્રતિનિધિત્વ ધરાવે છે.

# ગાંધીનગર ગાથા

● વર્ષાબેન જે. મહેતા ●

## શ્રી કચ્છી કડવા પાટીદાર શહેર સમાજ- ગાંધીનગરે ઉજવેલ શીતળા સાતમ તથા જન્માષ્ટમીના તહેવારો

શ્રી કચ્છ કડવા પાટીદાર શહેર સમાજ, ગાંધીનગર ઉપક્રમે તા. ૨૩-૮-૨૦૧૪ તથા તા. ૨૪-૮-૨૦૧૪ના રોજ બલરામ ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે શીતળા સાતમ તથા જન્માષ્ટમીના તહેવારનું હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી.

સાતમના તહેવાર નિમિત્તે બપોર બાદ તથા રાત્રે ગરબાનું તથા વોલીબોલની રમતનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં બાળકો, ભાઈઓ, બહેનો તથા યુવાનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે બપોર બાદ ગરબાનું આયોજન કરેલ હતું. સાંજે યજમાનના ઘરેથી વાજતે-ગાજતે ભગવાન માતા યશોદાની પધારમણી બલરામ ભવન, સેક્ટર-૧૨ ખાતે કરવામાં આવી હતી અને મટકી ફોડનું પણ આયોજન કરેલ હતું. રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રીકૃષ્ણ જન્મોત્સવનો આનંદભેર ઉજવણી કરવામાં આવેલ. યશોદા માતાના યજમાન શ્રી મનોજભાઈ લીંબાણી, શ્રી કિર્તીભાઈ લીંબાણી તથા શ્રી પ્રવિણભાઈ પોકાર સમાજને ઉપલબ્ધ થયેલ સમાજને જન્માષ્ટમીના રાત્રી ભોજનના દાતા તરીકે શ્રી દિનેશભાઈ ચોપડા ઉપલબ્ધ થયા હતા.

## ધાર્મિક કાર્યક્રમ

કચ્છમિત્ર મંડળ - ગાંધીનગરની મહિલા પાંખ દ્વારા શ્રાવણ મહિનાના છેલ્લા રવિવારે ભજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ સિવીલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં આવેલ સ્વજનગૃહ ખાતે યોજાયો હતો. જેમાં કચ્છમિત્રમંડળ ગાંધીનગર મહિલા પાંખની બહેનોએ ભજનની રમઝટ બોલાવી હતી. મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહી હતી. ભજન બાદ ગરબાનો કાર્યક્રમ પણ બધાએ મનભરીને માણ્યો હતો. છેલ્લે બધાયે સાથે મળી પ્રસાદ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રીમતી સરલાબેન ગોર, શ્રીમતી વર્ષા મહેતા, શ્રીમતી પ્રજ્ઞાબેન જોષીએ ભારે જહેમત ઉઠાવી હતી. કચ્છી બહેનોએ પણ પુરતો સહકાર આપ્યા હતો. શ્રીમતી અંજનાબેન ભટ્ટે ગણેશસ્તુતિથી કાર્યક્રમની શરૂઆત કરી હતી.

## કચ્છમિત્ર મંડળ - ગાંધીનગર

આપ સુવિદિત છો જ કે આપણું કચ્છમિત્ર મંડળ-ગાંધીનગર ૧૯૭૦થી કાર્યરત છે અને દર વર્ષે નિયમિત પણે બે કાર્યક્રમોની ઉજવણી કરે છે. જેમાં કચ્છી નૂતન વર્ષ 'અષાઢી બીજ' ની ઉજવણી તથા ડીસેમ્બરના ત્રીજા સપ્તાહમાં આપણા બાળકોનો સરસ્વતી સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમનો સમાવેશ થાય છે.

છેલ્લા ૪૪ વર્ષથી કાર્યરત એવા આ મંડળે સાત વખત સભ્યોની નિર્દેશીકા બહાર પાડેલ છે. જેને બહોળો પ્રતિસાદ સાંપડ્યો છે. છેલ્લા ત્રણ વર્ષમાં અંદાજે નવા ૧૫૦ કુટુંબો અત્રે રહેવા આવ્યા હોઈ. હવે પુનઃ નવી લઘુ નિર્દેશિકા છપાવવાની જરૂરીયાત ઊભી થઈ છે. આમ દરેક પરિવાર એક બીજાના સંપર્કમાં રહી શકે તે હેતુથી આ વર્ષે ફરી એક વખત લઘુ નિર્દેશિકા બહાર પાડવાનું મંડળે વિચારેલ છે. જે માટે ઘરના મુખ્ય વ્યક્તિનું નામ, પુરેપુરુ સરનામું, કચેરી તથા ટેલિફોન નંબર - મોબાઈલ નંબર નીચે દર્શાવેલ વ્યક્તિઓને ફોન પર અથવા રૂબર તા. ૩૦-૯-૨૦૧૪ સુધીમાં મોકલ આપવા વિનંતી છે.

| નામ | સરનામું | સંપર્ક સૂત્ર |
|---|---|---|
| શ્રી માવજીભાઈ રંગાણી | ૧૩-સી, રેસી. ઝોન જીઆઈડીસી, સેક્ટર-૨૬ | ૯૮૨૫૦૨૯૩૪૦ |
| શ્રી ધીમંતભાઈ ભટ્ટ | ૧૫૪-૨, 'પ્રવેશ' સી-૧ સેક્ટર-૨૬ | ૯૩૨૮૯૨૭૩૮૦ |
| શ્રી દીપકભાઈ તન્ના | ૧૫૨, ડબલ ડેકર, સેક્ટર-૨૪ | ૯૪૨૮૩૫૫૭૫૧ |
| શ્રી યજ્ઞેશભાઈ ગોર | ઉર્જાનગર - ૨ | ૯૮૨૫૭૨૭૮૫૬ |
| શ્રી નિલેન્દુભાઈ વોરા | ૪૪૫-૨, સેક્ટર-૫-એ | ૯૪૨૭૮૦૧૪૦૩ |
| શ્રી જગદીશભાઈ ગોર | ૧૦૦-૩, ચ-ટાઈપ સેક્ટર-૧૬ | ૯૪૨૭૨૦૮૬૧૬ |
| શ્રી કિલ્લોલભાઈ દવે | પ્લોટ ૧૯૯-૧, સેક્ટર-૧-બી | ૨૩૨૨૪૩૩૯ |
| શ્રી કિશોરભાઈ છાભૈયા | પ્લોટ ૫૩૪-૨, સેક્ટર-૭-બી | ૯૪૨૮૪૧૫૩૨૩ |

| | | |
|---|---|---|
| શ્રી રમેશભાઈ રાઠોડ | બ્લોક ૫૯૨-૫, સેક્ટર-૨૧ | ૯૮૨૫૦૯૮૮૯૬ |
| શ્રી કમલેશભાઈ શેઠીયા | બ્લોક ૧૦૧-૧, સેક્ટર-૨૨ | ૯૮૯૮૪૫૩૯૭૫ |
| શ્રી હાર્દિકભાઈ પાઠક | ૧૧૬૧, શિવમ સોસાયટી, સેક્ટર-૨૭ | ૯૯૦૯૦૭૧૮૮૯ |
| શ્રી શાંતિલાલ ઘોઘારી | ૨૯૮-૪, ક્રિષ્ણા એપા. સેક્ટર-૨૮ | ૯૮૨૫૦૩૩૭૪૦ |
| શ્રી વિનોદભાઈ વનરા | પ્લોટ ૨૦૬-૧-બી, યોગીરાજ એપા. સેક્ટર-૨૯ | ૨૩૨૪૩૫૧૧ |
| શ્રી પ્રકાશભાઈ ગોર | પ્લોટ ૮૩૪-૨, સેક્ટર-૨-સી | ૯૯૦૯૯૮૦૯૦૨ |
| શ્રી જયેશકુમાર મજેઠીયા | મકાન નં. ૩, નાગરાજ સોસા, પેથાપુર | ૯૮૨૪૪૭૯૬૧૭ |
| શ્રી ધર્મેન્દ્રભાઈ પટેલ | લક્ષ્મી ટીમ્બર, પેથાપુર | ૨૩૨૧૭૨૫૬ |
| શ્રી નરેન્દ્રભાઈ ગઢવી | બ્લોક નં. ૧૩૬-૧, બી ટાઈપ, સેક્ટર-૨૩ | ૯૭૧૪૧૯૮૨૭૫ |
| શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા | બ્લોક નં. ૧૩૪-૭, સેક્ટર-૨૮ | ૯૯૭૯૭૨૧૭૯૯ |

વિશેષમાં જણાવવાનું કે આગામી ડિસેમ્બર માસમાં મંડળનો સરસ્વતી સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવાનો હોઈ, આપ આપના બાળકોની ધો. ૧ થી ડીગ્રી-એન્જી. સુધીની માર્કશીટની નકલ તા. ૩૦-૧૧-૨૦૧૪ સુધીમાં નજીકના પ્રતિનિધિને તથા આપના બાળકો સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા માંગતા હોય તો તેમનું નામ તથા રજુ થનાર કૃતિની વિગતો મોડામાં મોડી તા. ૩૦-૧૦-૨૦૧૪ સુધીમાં નીચે દર્શાવેલ બહેનોને મોકલવાની રહેશે. જેથી કાર્યક્રમના આયોજનમાં સરળતા રહે.

| **નામ** | **સરનામું** | **સંપર્ક સૂત્ર** |
|---|---|---|
| વર્ષાબેન જે. મહેતા | પ્લોટ નં. ૬૭૬, પીળો પટ્ટો, સેક્ટર-૨૪ | ૯૪૨૮૦૪૯૦૦૮ |
| પ્રજ્ઞાબેન આર. જોષી | ૪-૨, ગીતાંજલી એપા. સેક્ટર-૨૮ | ૨૩૨૧૦૧૭૫ |
| રમાબેન પી. પંચાલ | ૪૧-૨, સેક્ટર-૨-એ | ૨૩૨૨૮૭૫૧ |

## અગત્યની જાહેરાતો

● કચ્છી ટ્રેડ ફેર અંગે : આગામી સમયમાં ગાંધીનગર મધ્યે 'કચ્છી ટ્રેડ ફેર' નું આયોજન કરવા વિચારી રહ્યા છીએ જેમાં 'મીની કચ્છ' ઊભું કરવાની ઈચ્છા છે જે માટે આપના સુચનો અને સાથ સહકાર આવકાર્ય છે. કચ્છીટ્રેડ ફેર માટે આયોજન સમિતિનું ગઠન કરવાનું હોઈ. આપ જો સમય અને શક્તિનું યોગદાન આપવા તૈયાર હો તો મંડળના પ્રમુખ-મંત્રીશ્રીનો સંપર્ક કરવા વિનંતી છે. આયોજન સમિતિના ગઠન અંગેની પ્રથમ મિટીંગ ઓગષ્ટ માસના ત્રીજા સપ્તાહમાં રાખવાનું વિચારેલ હોઈ. આપ સત્વરે સંપર્ક કરશો.

**● સભ્યોની નિર્દેશિકામાં જાહેરાત અંગે :**

નિર્દેશિકામાં ગાંધીનગરમાં વસતા તમામ પરિવારોની માહિતી ઉપરાંત કચ્છી ભાઈઓ તરફથી તેમના ઉદ્યોગ-ધંધા-વેપારની જાહેરાતો પ્રિન્ટ કરવાનું નક્કી કરેલ છે. જેનો પ્રચાર-પ્રસાર દરેક કચ્છી પરિવારના ઘરોમાં થશે, જાહેરાત ફુલ પેજ, અડધા પેજ કે પા (૨૫%) પેજની સાઈઝમાં આપી શકાશે. છપાવવાની મેટર માટે મંડળના પ્રમુખ-મંત્રીશ્રી કે અન્ય સક્રિય કચ્છી મિત્રોનો સંપર્ક કરવા વિનંતી છે.

**જાહેરાતના ભાવ :**

આખુ પેજ - રૂ. ૪૦૦૦,

અડધુ પેજ - રૂ. ૨૦૦૦,

પા પેજ (૨૫%) - રૂ. ૧૦૦૦,

શુભેચ્છક (નામ, સરનામું ટે.નં.) રૂ. ૨૦૦

**● સેક્ટર પ્રતિનિધિઓ :** કચ્છી મિત્રો આપણા મંડળમાં સક્રિય થવા માગતા હોય અને કાર્યભાર માટે તૈયાર હોય તેઓ પોતાના સેક્ટરના પ્રતિનિધિ તરીકે નામ સત્વરે મોકલી આપે અથવા પ્રમુખ-મંત્રીશ્રીને જણાવશે તો તેમને આગામી મિટીંગમાં બોલાવી અને તેમની સેક્ટર પ્રતિનિધિ તરીકે નિમણુંક કરવામાં આવશે.

આવો, આપણે સહુ સાથે મળી મંડળને મજબુત કરીએ અને મંડળના ઉજવાતા રંગારંગ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લઈ અને ગાંધીનગરમાં 'મીની કચ્છ' ઉભું કરીએ. જય કચ્છ.. જય.. ગુજરાત... જય ભારત.

| | | |
|---|---|---|
| વર્ષાબેન મહેતા | નિલેન્દુભાઈ વોરા | CA માવજીભાઈ રંગાણી |
| સંગઠનમંત્રી | મંત્રી | પ્રમુખ |
| ૯૪૨૮૦૪૯૦૦૮ | ૯૪૨૭૮૦૧૪૦૩ | ૯૮૨૫૦૨૯૩૪૦ |

**નોંધ :** અમદાવાદ-કચ્છી સમાજ સાથે પણ કદમ મિલાવી એકબીજાના કાર્યક્રમોમાં સહકારથી કામ કરી, કચ્છ મિત્રમંડળ/ કચ્છી સમાજના હેતુઓને સિદ્ધ કરી રહ્યા છીએ.

# મહિલા વિશ્વ

• રેખાબેન શુક્લ-અમદાવાદ •

## વાનગી બનાવવાની અવનવી રીતો

### કચોરી

- ★ કચોરીમાં પૂરણ ભર્યા બાદ વચોવચ અંગૂઠાથી પંચ કરવાથી કચોરી ફૂલશે.
- ★ કચોરી બનાવતી વખતે લોટમાં થોડી સાકર ભેળવી દેવાથી કચોરી લાંબા સમય સુધી ક્રિસ્પી તથા ફૂલેલી રહેશે.
- ★ કચોરીનો લોટ બાંધતી વખતે તેમાં થોડી ખાંડ ભેળવવાથી પણ કચોરી લાંબા સમય સુધી ફુલેલી રહેશે.
- ★ મેંદાની કચોરી, ફરસીપૂરી, ક્રિસ્પી બનાવવા દહીં અને ગરમ ઘી વડે લોટ બાંધો.

### સમોસા

- ★ પંજાબી સમોસા બનાવતી વખતે બાફેલા બટેટાને બદલે બટેટાને ઝીણા કાપી તેલમાં વઘારીને નાખવાથી સમોસા સ્વાદિષ્ટ બનશે.
- ★ પંજાબી સમોસા તેલના બદલે વનસ્પતિ ઘીમાં તળવાથી સમોસાનું પડ કડક થશે.
- ★ સમોસાના મેંદામાં થોડો કોર્નફલોર ભેળવવાથી સમોસાનું પડ કડક બનશે.
- ★ સમોસાનો લોટ બાંધતી વખતે તેમાં ભાત ઉમેરીને લોટ મસળવાથી સમોસાનું પડ કડક બનશે.
- ★ સમોસા તળતા પહેલા એમાં સોયથી બે કાણા પાડવાથી સમોસા તળતી વખતે તે છૂટા નહી પડે.
- ★ કચોરી સમોસા બનાવતી વખતે દાળ અથવા બટાટા સાંતળીને ઠંડા થયા બાદ તેમાં કોથમીર મિક્સ કરવાથી અનેરી સુગંધ આપશે.

### ભજીયા - પકોડા

- ★ પકોડાને કરકરા, પોચા, નરમ, ફૂલેલા બનાવવા પકોડાને લોટમાં ચપટી સોલ્ટ ભેળવો.
- ★ પકોડા, ભજીયા બનાવતી વખતે ચણાના લોટમાં થોડો મકાઈનો લોટ ભેળવવાથી તળતી વખતે તેલ ઓછું વપરાશે ઉપરાંત પકોડા ભજીયા કરકરા ક્રિસ્પી પણ બનશે.
- ★ દૂધી તૂરિયાની છાલને ઝીણી સમારી તેમાં પ્રમાણસર બટાટા, કાંદા, ચણાનો લોટ તથા મનભાવતો મસાલો ઉમેરીને બનાવેલા ભજીયા પણ સ્વાદિષ્ટ બનશે.
- ★ ચણાનો લોટ ભરેલા કેપ્સીકમ મરચાના શાકમાં થોડું વહોવેલું દહીં નાંખવાથી શાકનો રંગ નીરખવાની સાથે શાક સ્વાદિષ્ટ પણ બનશે.
- ★ વધેલા ભાતમાં ચણાનો લોટ તથા ખટાશ માટે દહીં તથા મીઠું, આદુ, મરચા, લસણ, કોથમીર નાખી બનાવેલા ભજીયા પણ સ્વાદિષ્ટ બને છે.
- ★ ભજીયા બનાવતી વખતે ચણાના લોટમાં થોડા ટીપા લીંબુનો રસ નાખવાથી ભજીયા તેલ નહી પીએ અને ક્રિસ્પી પણ બનશે.
- ★ ભજીયાનું ખીરૂ પાતળું થઈ જાય તો તેમાં એક ચમચી ઘી ઉમેરવાથી તે પ્રમાણસર ઘટ્ટ બની જશે.
- ★ ભજીયા તળવાના હોય ત્યારે તેલ જરૂર પુરતું જ લેવું. ભજીયા વિગેરે તળાઈ ગયા બાદ વધેલું તેલ વારંવાર ઉપયોગમાં લેવાથી તે ઘાટુ થતુ જશે અને તેનાથી કોલેસ્ટ્રોલ પણ વધે છે.
- ★ તેલમાં પકોડા તળતી વખતે તેમાં એક ચમચી ઘી નાખવાથી તેલ ઓછું વપરાશે અને પકોડા કરકરા પણ બનશે.

### અન્ય જાણકારી

- ★ ફરસાણ તળતી વખતે તેલમાં થોડું મીઠું ભભરાવવાથી વાનગી તેલ ઓછું પીશે.
- ★ ચણાના લોટમાં થોડો મકાઈનો લોટ અને લસણ ઉમેરવાથી પકોડા કરકરા અને સ્વાદિષ્ટ બનશે.
- ★ મેંદુવડા બનાવવા અડદની દાળને લીસી વાટતી, દાળ વાટતી વખતે તેમાં થોડું થોડું પાણી ઉમેરતા જવું. પાણી વધી જશે તો મેંદુવડા બરાબર નહીં બને દાળ બરાબર વટાશે તો જ મેંદુવડા સારા બનશે.

★ પરોઠા - પેટીસ જેવી વાનગી તવા પર શેક્યા બાદ તવા પર લીંબુની છાલ ઘસવાથી તેના પરની ચિકાશ દૂર થશે.

★ ઢોકળાના આથણામાં વાટેલા આદુ-મરચા સાથે થોડું લસણ નાખવાથી ઢોકળા સ્વાદિષ્ટ બનશે.

★ કોઈ વસ્તુને તેલ અથવા ઘીમાં તળતા પહેલા એમાં થોડો સરકો નાખવાથી તળેલી વસ્તુ વધુ તેલ નહીં પીએ.

★ કોઈપણ વસ્તુ તળતી વખતે તેમાં ઉભરો આવે તો તેમાં આંબલી નાખો.

★ વાનગી તળતી વખતે તેલમાં ચપટી મીઠું ભભરાવવાથી તેલ ઓછું બળશે.

★ દહીં વાળા બટાકા અથવા કઢી બનાવતી વખતે એ ઠંડી થયા પછી તેમાં કોથમીર નાખવાથી કોથમીરને સ્વાદ અને રંગ જળવાઈ રહેશે.

★ નુડલ્સ અને પુલાવ પીરસતી વખતે સમારેલી કોથમીર ભભરાવવાથી સ્વાદ અને સુગંધ વધી જશે.

★ ચેવડો બનાવવાનો હોય ત્યારે પહેલા કોથમીર ધોઈને સૂકવી લેવી અને ચેવડામાં તેનો પાવડર ભેળવવાથી ચેવડો વધુ સ્વાદિષ્ટ બનશે.

### પાણીપુરી

★ પાણીપુરીની પુરી બનાવતી વખતે ઝીણા રવામાં ખાવાનો સોડા નાખી લોટ બાંધવાથી પૂરી સરસ ફૂલેલી બનશે.

★ પાણીપુરીમાં પાણીમાં ફૂદીનો, કોથમીર, સંચળ, મરીનો પાવડર સ્વાદ અનુસાર મીઠું અને મરચું નાંખી ગોળ અને આંબલી નાખવાથી પાણીપુરીનું પાણી બનશે.

## પ્રતિભાવ

● આપના તરફથી 'કચ્છશ્રુતિ' માસિકનો અષાઢી બીજ વિશેષાંક પ્રાપ્ત થયેલ છે. વાંચીને આનંદ થયો. આપે મને યાદ કર્યો તે બદલ આપનો આભારી છું. અંકમાં પ્રગટ થયેલ બધા જ લેખો મહત્વના છે. તેમાંથી 'કચ્છીયત' પ્રગટ થાય છે. આવો સુંદર અંક પ્રગટ કરવા માટે આપને અને સંપાદક મંડળના સૌ સભ્યોને અભિનંદન ઘટે છે.

અત્રે મારે ભાઈશ્રી સંજય પી. ઠાકરના લેખ 'અષાઢી બીજ'નો ઉલ્લેખ કરવાનો છે. તેમણે લાખા ફુલાણીના સૂરજની સખાતેનો ઉલ્લેખ કર્યો છે. તે એક માન્યતા છે. આવી ઘણી માન્યતાઓ કચ્છમાં આજે પણ પ્રચલિત છે. ઈતિહાસના ગ્રંથોના પરિશીલનમાં મને જે જાણવા મળ્યું છે તે મુજબ :

એ કાળે સમગ્ર ઉત્તર ભારતમાં સૂર્યપૂજાનું મહત્વ હતું. ઠેર-ઠેર સૂર્યમંદિરો બંધાયા હતા કેટલાક અતિ સમૃધ્ધ પણ હતા. આવું એક સૂર્યમંદિર સિંધમાં મુલતવી પાસે હતું. સોને મઢિયા રત્ન જડિત આ મંદિરની જાહોજલાલી અને સમૃધ્ધી ઘણી હતી. આસપાસના પંથકમાં તેની ખ્યાતિ હતી એ વખતે અરબસ્તાનના આરબોએ સિંધ પર આક્રમણ કર્યું તેનો ઈરાદો આ સૂર્યમંદિર લૂંટવાનો હતો. સિંધના સમારાજાએ આરબો સામે લડવાની તૈયારી કરી. સિંધના સમારાજાઓ લાખા ફુલાણીના કુટુંબી થાય વળી એ વખતે પશ્ચિમ ભારતના સમ્રાટ તરીકે કનોજના પ્રતિહારી રાજાઓ હતા. તે પણ આ લડાઈમાં જોડાયા. તેઓ લાખા ફુલાણીની વીરતાથી પરિચિત હતા. તેમના નિમંત્રણ અને સિંઘના સમાઓ સાથેના સગપણને કારણે લાખો ફુલાણી તેની સેના સાથે સિંધ ગયેલો. એ લડાઈમાં આરબો હાર્યા અને સમુદ્ર માર્ગે પાછા જતા રહ્યા આ રાજાઓનો વિજય થયો અને સૂર્યમંદિર લુંટાતું બચી ગયું. લાખો સૂર્યમંદિરની મદદે ગયો હતો તે ઘટનાને 'સૂરજની સખાતે' તરીકે વર્ણવવામાં આવી છે. લાખો સિંધમાંથી દોઢ વર્ષે કચ્છ પાછો આવ્યો હતો અને ત્યારે મુલતાન પ્રદેશમાંથી બાજરીનું બિયારણ અને હાથિયો થોર કચ્છમાં પહેલી વખત લઈ આવેલો.

લેખના લેખક પ્રત્યે મારી સંપૂર્ણ સદ્‌ભાવના છે. ટીકા કરવાના હેતુથી આ લખ્યું નથી માત્ર વાસ્તવિકતા તરફ નિર્દેશ કરવાનો હેતુ છે.

આવા સુંદર અંકના પ્રકાશન માટે આપને અને સંપાદક મંડળના સૌ સભ્યોને પુનઃ અભિનંદન.. - **પ્રિતમલાલ કવિ.**

● કચ્છશ્રુતિના ઓગષ્ટ-૧૪ના અંકના પ્રતિભાવમાં જણાવવાનું કે કચ્છશ્રુતિના અંકનું સ્વાતંત્ર્ય દિનનું ચિત્ર ફુલનું સુંદર આકર્ષક છે. પંદરમી ઓગષ્ટ અંગેના લેખમાં ઈતિહાસિક માહિતી જાણવા જેવી છે. કચ્છશ્રુતિને શુભેચ્છા સાથે સાથે વૈવિધ્યસભર અંક માટે ધન્યવાદ **– મહાભાઈ વોરા-ભુજ**

# કલરવ

• દિનેશ માંકડ •

## ટોક વિથ ટાબરિયા

કેમ છો બધા, મજામાં ને ? મેઘરાજા આ વખતે થપ્પો થપ્પો રમીને મળવા આવ્યા, ક્યાંક ખૂબ વધારે, ને ક્યાંક સાવ ઓછા, પણ મેઘરાજાના દરેક ટીપામાં અનેક સંદેશ હોય તે ટીપે ટીપે સરોવર ભરાય. આ કહેવત આપણે ઘણીયે વાર સાંભળી ચૂક્યા છીએ. પણ કદીએ તેનો ભાવાર્થ સમજવાનો પ્રયત્ન કર્યો ખરો ? વરસાદ હંમેશ ટીપે ટીપે જ પડે. ક્યારેક મોટા ટીંપા, તો ક્યારેક નાના પણ ટીપાં જ હોય, વરસાદના નાના નાના અનેક ટીપા મળીને મોટા સરોવર ભરાઈ જાય. મોટા બંધ (ડેમ) ભરાય. નદીઓ છલકાય. આ બધું નાના નાના અનેક ટીપા મળીને જ થાય. દોસ્તો, ઘણીયે વાર આપણને મમ્મી પપ્પા કે કોઈ સ્નેહીજનો દ્વારા રોકડમાં ભેટ મળતી હોય છે. કોઈવાર શાળામાંથી સિદ્ધિ બદ ગોલ્ડ પુરસ્કાર મળે, તો કોઈક ઘરમાં પોકેટ મનીનો રિવાજ પણ છે. આપણને મળેલા રોકડ નાણાંમાંથી આપણે થોડી બચત ન કરી શકીએ. તમને થશે અમારે વળી બચતની શી જરૂર ? - ના, નાનપણની નાની ટેવ, આગળ જતાં ખૂબ કામ આવે. એટલે જ તો ટીપે ટીપે સરોવર ભરાયની કહેવત છે. સહેજે રોજનો એક રૂપિયો બચાવીએ, બે-ચાર વર્ષમાં તો ખાસ્સી મોટી રકમ થાય, તેનો સારો ઉપયોગ પણ થાય તમે તેનું ગૌરવ લઈ શકો કે આ મારી બચત છે. કલરવના ટાબરિયાં બચત કરતા જ હશે, ને ન કરતા હોય તો આજથી શરૂ ? શુભસ્ય શીઘ્રમ્...

## ગૌરવ ગાથા

દોસ્તો, કચ્છની ભૂમિમાં અનેક સંત, યોગી ભક્તો થઈ ગયા છે, ને એથી જ તો કચ્છના લોકો સ્વસ્વયનની સંઘર્ષોનો સામનો શ્રદ્ધાથી કરતા આવ્યા છે. આજે જ વાત કરવી  છે. યોગિની આનંદ લહીરીની. ઈસ. ૧૮૭૯માં અંજાર-કચ્છમાં પિતા લાલજી માધવજી માંકડને ઘેર જન્મેલ જયાલક્ષ્મીને બાળપણથી જ મંદિરમાં બેસી કિર્તન કરવું ખૂબ ગમતું અચાનક પોતાના ભાઈનું અવસાન થયું. બાળ જીજ્ઞાસાએ સૌને પૂછ્યું, ભાઈ ક્યાં ગયો ? સૌએ કહ્યું 'ભગવાનને ઘેર ગયો.' અને તેમને ઈશ્વર પ્રત્યે આસ્થા વધી. તેમના લગ્ન પણ ભગવાનમાં શ્રદ્ધા રાખનાર શ્રી હાથીરામ ભાઈ સાથે થયા. વડોદરાના શ્રી નૃસિંહાચાર્યને ગુરુ વર્ય ગણી તેમણે યોગવિદ્યા ખૂબ જ ઉચ્ચ પ્રકારે પ્રાપ્ત કરી. ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા એટલી કે સાધના કરવા ભુજથી દૂર એકાંતમાં મઢુલી બનાવી. રાત્રે જંગલી પ્રાણી આવે કે ભયંકર વરસાદ આવે. 'માજીબા' તો નીડર પણે જ ઈશ્વરાધીન હોય. યોગબળે જમીનથી અધ્ધર થઈ શકે, તેટલી ચિત્રાની પ્રબળતાથી તેઓ અનેકની સમસ્યાઓના ઉત્તર આપી ઈશ્વરમાં શ્રદ્ધા વધારતાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં સરોજીની નાયડુનો સાથ આપી. દેશ ભ્રમણ તો કર્યું જ અને ગીતાજીના ભાવનુવાદ જેવા પુસ્તક પણ આપ્યાં. એમાં ઈશ્વર પ્રત્યે આસ્થા વધારતી યોગિની આનંદ લહેરીની મઢુલી આજ પણ મોજુદ છે.

## નાની વાત - મોટો બોધ

નાનકડાં જંગલમાં કિટ્ટુ ભાઈ નામનો શિયાળ રહે. કિટ્ટુ બહુ જ ચાલાક. ભલભલાને છેતરવાની વાત જ વિચાર્યા કરે. એક વખત વરસાદ ઓછો પડ્યો. શ્યામા બકરીએ પોતાના ખેતરમાં ડાંગર વાવેલી. પાણીની ચિંતા તેને પણ થઈ. પાસે જ કિટ્ટુ શિયાળના ખેતરના કુવામાં પાણી હતું. શ્યામા બેન તો પહોંચ્યા. કિટ્ટુ પાસે બધી વાત કરી. શરૂઆતમાં તો કિટ્ટુએ ધરાર ના જ પાડી. શિલ્પા બકરીએ વારંવાર વિનંતી કરી એટલે કિટ્ટુના લુચ્ચા મગજમાં સળવળાટ થયો, ને બોલ્યો. ચાલ તને સો રૂપિયામાં એક માસ માટે કુવો ભાડે આપું. બસ, લાવ સો રૂપિયા ? ભોળી શિલ્પાએ ભેટ હરખાતા હરખાતાં સો રૂપિયા આપ્યા. બીજા દિવસે સવારે કિટ્ટુના કુવામાંથી પાણી લેવાની શરૂઆત કરી, ત્યાં તો કિટ્ટુ દોડતો આવ્યો, 'એમ શિલ્પાકેમ કુવામાંથી પાણી કાઢે છે ? શિલ્પા કહે, કેમ મેં તમને સો રૂપિયા આપ્યા છે તે ? લુચ્ચુ સ્મિત વેરતાં કિટ્ટુ બોલ્યો, સો રૂપિયામાં તો મેં કુવો ભાડે આપ્યો છે. પાણી નહીં ચાલતી થા. બિચારાં બકરીબેન તો ભારે નિરાશ થઈ ગયા. સો રૂપિયાયે ગયા, ને પાક બળશે તે મોટું નુકશાન. અચાનક એને જંગલના રાજા વનરાજ યાદ આવ્યા. તેણે રડતાં રડતાં બધી વાત સિંહ રાજાને કરી. કિટ્ટુ શિયાળની ચાલાકી પર ઘડીભર તો વનરાજ પણ વિચારતા થયા. પણ આખરે શિલ્પા બકરીને ન્યાય તો આપવો જ પડે. શિલ્પા અને વનરાજ કિટ્ટુ પાસે આવ્યા, કિટ્ટુએ હસી હસીને વનરાજનું સ્વાગત કર્યું, 'બોલો, આપ માટે ઘેર કેમ પધાર્યા ?'

વનરાજે સીધો સવાલ કર્યો, 'આ તારા ખેતરમાં કૂવો કેમ બનાવ્યો' કિટ્ટુ કહે, 'ખેતર મારું છે એટલે' વનરાજ કહે, 'ખેતરની ઉપરની જમીન તારી, આટલો ઊંડો કુવો કર્યો, તે જમીન તો જંગલની કહેવાય, અને તે મારી એટલે કે રાજાની રજા પણ નથી લીધી. ચાલ કૂવો તરત જ પૂરી નાખ. મારો હુકમ છે. કિટ્ટુ ભાઈ તો ગભરાયા. કૂવો જાય તો કાયમનું દુઃખ. તેણે વનરાજને કાલાવાલા શરૂ કર્યાનું માફ કરો, હવેથી રજા લઈશ, પણ કૂવો પુરવાનું ન કહો. વનરાજે કહ્યું, એક શરતે. આ શિલ્પા બકરી ને એક માસ પાણી લેવા તો દેવાનું જ. અને તેને માનસિક ત્રાસ આપ્યો છે. એટલે તારે તેને દરરોજ માગે તેટલું પાણી અંદરથી કાઢી આપવામાં પૂરે પૂરી મદદ કરવાની. કબૂલ છે ! પસ્તાવો, કિટ્ટુ કબુલ થયો. ને વિચારવા લાગ્યો. કોઈને બનાવવા જતા પોતે જ બની જવાય. એના કરતાં સીધો ચાલ્યો હોય તો વધારાની મહેનત તો ન કરવી પડત !

## Health is Wealth

આપણે એક મિનિટમાં આશરે ૧૬ થી ૧૮ વખત શ્વાસ લઈએ છીએ. શ્વાસમાં લેવાતો પ્રાણવાયુ એ આપણો જીવન આધાર એટલા માટે છે કે તે લોહીનું શુદ્ધીકરણ કરે છે. એટલે ઊંડા અને પૂરા શ્વાસ લેવા અને નાકથી જ લેવા તે ખૂબ જ આવશ્યક છે. આપણે શ્વાસ ઊંડો ભરીએ તેનો પ્રાણવાયુ ફેફસાના વાયુ કોષોમાં રહેલા લોહીને શુદ્ધ કરે. જાણીને નવાઈ લાગશે કે આવા વાયુકોષોની સંખ્યા કરોડોમાં છે. આપણે ટૂંકા કે અધૂરા શ્વાસ લઈએ તો કેટલાયે વાયુ કોષો નિષ્ક્રિય અને સુષુપ્ત અવસ્થામાં પડ્યા રહે છે. ઊંડા શ્વાસથી બધા કોષોમાં પ્રાણવાયુ જાય અને લોહી શુદ્ધિકરણ પુરી ક્ષમતાથી થાય. અને વધારાના નકામા ક્ષાર, ઝેરી તત્વો, જલદીથી શરીરની બહાર નીકળી જાય. દોસ્તો આપણે એક મિનિટમાં ૧૬ થી ૧૮ વખત શ્વાસ લઈએ અને માણસનું સરેરાશ આયુષ્ય સો વર્ષ ગણાય, પણ કાચબો એક મિનિટના ચાર થી પાંચ વખત શ્વાસ લે છે, તેનું સરેરાશ આયુષ્ય ચારસો વર્ષ મનાય છે. જેટલા ઊંડા શ્વાસ એટલા આપણે વધારે નીરોગી રહીએ. ઊંડા શ્વાસ લેવા અને છોડવાને ભસ્ત્રિકા પ્રાણાયામ કહેવાય. આજથી શરૂને ?

## શું તમે જાણો છો ?

આદી માનવ પશુતુલ્ય જીવન જીવતી તેને માણસ તરીકેની ઓળખ આપી. માણસ તરીકે યોગ્ય રીતે જીવતા ઋષિઓએ શીખવ્યું. એટલે ઋષિઓનો આપણા પર ઉપકાર કહેવાય. આપણને સમાજમાં યોગ્ય રીતે કુટુંબ, સભ્યતાથી જીવીએ છીએ, તે ઋષિને આભારી છે. આ માસ ઋષિઓનો માસ છે. ઋષિઓને આપણા પૂર્વજોને યાદ કરવાનો સમય છે. આપણી ઓળખ - ગોત્ર, આપણા પૂર્વજ ઋષિ પરથી થાય છે. મહર્ષિ વેદ વ્યાસે, વેદના ચાર ભાગ પાડ્યા : ઋગ્વેદ, સામવેદ, યર્જુવેદ, અથર્વવેદ. તેમાં માનવજીવનની ઉત્તમ રીતો બતાવી છે. આપણે જેને સપ્તર્ષિ કહીએ છીએ. એવા અત્રિ, જપદગ્નિ, વિશ્વામિત્ર, વશિષ્ટ, યાજ્ઞવલ્કય, ભારદ્વાજ, પરાશર, સ્મૃતિકાર મનુએ નિસ્વાર્થ પણે પરિભ્રમણ, તીર્થયાત્રા કરી, માનવ ને માનવ તરીકે જીવતા શીખવ્યો. આવડતો અનેક ઋષિઓથી ભારતભૂમિ બહુરત્ના વસુંધરા કહેવાય છે. આવા ઋષિઓના જીવનની વાતો શોધીને વાંચવી અને ઋષિકાર્યની જેમ આપણે પણ કોઈના જીવનમાં થોડા પણ ઉપયોગી થઈએ, એ જ સાચું શ્રાદ્ધ કહેવાય. વડીલોના કામ કરવા એનો ઉપકાર યાદ રાખવો, એ જ મોટી વાત છે, અને માતાસ તરીકેની આપણી સાચી ઓળખ છે. સાચી વાત છે ને ?

## મગજ કસો, નહી તો ખસો.

● $૧^૨$ = ૧, $૧૧^૨$ = ૧૨૧ થાય. બરાબર ? હવે, $૧૧૧^૨$ નો, $૧૧૧૧^૨$ અને તેમ કરતા કરતા $૧૧૧૧૧૧૧૧૧^૨$ (નવ એકડાનો વર્ગ) શોધો, દરેક ઉત્તરને ઊભા ત્રિકોણ જેમ ગોઠવો. કેવી મજા પડી ?

● બે વત્તા અડધી ઈંટનું વજન બે કિલોગ્રામ વત્તા અડધી ઈંટના વજન જેટલું થાય છે. તો એક આખી ઈંટનું વજન કેટલું ?

● શાળામાં મગન માસ્તરે સવાલ કર્યા - 'જેમને ઘેર ફ્રીજ હોય તેઓ હાથ ઊંચો કરે ? દસ બાળકો એ હાથ ઊંચો કર્યો. 'જેમને ઘરે ટેલીવીઝન હોય તે હાથ ઊંચા કરે' છ બાળકો એ હાથ ઊંચા કર્યા. જેમને ઘેર ટેલીવીઝન અને ફ્રીજ બંને હોય તે હાથ ઊંચો કરે. ચાર બાળકોએ હાથ ઊંચો કર્યો. તો ત્યાં હાથ ઊંચો કરનારા કુલ કેટલા બાળકો હશે ?

## હસ્યા તો ફસ્યા

● કરકસરિયા કાન્તિલાલને કાને ઓછું સંભળાતું હતું. ડોક્ટરે સલાહ આપી કે કાનમાં હિંયરીંગ મશીન બેસાડવું પડશે. કાન્તિલાલ તો ગુજરી બજારમાં ગયાને સાવ સસ્તું મેઈડ ઈન - યુએસએ. (ઉલ્લાસનગર એસોસિએશન) ની બનાવટનું લાવ્યા. કાને બેસાડી ફરી ડોક્ટર પાસે ગયા, સાહેબ ઈમ્પોર્ટેડ મશીન લાવ્યો, હવે બહુ સ્પષ્ટ સંભળાય છે. ડોક્ટર બોલ્યા, આટલા સમાચાર આપવા ધક્કો કેમ ખાધો ? ફોન કરવો હતો ને ? કાન્તિલાલે ઉત્તર વાળ્યો, 'હા, હા સવારે ચોકોબાર જ ખાધી, ડોક્ટરે ફરી પૂછ્યું મશીન લેવામાં ખીસ્સાને કેટલા રૂપિયાનો ધક્કો વાગ્યો ? કાન્તિલાલે કાંડા ઘડિયાળ જોઈને ઉત્તર આપ્યો, 'સાહેબ, અત્યારે એક વાગ્યો ?

# વતનના વાવડ

● સંકલીત ●

## વિવિધ પ્રદાન બદલ કચ્છની ૩૦ પ્રતિભાનું સ્વાતંત્ર્ય પર્વે સન્માન

દોઢ દાયકા પછી બુલેટ પ્રુફ બોક્સને પડતો મૂકી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ લાલ કિલ્લા પરથી સંબોધનમાં નવી કેડી કંડારીને પ્રજાભિમુખતાની મનોવૃત્તિની પ્રતિતી રાષ્ટ્રીય સ્તરે કરાવી છે. તો કચ્છ પ્રદેશમાં પણ ૬૮માં સ્વંતત્ર્ય દિન ઉજવણીએ નવી ભાત પાડી છે. સામાન્યતઃ આવા રાષ્ટ્રીય પર્વોની ઉજવણી વેળાએ ધ્વંજવંદન પરેડને સલામી જેવા આયોજનો વડે ઈતિશ્રી કરાવવાની પરંપરામાં દર્શનીય સેવા બદલ આ વખતે બહુમાન, પ્રશસ્તિનો દાખલો બેઠો છે. વિવિધ પ્રદાન બદલ ૩૦ પ્રતિભાઓને આ બંદરીય શહેરમાં પીરસાવાઈ હતી.

સુરેન્દ્રનગર જિલ્લામાં વસતી ગણતરીમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ ચાર્જ ઓફિસર તત્સમયના ચૂંટણી અધિકારી ઈન્દ્રજિતસિંહ વાળા, તાજેતરમાં નર્મદાલાઈનના ભંગાણને યુદ્ધના ધોરણે પુનઃ કાર્યરત કરનારા એ. એચ. રાઠવા (ભુજ), આર. એન. પટેલ (રાજકોટ), કે.આર. પટેલ (અંજાર), સી. બી. ઝાલા જેવા અધિકારીઓ, ટ્રાફિક અવેરનેસ કેમ્પો બદલ આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર જે. વી. શાહ, મુખ્યમંત્રી મેડલ પ્રાપ્ત હોમગાર્ડ સી.એમ. ગરોડા (ભુજ), અજરખ પ્રિન્ટીંગમાં નેચરલ ડાઈ બદલ આદમ અબ્દુલ જબાર ખત્રી (અંજાર), કચ્છી વેજીટેબલ ઈન્ડીગો કોટન સાડી માટે કંકુબેન અમૃતલાલ વણકર (કંકુમા) અજરખ હેન્ડ બ્લોક પ્રિન્ટ બદલ ઔરંગઝેબ અ.રઝાક ખત્રી (ધમડકા), સિલ્ક સાડી માટે સંત કબીર એવોર્ડ પ્રાપ્ત ડાહ્યાભાઈ આલાભાઈ (ભુજોડી), તેજસ્વી છાત્રો તરીકે દક્ષરાજસિંહ એસ. જાડેજા, ભુજ (વિજ્ઞાન પ્રવાહ), રૂચિ ચેતનભાઈ રૂપારેલ (સામાન્ય પ્રવાહ), પ્રિયલ ઠક્કર (ધો.૧૦), વક્તૃત્ત્વ સ્પર્ધામાં ઝળકેલા વિષ્ણુ બી. ગોર (માંડવી), જૈનમ સુનિલ દેઢિયા (ભુજ), યોગીતા ગઢવી (માંડવી), સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રથમ ત્રણ નંબરો શ્રેષ્ઠ પરેડ ગણવેશ પરિધાન, પ્રમાણિક સેવા બદલ સોહિલ ધડકુ (ભુજ), બલવીરદાન ગઢવી (મુંદરા), બેંગકોક ખાતે ઈન્ડો-થાઈ મિની ફુટબોલ ટેસ્ટ ફાઈનલ ટ્રોફિ વિનર રમેશ મીઠુ દાફડા (ગાંધીધામ) અને નવીન ભીખુભાઈ વરચંદ (ગાંધીધામ) ડાન્સ યોગા બદલ શિવમ જગદીશભાઈ પાંજરીવાલા (માંડવી), નેશનલ સ્કૂલ ગેમ્સમાં ભાગ લેવા બદલ અંકિતા કે. કેરાઈ (માંડવી), વિઝ્યુઅલ આર્ટસ મારફતે રાષ્ટ્રીય સ્તરે ઝળકેલા ટીમ મેનેજર પ્રો.ડો. રાજેશ બસિયા, ઈન્ડો-નેપાલ સોકર ફુટબોલ ગોલ્ડ કપમાં સુંદર પ્રદર્શન માટે અબ્દુલ ફકીર એફ માલી (ભુજ) જેવી પ્રતિભાઓનું જાહેર બહુમાન તંત્ર દ્વારા પહેલીવાર કરાતા આ બંદરીય શહેર નિમિત્ત બન્યું હતું.

## લંડનમાં કચ્છી મહિલાને પ્રતિષ્ઠિત એવોર્ડ

ઓટો મોબાઈલ ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે પ્રતિષ્ઠિત ગણાતા મોટર ટ્રેડર એવોર્ડ - ૨૦૧૪માં મૂળ કચ્છી મહિલા જય વરસાણીએ કર્મચારી તરીકે કરેલી શ્રેષ્ઠ કામગીરી થકી ઓટો મોબાઈલ સેક્ટરની ૭૦ કંપનીઓમાંથી તેમની કંપની સ્પાઈર ઓટોમોટીવને લંડન ખાતે આયોજીત સમારંભમાં બેસ્ટ ફાયનાન્સીયલ મેનેજમેન્ટ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. જય વરસાણી ૧૯૮૦થી ઓટો મોબાઈલ ક્ષેત્રની મુખ્ય કંપની સ્પાઈર ઓટોમેટીવ ગ્રુપ સાથે મુખ્ય હિસાબનીશ તરીકે જોડાયેલા છે. પુરૂષ પ્રધાન કાર્યક્ષેત્રમાં મૂળ કચ્છીની એવી મહિલાએ કારકિર્દીની શરૂઆત ડેટસન કંપનીના ડીલર પાસે સ્પેરપાર્ટ વિભાગમાં જુનિયર એકાઉન્ટ કલાર્ક તરીકે કરી હતી. સ્પાઈર ઓટોમેટીવ ગ્રુપના એકાઉન્ટ વિભાગમાં કંપનીની ૯ બ્રાન્ચનું બેસ્ટ ફાઈનાન્સીયલ મેનેજમેન્ટ કરી, કંપનીની પ્રગતિમાં સિંહ ફાળો ભજવ્યો છે. બહારની એજન્સીની મદદ વિના જ કંપનીના એકાઉન્ટીંગ સ્ટાફની નિમણુંક કરવાની સાથે આત્મિય વાતાવરણ દ્વારા સ્ટાફને તાલીમબદ્ધ કરી કંપનીના વિકાસમાં ચાવીરૂપ ભૂમિકા ભજવી રહ્યા છે. એમના હાથ નીચે કામ કરી ચૂકેલો સ્ટાફ કબૂલ કરે છે, કંપનીની પ્રગતિના

સમગ્ર જશ જયના ફાળે છે. એકાઉન્ટ વિભાગમાં ફરજ બજાવતાં હોવા છતાં કંપનીના કામદારો તેમને મેનેજર ગણે છે અને જયની આગવી સૂજ અને સમજ દ્વારા કંપની પ્રગતિ કરી રહી હોવાનું કંપનીના નાણાંકીય ડાયરેક્ટરોએ પણ એવોર્ડ સમારંભમાં જણાવ્યું હતું. ૨૦૦૬માં ૧૩૦ કર્મચારી સાથે ૩૩,૮૪૩,૭૪૯ પાઉન્ડનું ટર્ન ઓવર ધરાવે છે. મોટર ટ્રેડર્સ એવોર્ડ - ૨૦૧૪માં એવોર્ડ મેળવનાર એકમાત્ર મહિલા એવા જય વરસાણીએ ખુશી જાહેર કરતાં જણાવ્યું હતું કે તેઓને અત્યંત ખુશી છે કે આટલું સમ્માન મળ્યું છે, આ ઉપરાંત કહ્યું હતું કે, ફરજ દરમિયાન લોકો સાથેનો અનુભવ તેમના માટે અદ્ભુત રહ્યો છે અને આ સમયને જીવનનો સૌથી યાદગાર સમય ગણાવ્યો હતો ૩૫ વર્ષના મોટર ઈન્ડસ્ટ્રીઝ સાથેના કાર્યકાળને યાદ કરી પોતાની જાતને ખુશનસીબ ગણાવ્યા હતા.

## લગાનવાળું કુનરિયા હવે 'મોંહે જો દરો' બનશે

લગાન ફિલ્મના શુટિંગ માટે ધમધમી ઊઠેલું અને ઠેઠ ઓસ્કારની ભૂમિ પર પોતાનું કામણ પાથરી ચૂકેલું કચ્છનું કુનરિયા ગામ હવે મોંહે જો દરો બની ફરી એકવાર દેશ-વિદેશમાં ચમકવા સજ્જ થઈ રહ્યું છે.

લગાન ફિલ્મનું દિગ્દર્શન કરનારા આશુતોષ ગોવારીકરે પોતાની આગામી મહત્વાકાંક્ષી ફિલ્મ મોંહે જો દરો માટે કચ્છના કુનરિયા ગામ પર પસંદગી ઉતારી છે અને માહિતગાર સૂત્રોના કહેવા મુજબ પ્રાચીન સભ્યતાના પ્રતિક એવા નગર માટેનો મંચ ઊભો કરવાની તડામાર તૈયારી પણ આરંભાઈ છે. આગામી મહિનામાં તેનું શૂટિંગ દરમ્યાન ત્રણ મહિના જેટલા સમયગાળા માટે કચ્છમાં રોકાય તેવી પણ શક્યતા છે. ઉલ્લેખનીય છે કે ગત જૂન મહિનામાં પોતાની ફિલ્મના લોકેશનની રેકી કરવા આશુતોષ ગોવારીકર કચ્છ આવ્યા હતા. બાદમાં તેમણે કુનરિયા ગામની ભૂમિ જ ફિલ્મ માટે શ્રેષ્ઠ લાગતા પસંદગી કરી છે.

## કચ્છના સાંસદને કલેકટર કચેરીમાં પહેલી વખત મળશે ઓફિસ

કચ્છમાં સંસદ સભ્ય તરીકે ચૂંટાયેલા વિનોદ ચાવડાને કલેકટર કચેરીમાં પ્રથમ વખત કચેરી ફાળવવાનો નિર્ણય લેવાતાં અરજદારોને પોતાના પ્રશ્નો રજૂ કરવામાં સરળતા રહે એ માટે આ પ્રકારની વ્યવસ્થા પહેલી વખત કરવામાં આવી છે. કલેકટર કચેરીમાં પ્રજાકીય પ્રતિનિધિની ઓફિસ હોય એ આમ તો નવતર છે, પરંતુ દરેક જિલ્લાના સાંસદની કલેકટર કચેરીમાં બેઠક વ્યવસ્થા ગોઠવવાનો પરિપત્ર હોવાથી તેના ભાગરૂપે આયોજન ભવનના નીચેના ભાગમાં તૈયાર કરવામાં આવેલી કચેરીને તાજેતરમાં રાજ્યના મંત્રીઓ શંકરભાઈ ચૌધરી અને તારાચંદભાઈ છેડાના હસ્તે ઉદ્‌ઘાટન થયું. સાંસદશ્રી ચાવડાના જણાવ્યા પ્રમાણે ગ્રામીણ વિસ્તારમાંથી કલેક્ટર કચેરીમાં પોતાના પ્રશ્નોને લઈને આવતા અરજદારોને એ જ સ્થળે સંસદ સભ્ય પણ મળી શકે તેવા અભિગમના ભાગરૂપે ફાળવવામાં આવેલી ઓફિસ સાથે કલાર્ક સહિતનો સ્ટાફ પણ મળશે.

## આંતરરાષ્ટ્રીય આપઘાત અટકાવ સંઘની કચ્છના તબીબના હિન્દી બેનરને સ્વીકૃતિ

આંતરરાષ્ટ્રીય આપઘાત અટકાવ દિવસની ઉજવણી દરમ્યાન તમામ સરકારી અને બિનસરકારી કાર્યક્રમોમાં ઉપયોગ કરી શકાય એ માટે વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુ એચ.ઓ.) એ અહીંના તબીબ ડૉ. દેવજ્યોતિ શર્મા દ્વારા તૈયાર કરાયેલા હિન્દી બેનરને અધિકૃત કર્યું છે. આ બેનરને આંતરરાષ્ટ્રીય આપઘાત અટકાવ સંઘ, અમેરિકાએ પોતાની વેબસાઈટમાં મૂક્યું છે અને ડૉ. શર્માને પ્રશંસા પ્રમાણપત્ર આપ્યું છે.

હિન્દી ભાષાના માધ્યમથી ભારતીય લોકો વચ્ચે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશથી પોતાની વેબસાઈટમાં હિન્દીનું બેનર મૂક્યું છે. ડૉ. શર્માના જણાવ્યા અનુસાર ભારતમાં ૨૦૧૩માં ૧૩૪૭૯૯ આપઘાત નોંધાયા હતા. જે પૈકી સૌથી વધુ ૩૪.૪ ટકા યુવાઓ હતા. પશ્ચિમ કચ્છમાં પણ ૨૦૧૪માં માર્ચ મહિનામાં પરીક્ષામાં ઓછા માર્કસના તનાવને પગલે ત્રણ વિદ્યાર્થીઓએ આપઘાત કર્યો જે સમાજ માટે ચિંતાજનક છે. ૧૦મીએ આંતરરાષ્ટ્રીય આપઘાત નિષેધ દિને કચ્છમાં વધુ રેલીઓ સહિતના કાર્યક્રમો યોજાશે. એ માટે તથા હિન્દી-કચ્છી બેનરો માટે ઓમ ફાઉન્ડેશનની ડિપ્રેશન હટાવો, આપઘાત રોકો હેલ્પલાઈન નં. ૯૯૨૫૨૬૭૦૪૪ પર સંપર્ક કરવો.

# શબ્દશોધ-૨૯

● પ્રદીપ જોશી-આદિપુર ●

## ઊભી ચાવી

૧. મારું (૨)
૨. માલ, મિલકત (૨)
૩. મુસ્લિમ શહેનશાહ બાદશાહ નવાબ વગેરેની રાણી (૩)
૪. પરવાનગી (૨)
૫. પ્રાણ, ચેતન પ્રાણીઓમાં રહેલું ચેતન તત્વ (૨)
૬. શંકર ભગવાન (૩)
૮. સોગંદ, સમ (૩)
૯. લોખંડ સીધું કરવાનું એક ઓજાર (૩)
૧૦. છાયા, ધોળકીયા, ઝાલા, બુચ વગેરે અટકો કઈ જ્ઞાતિમાં આવે છે ? (૩)
૧૨. જેનું દૂધ પચવામાં હલકું છે તેવું એક ચોપગું પ્રાણી (૩)
૧૪. ખર, ગધેડીનો નર (૩)
૧૬. ઘરબાર વિનાનું (૩)
૧૭. લાજ, લજ્જા (૩)
૧૮. ઊભી ચાવી- ૪ મુકો (૨)
૧૯. પર્ણ, પાંદડું (૨)
૨૦. ઠંડુ (૩)
૨૨. રાજા દશરથના વેવાઈ (૩)
૨૩. સીતાના હરણમાં નિમિત બનેલા રાવણનો એક રાક્ષસ (૩)
૨૫. હાથી (૨)
૨૬. અવગતિયું મનાતું મૃતાત્માનું જીવતત્વ, પ્રેત (૨)

## આડી ચાવી

૧. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી (૭)
૬. મારાપણાનો ભાવ, લાગણી (૩)
૭. આવકની સામે શું હોય ? (૩)
૯. હિમાલયના જન્મોત્તરી શિખરોમાંથી નીકળતી એક પવિત્ર નદી (૩)
૧૧. એક જાતનું આછું ઝીણું સુકોમળ કાપડ (૪)
૧૩. સમજ, જ્ઞાન, સૂઝ (૪)
૧૫. દેવોના ભંડારી (૩)
૧૭. તન, કાયા (૩)
૧૯. પાડોશમાં રહેનારું (૩)
૨૧. સામા માણસ પર પ્રતિભા પાડનારું (૫)
૨૪. એક કઠોળ (૨)
૨૬. કસર, ચૂક, ક્ષતિ (૨)
૨૭. બખ્તર, સંનાહ (૩)

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ૨ | | ૩ | | ૪ | ૫ | ■ |
| ૬ | | | ■ | | ■ | ૭ | | ૮ |
| | ■ | ■ | ૯ | | ૧૦ | ■ | ■ | |
| ૧૧ | ૧૨ | | | ■ | ૧૩ | | ૧૪ | |
| ■ | | ■ | ૧૫ | ૧૬ | | ■ | | ■ |
| ૧૭ | | ૧૮ | ■ | | ■ | ૧૯ | | ૨૦ |
| | ■ | ૨૧ | ૨૨ | | ૨૩ | | ■ | |
| ૨૪ | ૨૫ | ■ | | ■ | | ■ | ૨૬ | |
| ■ | | ■ | ૨૭ | | | ■ | | ■ |

### શબ્દશોધ-૨૮ ના જવાબો

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ■ | ૨ ગાં | ધી | ૩ ન | ગ | ૪ ર | ■ | ૫ રા |
| ૬ ત | ૭ કા | જો | ■ | ય | ■ | ૮ મ | ૯ ગ | જ |
| ૧૦ લ | ય | ■ | ૧૧ કા | ન | ૧૨ ન | ■ | ૧૩ તા | કો |
| ૧૪ જ | ર | ■ | ર | ■ | વા | ■ | ૧૫ ગો | ટ |
| ■ | ૧૬ તા | ૧૭ જ | ણ | ■ | ૧૮ ર | ૧૯ સા | ળ | ■ |
| ૨૦ તા | ■ | ગ | ■ | ૨૧ સ | ■ | વ | ■ | ૨૨ વ |
| ૨૩ જ | ૨૪ વા | હ | ૨૫ ર | લા | ૨૬ લ | ન | ૨૭ હે | રુ |
| ■ | મા | ■ | ૨૮ સ | મ | જ | ■ | મં | ■ |
| ■ | ૨૯ ક્ષી | ર | ■ | ત | ■ | ૩૦ સા | ત | ■ |

**ગયા અંકના સાચા જવાબો મોકલનાર :**

● અલકા ઓઝા-અમદાવાદ ● હેમાલી ડી. અંતાણી - ભુજ

# લવાજમ ફોર્મ

કચ્છશ્રુતિ

આપના માસિક પ્રકાશન 'કચ્છશ્રુતિ' માટે અમારું / મારું લવાજમ નીચે પ્રમાણે ટીક કર્યા મુજબના સમય માટે સ્વીકારશો.

| વર્ષ | રૂા. | |
|---|---|---|
| ૨ વર્ષ | ૫૦૦ | ☐ |
| ૫ વર્ષ | ૧૦૦૦ | ☐ |
| આજીવન | ૧૫૦૦ | ☐ |

બહારગામના ચેકોમાં રૂા. ૫૦ અલગ ઉમેરશો.

આ ફોર્મ સાથે બિઝનેશ કાર્ડ મોકલવા વિનંતી.

નામ : ______ મો. ______

કંપની : ______

સરનામું : ______

શહેર : ______ રાજ્ય : ______ પીનકોડ : ______

ટેલીફોન : ______ ફેક્સ : (એસટીડી કોડ) ______

ઈ-મેલ : ______

હું ચેક/ડીડી નં. ______ તા. ______ રૂા. ______ અંકે ______

નો બેન્ક ______ બ્રાન્ચનો ______

'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો આ ફોર્મ સાથે મોકલું છું.

(૧) એડવર્ટાઈઝમેન્ટ આપવામાં રસ છે. પ્રાસંગિક ______ વ્યવસાયિક ______

અમદાવાદ

તારીખ : ............................ સહી : ............................

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.**
ફોન : (કચ્છી સમાજ) ૦૭૯-૨૬૫૭૬૧૮૪ Email : kutchshruti@yahoo.com





"જય જલારામ"

પુનિત પ્રબોધચંદ્ર ઠક્કર
૯૮૯૮૬૪૮૯૮૭
૯૪૨૬૦૬૦૨૭૭

મણીનગરના પ્રખ્યાત

કર્ણાવતી™ દાબેલી સેન્ટર

અમારી બીજી કોઈ શાખા નથી. નકલથી સાવધાન



"મહેમાનનું માન
સેન્હીઓનું સન્માન
કર્ણાવતીની દાબેલીથી જ શોભે"

૧, રાધા મંદિર કોમ્પલેક્ષ, હીરાભાઈ ટાવર સામે, ઉત્તમનગર,
મણિનગર, કર્ણાવતી-૩૮૦ ૦૦૮. ફોન. (ઓ) ૨૫૪૭૦૦૮૯

રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય અનુભવ સાથે
પ્રસ્તુત કરીએ ભરોસાપાત્ર અને ઉત્તમપ્રવાસ
કન્સલ્ટન્સી

- Domestic and international flight tickets
- Domestic and international individual and or group packages
- Rental car services anywhere in the world
- Foreign exchange
- Visa consultancy
- Education abroad

RTC
Rest at Best Rate

Relyxcel Travel Consultant
Rest At Best Rate
Contact:
Pooja Thakkar
21 Shiv Complex, Isanpur Bus Stop
Uttam Nagar Maninagar
Ph. 079-32214002 M. 7818884440

REGD. NO. GAMC/1028/2012-14 VALID UPTO 31-12-2014, R.N.I. 46515/87, DATE : 16-3-88
POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

*Let's Do the Best Furniture With.....*

**-: AUTHORISED DISTRIBUTOR & DEALER :-**

M. R. GRADE
BWP GRADE
JEWEL PLY

ASSAM Status

Durian
DECORATIVE LAMINATES

SUNDEK INTERNATIONAL
DECORATIVE LAMINATES

iPL INTERNATIONAL PREMIUM LAMINATES
Playground for Creativity

Warrior
Plywood - Block Board - Flush Door

Cedar lam
GORGEOUS LAMINATES

POSITIVE
PLY & BOARD

**-: Also Available :-**

- Teak Wood
- MDF
- Liner Laminate
- Flush Door
- Veneer
- Door Skin

Amit Surani (Patel)
98244 79923

RAVI ENTERPRISE

Brijesh Patel
96240 30203

# RAVI ENTERPRISE

Sahakari Lati Bazar, Zone-2, B/h. Gita Mandir, Nr. S.T.Stand, Ahmedabad-22. Gujarat, INDIA.
**Telefax : (O) + 91-79-25399423**
**E-mail : ravienterprise_004@yahoo.co.in**

Printed & Published by Shri Kailasdan K. Gadhvi, President, Shri Kutchhi Samaj – Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. Printed at Madhavi Offset, Khokhara, Ahmedabad. Published at Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trader Centre, Opp. Kocharab Ashram, Ellisbridge, Paldi, Ahmedabad-380 006
Editor : Shri Bharat Oza. Price : Rs. 3.00 Lifetime Subscription : Rs.1500/-